RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૩ કારતક સુદ - ૪ શુક્રવાર, તા.૧૩-૧૧-૨૦૨૬ અંક : ૧૧૮ વર્ષ : ૨૨ email :rajkot@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

દિલ્હીના રામલીલા મેદાનમાં વધુ એક મોટા આંદોલનનું એલાન

OBC સંગઠન જાતિ આધારિત વસતી ગણતરી પર ભડક્યાં, તમામ જાતિઓ માટે વિશિષ્ટ કોડ અને ડ્રોપડાઉન મેનૂની માંગ

નવી દિલ્હી,

દેશભરના અન્ય પછાત વર્ગ સંગઠનો અને સામાજિક જૂથોએ જાતિ આધારિત વસ્તી ગણતરીના મુદ્દે કેન્દ્ર સરકાર સામે મોરચો માંડવાની જાહેરાત કરી છે. 'ઓલ ઈન્ડિયા કાસ્ટ સેન્સસ કોઓર્ડિનેશન કમિટી' દ્વારા આગામી ૨૮ નવેમ્બરના રોજ દિલ્હીના રામલીલા મેદાનમાં રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શન બોલાવવામાં આવ્યું છે. આ અગાઉ ૧ નવેમ્બરના રોજ પણ કોંગ્રેસના નેતૃત્વમાં 'ઈન્ડિયા' ગઠબંધને મુખ્ય ચૂંટણી કમિશનરને હટાવવાની માંગ સાથે આ જ મેદાન પર મોટું પ્રદર્શન કર્યું હતું.



ગુરુવારે વિવિધ ભ્મ્ઝ સંગઠનો અને નાગરિક સમાજના પ્રતિનિધિઓએ કેન્દ્ર સરકાર સમક્ષ માંગ કરી હતી કે ૨૦૨૭ની વસ્તી ગણતરીના તબક્કામાં ડ્રોપડાઉન મેનૂ સામેલ કરવામાં આવે. સંગઠનોના મતે, અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST), OBC અને સામાન્ય વર્ગ સહિતની તમામ જાતિઓને અલગ-અલગ વિશિષ્ટ કોડ આપવા જોઈએ. આ વ્યવસ્થાથી જાતિઓની ઓળખ અને ગણતરીમાં સ્પષ્ટતા આવશે અને સામાજિક ન્યાય માટે સચોટ આંકડા ઉપલબ્ધ થશે.

પ્રદર્શનકારીઓની મુખ્ય માંગણીઓ

૨૦૨૭ની વસ્તી ગણતરીમાં તમામ જાતિઓ માટે ડ્રોપડાઉન મેનૂની વ્યવસ્થા કરવી.,SC, ST, OBC અને સામાન્ય વર્ગની તમામ જાતિઓને અલગ વિશિષ્ટ કોડ આપવા, OBC સમુદાય માટે અલગ ડ્રોપડાઉન વિકલ્પ અને માનકીકૃત જાતિ નિર્દેશિકા તૈયાર કરવી., અનામત પર લાગેલી ૫૦ ટકાની મર્યાદા હટાવવામાં આવે.

૨૦૨૭ની વસ્તી ગણતરીની પ્રશ્નાવલીમાં કેન્દ્ર સરકારે SC અને ST સિવાયના બાકીના તમામ વર્ગો માટે જાતિની માહિતી ભરવા માટે 'ખુલ્લું કોલમ' (Open Column) રાખવાનો નિર્ણય લીધો છે. સંગઠનોએ ૨૦૧૧ની સામાજિક-આર્થિક અને જાતિ વસ્તી ગણતરી (SECC) નો દાખલો આપતા જણાવ્યું કે, તે સમયે ખુલ્લા કોલમના કારણે જાતિઓના ૪૬ લાખથી વધુ નામો સામે આવ્યા હતા અને આંકડાકીય ગરબડના કારણે તેનો રિપોર્ટ રદ કરવો પડ્યો હતો. તેથી ભૂલો અને પુનરાવર્તન ટાળવા ડ્રોપડાઉન વિકલ્પ અનિવાર્ય છે.

CM ચૌધરી, પ્રશાંત કિશોર, રોહિણી-લાલુ એક મંચ પર દેખાતા બિહારનું રાજકારણ ગરમાયું

પટના,

બિહારના રાજકારણમાં હંમેશા એકબીજા પર આકરા પ્રહારો કરતા નેતાઓ પટનામાં એક જ મંચ પર ઉષ્માભર્યા અંદાજમાં જોવા મળતા રાજકારણમાં નવી ચર્ચાઓ તેજ બની છે. પૂર્વ રાજ્યસભા સાંસદ અને ભાજપના વરિષ્ઠ નેતા સ્વ. આર.કે. સિન્હાના નિવાસસ્થાને આયોજિત શ્રદ્ધાંજલિ સભામાં મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી અને જન સુરાજના સૂત્રધાર પ્રશાંત કિશોર આમને-સામને આવ્યા હતા. બંને નેતાઓએ હાથ મિલાવીને હસતા મોઢે વાતચીત કરી હતી, જેની તસવીર હાલ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે.

આ મુલાકાતની સૌથી રસપ્રદ બાબત એ રહી કે RJD સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવની પુત્રી રોહિણી આચાર્ય પણ સમ્રાટ ચૌધરી અને પ્રશાંત કિશોરની બરાબર બાજુમાં બેઠેલા જોવા મળ્યા હતા. રાજકીય મંચો પર રોહિણી આચાર્ય પણ આ બંને નેતાઓ પર સતત નિશાન સાધતા રહ્યા છે. ત્યારે ત્રણેય ધુર વિરોધી નેતાઓની એકસાથે બેઠેલી તસવીરે નવા સમીકરણોની ચર્ચા જગાવી છે. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી વિજય કુમાર ચૌધરી અને ભાજપ નેતા ઋતુરાજ સિન્હા પણ ઉપસ્થિત રહ્યા હતા.પ્રશાંત કિશોર અવારનવાર બિહાર સરકાર અને CM સમ્રાટ ચૌધરીની નીતિઓ પર સવાલો ઉઠાવતા રહે છે, જ્યારે RJD જન સુરાજને 'ભાજપની B-ટીમ' ગણાવે છે.

લદાખમાં સોનમ વાંગચુક સામે તંત્રની કાર્યવાહી, ૬૦ દિવસ માટે જાહેર ગતિવિધિઓ પર પ્રતિબંધ

વિરોધ સ્થળેથી પોલીસે વાંગચુકને હટાવ્યા, ચૂંટણી પ્રક્રિયામાં વિક્ષેપની આશંકા વ્યક્ત કરી

નવીદિલ્હી,

કેન્દ્રશાસિત પ્રદેશ લદાખના પ્રશાસને જાણીતા પર્યાવરણ અને સામાજિક કાર્યકર સોનમ વાંગચુક સામે મોટી કાર્યવાહી કરી છે. તંત્રએ વાંગચુકની અવરજવર અને જાહેર ગતિવિધિઓ પર આગામી ૬૦ દિવસ માટે પ્રતિબંધ મૂકી દીધો છે. બુધવારે રાત્રે લદાખ પોલીસે સાવચેતીના ભાગરૂપે કાર્યવાહી કરીને વાંગચુકને લેહના દ્વહજી મેમોરિયલ પાર્ક સ્થિત વિરોધ સ્થળેથી હટાવી દીધા હતા. ત્યારબાદ લેહના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા 'ભારતીય



નાગરિક સુરક્ષા સંહિતા' (BNSS), ૨૦૨૩ ની કલમ ૧૬૩ હેઠળ આ પ્રતિબંધાત્મક આદેશ જારી કરવામાં આવ્યો છે.

આ આદેશ મુજબ,સોનમ વાંગચુક કોઈપણ અનધિકૃત રેલી, સરઘસ કે જાહેર સભાનું આયોજન કરી શકશે નહીં કે તેમાં ભાગ લઈ શકશે નહીં. લેહના વરિષ્ઠ પોલીસ અધિક્ષકના અહેવાલ બાદ આ નિર્ણય લેવાયો છે, જેમાં તેમના ભૂખ હડતાળ અને જનસભા જેવા આગામી કાર્યક્રમોથી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગડવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. પ્રશાસને જણાવ્યું છે કે હાલમાં લદાખમાં નગર સમિતિ, પંચાયતો અને લદાખ સ્વાયત્ત પહાડી વિકાસ પરિષદ (LAHDC), લેહની ચૂંટણીઓ ચાલી રહી છે અને 'આદર્શ આચારસંહિતા' લાગુ છે.

૧ ડિસે.થી આયુષ્માન યોજનામાં મોટા ફેરફારની તૈયારી

૧૧૨ બીમારીઓની સારવાર-ઓપરેશન માત્ર સરકારી હોસ્પિટલોમાં જ થશે

નવીદિલ્હી,

આયુષ્માન ભારત યોજના હેઠળ દેશભરમાં એક મોટો ફેરફાર થવા જઈ રહ્યો છે. હવે ૧૧૨ બીમારીઓના પેકેજ અને ઓપરેશન ખાનગી હોસ્પિટલોમાંથી હટાવીને માત્ર સરકારી હોસ્પિટલોમાં જ ઉપલબ્ધ કરાવવાની તૈયારી કરવામાં આવી રહી છે.

રાષ્ટ્રીય સ્વાસ્થ્ય ઓથોરિટી દ્વારા અગાઉ ૨૩ પેકેજો સરકારી હોસ્પિટલો માટે આરક્ષિત કરવામાં આવ્યા હતા. હવે ૧ ડિસેમ્બર સુધી અન્ય ૮૯ પેકેજોને પણ આરક્ષિત કરવા માટે તમામ રાજ્યોના સ્વાસ્થ્ય ઓથોરિટીને દિશા-નિર્દેશો મોકલવામાં આવ્યા છે. આ નવી સૂચિ ટ્રાન્ઝેક્શન મેનેજમેન્ટ સિસ્ટમ (TMS) માં લાગુ કરવામાં આવશે. જોકે, કયા પેકેજો ખાનગી હોસ્પિટલોમાંથી હટાવવા કે નહીં તેનો અંતિમ નિર્ણય રાજ્યોના હાથમાં રહેશે.

આ આરક્ષિત પેકેજોમાં સ્ત્રી રોગ (ગાયનેકોલોજી), સામાન્ય શસ્ત્રક્રિયા (જનરલ સર્જરી), માનસિક રોગ, જનરલ મેડિસીન, ઓર્થોપેડિક્સ, કાન-નાક-ગળા (ENT) અને નેત્ર રોગ વિભાગો સાથે જોડાયેલી બીમારીઓનો સમાવેશ થાય છે

આ ૧૧૨ પેકેજોમાં ડે કેર સારવાર, શસ્ત્રક્રિયા (ઓપરેશન) અને અન્ય લાંબી બિમારીઓની સારવાર સામેલ છે.

જેમાં હાઈ રિસ્ક ડિલિવરી, આલ્કોહોલ લીવર ડિસીઝ, ગંભીર એનિમીયા (લોહીની ઊણપ), પેન્ક્રિયાટાઈટિસ, મેલેરિયા, ચિકનગુનિયા, ઝાડા-ઉલટી (ડાયરિયા), બાયોપ્સી, સિસ્ટ, ફિસ્ટુલા, ગર્ભાશયનું ઓપરેશન (હિસ્ટ્રેક્ટમી), મોતિયાબિંદ, માનસિક વિકાર (મેન્ટલ ડિસઓર્ડર), ચિંતા (એન્ઝાઈટી), હાડકાનું ફ્રેક્ચર અને ઈએનટી લગતી સારવારોનો મુખ્યત્વે સમાવેશ થાય છે. નિષ્ણાતોના મતે, ખાનગી હોસ્પિટલો પર થતો ખર્ચ ઘટાડવા અને સરકારી હોસ્પિટલોની સુવિધાઓને મજબૂત કરીને દર્દીઓને સીધો લાભ પહોંચાડવાનો આ મુખ્ય હેતુ છે. અગાઉથી જ આંધ્ર પ્રદેશ, છત્તીસગઢ, ગુજરાત, કેરળ, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને તમિલનાડુ સહિતના અનેક રાજ્યોમાં આ વ્યવસ્થા આંશિક રીતે લાગુ કરવામાં આવી છે.

મણિપુરમાં ફરી હિંસા ભડકી, એક મહિલાનું મોત થતાં ૪૮ કલાક સુધી બંધનું એલાન

જિલ્લામાંથી તમામ સુરક્ષા દળોને હટાવી લેવા કરાઈ માંગણી

ઈમ્ફાલ,

મણિપુરમાં છેલ્લા કેટલાય સમયથી હિંસાત્મક માહોલ ચાલી રહ્યો છે. અત્યારે ફરી મણિપુરમાં હિંસા ભડકી છે. સૂત્રોના જણાવ્યાં પ્રમાણે કાંગપોકપી જિલ્લામાં શંકાસ્પદ ઉગ્રવાદીઓના બે જૂથો વચ્ચે ગોળીબાર થયો તેમાં એક કુકી સમુદાયની મહિલાનું મોત થયું છે, જ્યારે અન્ય બે લોકો ઘાયલ પણ થયાં છે.

આ ઘટના બાદ કુકી સમુદાય દ્વારા જિલ્લામાં ૪૮ કલાક સુધી સંપૂર્ણ બંધનું એલાન કરવામાં આવ્યું છે.

કુકી સમુદાય દ્વારા બંધના એલાન સાથે આ જિલ્લામાંથી તમામ સુરક્ષા દળોને હટાવી લેવામાં આવે તેવી પણ માંગણી કરવામાં આવી છે. આ લોકો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કે, સુરક્ષાદળો નાગરિકોની સુરક્ષા કરવામાં નિષ્ફળ રહ્યાં છે. આ સ્થિતિને જોતા અત્યારે હિંસા ફરી ઉગ્ર બનશે તેવું લાગી રહ્યું છે. મણિપુરમાં છાશવારે આવી હિંસા જોવા મળે છે, જેમાં કેટલાક લોકોને પોતાનો જીવ પણ ગુમાવવો પડતો હોય છે.

વર્તમાનમાં જે હિંસા ભડકી છે તેના કારણ વિશે હજી કોઈ સત્તાવાર વિગતો પ્રકાશમાં આવી નથી. પરંતુ આમાં કુકી સમુદાયની મહિલાનું મોત થયું તેના કારણે આ સમુદાય ભારે રોષે ભરાયો છે અને બંધના એલાનની ધમકી આપી છે. મણિપુરમાં આ સમુદાયો વચ્ચે વર્ષોથી હિંસા થતી આવી છે. જેમાં સ્થાનિક લોકો વધારે પરેશાન થઈ રહ્યાં છે. આ મામલે હવે સરકાર દ્વારા કેવી કાર્યવાહી અને પગલા ભરવામાં આવશે તે જોવાનું રહેશે.

આજથી ચાર દિવસીય છઠ્ઠ મહાપર્વનો પ્રારંભ

ભક્તો સૂર્યદેવ અને છઠ્ઠી મૈયાની પૂજા કરીને પરિવારની સુખ-સમૃદ્ધિ માટે પ્રાર્થના કરશે

નવી દિલ્હી,

દેશભરમાં લોક આસ્થાના મહાપર્વ છઠની શરૂઆત આજથી થઈ રહી છે. ચાર દિવસ સુધી ચાલનારા આ પર્વમાં ભક્તો સૂર્યદેવ અને છઠ્ઠી મૈયાની પૂજા કરીને પરિવારની સુખ-સમૃદ્ધિ અને સંતાનના લાંબા આયુષ્યની કામના કરે છે. છઠ પર્વમાં સ્નાન અને ખાવાની પરંપરાથી લઈને ઊગતા સૂર્યને અર્ઘ્ય આપવા સુધીની ખાસ પરંપરાઓનું પાલન કરવામાં આવે છે. આ વ્રતને ખૂબ જ કઠિન માનવામાં આવે છે, કારણ કે તેમાં લગભગ ૩૬ કલાક સુધી પાણી પીધા વગર ઉપવાસ રાખવામાં આવે છે.

પહેલા દિવસે એટલે કે આજે ઘરની સાથે



રસોડાની પણ સફાઈ કરવામાં આવે છે, કદ્દુ-ભાત અને ચણાની દાળ બનાવવાની પરંપરા છે. આ ભોજન શુદ્ધતા સાથે તૈયાર કરવામાં આવે છે. છઠ પર્વના બીજા દિવસને ખરના કહેવામાં આવે છે. આ દિવસે વ્રત કરનાર આખો દિવસ ઉપવાસ રાખે છે. સાંજે સૂર્યાસ્ત બાદ પૂજા કરવામાં આવે છે. આ દિવસે માટીના ચૂલા પર કેરીનાં લાકડાંથી ગોળ અને ગાયના દૂધની ખીર બનાવવામાં આવે છે. આ ખીરનો પ્રસાદ ભગવાનને ધરાવવામાં આવે છે અને ત્યારબાદ પરિવારના સભ્યોમાં વહેંચવામાં આવે છે. ખરનાનું પ્રસાદ લીધા બાદ લગભગ ૩૬ કલાકનું નિર્જળા વ્રત શરૂ થાય છે.

છઠ પર્વનો ત્રીજો દિવસ ખૂબ જ ખાસ માનવામાં આવે છે. આ દિવસે સાંજે આથમતા સૂર્યને અર્ઘ્ય આપવામાં આવે છે. આ માટે સવારથી જ પૂજાની તૈયારીઓ શરૂ થઈ જાય છે. વાંસની ટોપલી અને સૂપમાં ફળ, ફૂલ અને પૂજાની અન્ય સામગ્રી રાખવામાં આવે છે. સાંજે વ્રત કરનાર પરિવાર સાથે નદી, તળાવ કે અન્ય જળાશયના કિનારે પહોંચે છે. ત્યારબાદ પાણીમાં ઊભા રહીને આથમતા સૂર્યને અર્ઘ્ય આપવામાં આવે છે. આ વખતે ૧૫ નવેમ્બરે સાંજે ૫ વાગ્યે ૨૪ મિનિટે સંધ્યા અર્ઘ્ય આપવાનો સમય જણાવવામાં આવ્યો છે, આ દિવસે પરિવારની સુખ-સમૃદ્ધિ અને સંતાનના સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરવામાં આવે છે, છઠ પર્વનો ચોથો અને છેલ્લો દિવસ ૧૬ નવેમ્બરે છે. આ દિવસે સવારે ઊગતા સૂર્યને અર્ઘ્ય આપવામાં આવે છે. પંચાંગ અનુસાર, ૧૬ નવેમ્બરે સવારે ૬ વાગ્યે ૪૩ મિનિટે સૂર્યોદય થશે. સૂર્યદેવને અર્ઘ્ય આપ્યા બાદ વ્રતના પારણા કરવામાં આવશે અને ચાર દિવસના છઠ મહાપર્વનું સમાપન થશે.

UAEમાં ગોઝારો અકસ્માત: ૨૩ વાહનો એકબીજા સાથે અથડાતાં ભારતીયો સહિત ૧૪ લોકોનાં મોત

ભારત, UAE, ઓમાન, બ્રાઝિલ, પાકિસ્તાન, જોર્ડન અને ઈજિપ્તના નાગરિકો અકસ્માતનો ભોગ બન્યા

ફુજૈરા,

વિદેશની ધરતી પર ફરી એકવાર ગમખ્વાર માર્ગ અકસ્માતે અનેક પરિવારોમાં શોકની લાગણી ફેલાવી દીધી છે. સંયુક્ત આરબ અમીરાત (UAE)ના ફુજૈરામાં ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો છે, જેમાં એકસાથે ૨૩ વાહનો એકબીજા સાથે અથડાતાં અફરાતફરી મચી ગઈ હતી. આ અકસ્માતમાં ભારતીય નાગરિકો સહિત કુલ ૧૪ લોકોનાં મોત નીપજ્યાં છે, જ્યારે ૩૦ લોકો ઘાયલ થયા છે. અકસ્માત બાદ અનેક વાહનોમાં આગ લાગી હતી અને ઘટનાસ્થળે બચાવ કામગીરી માટે ઈમરજન્સી ટીમો દોડી આવી હતી.

મળતી માહિતી અનુસાર, UAEના ફુજૈરા અમીરાતમાં એક બેકાબૂ ટ્રકે અનેક વાહનોને અડફેટે લીધાં હતાં. ટ્રકની ટક્કર બાદ એક પછી એક વાહનો અથડાતાં કુલ ૨૩ વાહનો અકસ્માતનો ભોગ બન્યાં હતાં. ટક્કર એટલી ભયાનક હતી કે અનેક વાહનોમાં આગ લાગી ગઈ હતી. આ દુર્ઘટનામાં ભારતીય નાગરિકો ઉપરાંત UAEના સ્થાનિક નાગરિકોનાં પણ મોત થયાં છે. UAE સ્થિત ભારતીય વાણિજ્ય દૂતાવાસે મૃતકોમાં ભારતીય નાગરિકો હોવાની પુષ્ટિ કરી છે, સાથે જ મૃતકોના પરિવારોને શક્ય તમામ મદદ પૂરી પાડવાની ખાતરી આપી છે.

અકસમાતમાં ઘાયલ થયેલા લોકોમાં ભારત, UAE, ઓમાન, બ્રાઝિલ, પાકિસ્તાન, જોર્ડન અને ઈજિપ્તના નાગરિકોનો સમાવેશ થાય છે. UAEના ગૃહ મંત્રાલયે આ અંગે પ્રાથમિક માહિતી આપી છે, અકસ્માતની જાણ થતાં જ ઈમરજન્સી અને વિશેષ બચાવ ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ઘાયલોને મદદ પહોંચાડવા અને અકસ્માતની અસરને નિયંત્રિત કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવી હતી. જોકે, અકસ્માત કયા ચોક્કસ કારણોસર થયો અને વાહનો એકબીજા સાથે કેવી રીતે અથડાયાં તેની વિગતવાર તપાસ ચાલી રહી છે. આ ભયાનક અકસ્માતે છઈમાં માર્ગ સુરક્ષાને લઈને ફરી ગંભીર સવાલો ઊભા કર્યા છે

વૈશ્વિક સ્તરે માઈક્રોસોફ્ટની સેવા ઠપ! આઉટલુક અને માઈક્રોસોફ્ટ ૩૬૫નું સર્વર ઠપ્પ:કરોડો યુઝર્સ પ્રભાવિત

લાખો યુઝર્સે ફરિયાદો નોંધાવી, માઈક્રોસોફ્ટે કરી પુષ્ટિ, ટેક્નિકલ ટીમ કામે લાગી

ન્યૂ યોર્ક,

ટેક્નોલોજી ક્ષેત્રની દિગ્ગજ કંપની માઈક્રોસોફ્ટને લઈને એક મોટા સમાચાર સામે આવ્યા છે. ગુરુવારે મોડી રાત્રે અચાનક માઈક્રોસોફ્ટની ઈમેલ સેવા આઉટલુક અને માઈક્રોસોફ્ટ ૩૬૫ના સર્વર ઠપ થઈ જવાથી વિશ્વભરમાં હલચલ મચી ગઈ હતી. આ ટેક્નિકલ ખામીના કારણે ભારત સહિત દુનિયાભરના લાખો યુઝર્સને ઈમેલ મોકલવા, રિસીવ કરવા તેમજ એકાઉન્ટ લોગ-ઈન કરવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હોવાનું જાણવા મળ્યું છે.

ઓનલાઈન સેવાઓ ઠપ થવાની માહિતી આપતા પ્લેટફોર્મના આંકડા પ્રમાણે વાત કરવામાં આવે તો, આ સમસ્યાની શરૂઆત



ઈસ્ટર્ન ટાઈમ મુજબ બપોરે આશરે ૧ વાગ્યે થઈ હતી. જોતજોતામાં જ યુઝર્સની ફરિયાદોનો ગ્રાફ આસમાને પહોંચ્યો હતો અને માત્ર આઉટલુક સાથે જોડાયેલી ૧ લાખથી વધુ ફરિયાદો નોંધાઈ હતી. આ ઉપરાંત, માઈક્રોસોફ્ટ ૩૬૫ માટે પણ ૧૫ હજારથી વધુ યુઝર્સે સર્વર ડાઉન હોવાની ફરિયાદ નોંધાવી હતી. આ વૈશ્વિક આઉટેજના કારણે વિશ્વભરની સરકારી કચેરીઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને કોર્પોરેટ જગતનું દૈનિક કામકાજ ખોરવાઈ ગયું હતું.

આ મામલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર માહિતી આપતા માઈક્રોસોફ્ટે આ આઉટેજની પુષ્ટિ કરી હતી. કંપનીએ જણાવ્યું કે, શરૂઆતમાં આ સમસ્યા માત્ર અમેરિકા પૂરતી સીમિત લાગતી હતી, પરંતુ બાદમાં તેની વ્યાપક અસર વૈશ્વિક સ્તરે જોવા મળી હતી. માઈક્રોસોફ્ટની ટેક્નિકલ ટીમ સર્વર ડાઉન થવાના મૂળ કારણની તપાસ કરવા અને કનેક્ટિવિટી વહેલી તકે પૂર્વવત કરવા યુદ્ધના ધોરણે કામ કરી રહી છે.

ભગવાન બિરસા મુંડાની ૧૫૧ મી જન્મજયંતીએ રાજ્યભરમાં જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી



૧૨ થી ૧૮ નવેમ્બર દરમિયાન રાજ્યભરમાં કાર્યક્રમોનું આયોજન

ગાંધીનગર,

આદિવાસી સમાજના ગૌરવ અને મહાન ક્રાંતિકારી ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતીના અવસરે ગુજરાતમાં ૧૨ નવેમ્બર થી ૧૮ નવેમ્બર, ૨૦૨૬ સુધી રાજ્યભરમાં 'રાષ્ટ્રીય જનજાતીય ગૌરવ દિવસ' તરીકે ઉજવણી થશે. રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે રાજ્ય કક્ષાની પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આદિજાતિ મોરચાના પ્રદેશ અધ્યક્ષ શ્રી ગણપતભાઈ વસાવા, રાજ્ય મંત્રી સર્વે શ્રી પી.સી. બરંડા, ડો. જયરામભાઈ ગામીત અને શ્રી રમેશભાઈ કટારા સહિતના મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

પત્રકાર પરિષદને સંબોધતા આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશ પટેલે જણાવ્યું હતું કે, માત્ર ૨૫ વર્ષની નાની વયે અંગ્રેજો સામે જળ, જંગલ અને જમીન માટે અદભુત લડત આપનાર ભગવાન બિરસા મુંડાજી સહિત આદિવાસી ક્રાંતિકારીઓના અમૂલ્ય યોગદાનને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તા. ૧૫ નવેમ્બરને 'જનજાતીય ગૌરવ દિવસ' તરીકે જાહેર કરીને ઐતિહાસિક સન્માન આપ્યું છે.

પત્રકાર પરિષદને સંબોધતા શ્રી નરેશ પટેલે કહ્યું કે, આગામી ૧૫ નવેમ્બરના રોજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી સહિત મંત્રીશ્રીઓની ઉપસ્થિતિમાં યોજાનાર આ ઉજવણી અંતર્ગત રાજ્યમાં રૂ. ૨,૩૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ ઉપરાંત, આદિવાસી સમાજની માંગણીને સંતોષી આ વર્ષે ૧૮,૮૨૮ થી વધુ લાભાર્થીઓને ૭/૧૨ની નોંધ સાથેના જમીનના અધિકારપત્રો એનાયત કરવામાં આવશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

મંત્રી શ્રી પટેલે આ અંગે વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, રાજ્યના ૧૪ આદિજાતિ જિલ્લાઓના હાટ બજારોમાં સરકારી યોજનાઓની માહિતી પૂરી પાડવા અને પ્રાકૃતિક ખેતી તેમજ ખાનપાનની વસ્તુઓના વેચાણ માટે 'શબરી બુથ' શરૂ કરવામાં આવશે. તદુપરાંત, આ આદિવાસી જિલ્લાઓમાં સ્થાનિક વાનગીઓ અને ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે ૧૪ 'જોહાર કેફે' પણ શરૂ કરવામાં આવશે.

સુરતમાં કન્સ્ટ્રક્શન સાઈટના બીજા માળેથી પટકાતા ૨ વર્ષીની માસુમ બાળકીનું મોત

ગોડાદરા-ડિંડોલી વિસ્તારમાં બની એક અત્યંત કરુણ અને હૃદયદ્રાવક ઘટના

સુરત,

શહેરના ગોડાદરા-ડિંડોલી વિસ્તારમાં આવેલ એક કન્સ્ટ્રક્શન સાઈટ પર માતા-પિતા મજૂરીકામ કરી રહ્યા હતા ત્યારે તેમની બે વર્ષની માસૂમ દીકરી રમતા-રમતા બીજા માળેથી નીચે પટકાઈ હતી. ગંભીર ઈજાઓ થતાં બાળકીને તાત્કાલિક સારવાર માટે સુરતની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જોકે, ઠૂંઠી સારવાર બાદ ફરજ પરના ડોક્ટર દ્વારા બાળકીને મૃત જાહેર કરી હતી.

પરિવારમાં એકમાત્ર દીકરીના મોતથી શોકનું વાતાવરણ છવાઈ ગયું છે. રોજીરોટી માટે ઘરથી દૂર આવેલા માતા-પિતાએ પોતાની માસૂમ દીકરી ગુમાવી છે. આ ઘટનાથી આસપાસના વિસ્તારમાં પણ શોકની લાગણી ફેલાઈ છે.

આ દુર્ઘટના બાંધકામ સાઈટ પર બાળકોની સુરક્ષા અંગે ગંભીર સવાલો ઊભા કરે છે. કન્સ્ટ્રક્શન



સાઈટ પર ખુલ્લી જગ્યાઓ, ઊંચાઈ અને જોખમી વિસ્તારોમાં બાળકો ન પહોંચી શકે તેવી સુરક્ષા વ્યવસ્થા હોવી અત્યંત જરૂરી છે. કામના સ્થળે બાળકો સાથે હોય ત્યારે તેમની દેખરેખ અને સલામતી માટે વિશેષ તકેદારી રાખવી જરૂરી છે.

આ દુર્ઘટનાને પગલે પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. મૂળ મધ્યપ્રદેશના રહેવાસી પવાર પરિવાર આશરે દસ દિવસ પહેલાં જ રોજીરોટી મેળવવા માટે સુરત આવ્યો હતો.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં પાર્કિંગના ચાર્જમાં વધારો કરવાનો નિર્ણય

અમદાવાદ,

અમદાવાદમાં વાહનચાલકો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા શહેરમાં પાર્કિંગના ચાર્જમાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૫માં છેલ્લે પાર્કિંગના દર નક્કી કરવામાં આવ્યા હતા. હવે લાંબા સમય બાદ પાર્કિંગના દરમાં સુધારો કરવામાં આવ્યો છે, જેને પગલે વાહનચાલકોના ખિસ્સા પર વધારાનો બોજ પડી શકે છે.

નીચલી કમિટી દ્વારા પાર્કિંગના દરમાં કરવામાં આવેલા સુધારાને મંજૂરી આપવામાં આવી

AMC દ્વારા પાર્કિંગના નવા દર નક્કી કરવા પાછળનો મુખ્ય હેતુ શહેરના નાગરિકોને વધુમાં વધુ પબ્લિક ટ્રાન્સપોર્ટેશનનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવાનો છે. શહેરમાં ખાનગી વાહનોનો ઉપયોગ ઘટાડવા અને જાહેર પરિવહન વ્યવસ્થાને પ્રોત્સાહન આપવા માટે પાર્કિંગ ચાર્જમાં સુધારો કરવામાં આવ્યો હોવાનું જણાવવામાં આવ્યું છે. મહત્વની વાત એ છે કે નીચલી કમિટી દ્વારા પાર્કિંગના દરમાં કરવામાં આવેલા સુધારાને મંજૂરી આપવામાં આવી છે. આ ઉપરાંત હવે સમગ્ર અમદાવાદ શહેરમાં પાર્કિંગ માટે એકસરખા દર લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. એટલે કે શહેરના અલગ-અલગ વિસ્તારોમાં આવેલા પાર્કિંગ સ્થળોએ દરની એકરૂપતા જળવાઈ રહેશે અને વાહનચાલકોને અલગ-અલગ સ્થળે અલગ દર ચૂકવવાની સ્થિતિમાં રાહત મળશે. AMC દ્વારા નવા પાર્કિંગ દર દર ત્રણ વર્ષે રિવાઈઝ કરવામાં આવશે તેવું પણ નક્કી કરવામાં અઅમદાવાદ

સ્વચ્છ સર્વેક્ષણ અંતર્ગત સ્વચ્છ શહેર જોડી કેટેગરીમાં અમદાવાદ, સાણંદ દેશભરમાં પ્રથમ ક્રમે

સ્વચ્છતા ક્ષેત્રે ગુજરાત માટે ગૌરવપૂર્ણ સિદ્ધિ

અમદાવાદ,

સ્વચ્છતા ક્ષેત્રે ગુજરાત માટે ગૌરવપૂર્ણ સિદ્ધિ સામે આવી છે. સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૫-૨૬ અંતર્ગત 'સ્વચ્છ શહેર જોડી' કેટેગરીમાં અમદાવાદ અને સાણંદની જોડીએ દેશભરમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. આ સિદ્ધિ બદલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા સ્વચ્છતા અભિયાનમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપનાર સફાઈ કર્મચારીઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. AMCના સ્ટેન્ડિંગ કમિટી કોન્ફરન્સ રૂમ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં સફાઈ કર્મચારીઓનું પુષ્પો અર્પણ કરી અને મીઠાઈ ખવડાવી સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અમદાવાદના મેયર હિતેશભાઈ બારોટ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન કમલેશભાઈ પટેલ, ડેપ્યુટી મેયર અંજુબેન શાહ સહિત વિવિધ પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મેયર હિતેશભાઈ બારોટે જણાવ્યું હતું કે અમદાવાદને સ્વચ્છ અને સ્વસ્થ બનાવવાનો નિર્ધાર આજે રાષ્ટ્રીય એવોર્ડના સ્વરૂપે સાકાર થયો છે. આ સન્માનનો સંપૂર્ણ શ્રેય સફાઈ કર્મચારીઓ, અધિકારીઓ, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને શહેરના નાગરિકોના સહિયારા પ્રયાસોને જાય છે. તેમણે વધુમાં જણાવ્યું કે સફાઈ કર્મચારીઓની સતત મહેનત, અધિકારીઓનું માર્ગદર્શન અને નાગરિકોનો સહયોગ આ સફળતાનો પાયો છે. આ સિદ્ધિ જાળવી રાખવા માટે નાગરિકોએ પણ સ્વચ્છતા અભિયાનમાં સક્રિય ભાગ લેવો જોઈએ. ખાસ કરીને કચરાનું યોગ્ય વર્ગીકરણ કરવું અને જાહેર સ્થળોએ સ્વચ્છતા જાળવવી જરૂરી છે.

ઉલ્લેખનીય છે કે નવી દિલ્હીમાં યોજાયેલા રાષ્ટ્રીય એવોર્ડ સમારોહમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે અમદાવાદના મેયરે આ એવોર્ડ સ્વીકાર્યો હતો. અમદાવાદને મેન્ટર સિટી તરીકે પસંદ કરવામાં આવ્યું હતું, જ્યારે સાણંદ મેન્ટી સિટી રહ્યું હતું. અમદાવાદે સાણંદ સહિત ગુજરાતના અન્ય શહેરોને કચરાનું વર્ગીકરણ, ઘન કચરા વ્યવસ્થાપન, વપરાયેલા પાણીના વ્યવસ્થાપન અને સફાઈ કર્મચારીઓના કલ્યાણ જેવા ક્ષેત્રોમાં ટેકનિકલ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ રાષ્ટ્રીય સિદ્ધિથી અમદાવાદના સ્વચ્છતા અભિયાનને નવી ઓળખ મળી છે.

સુરત : રેલવે પોલીસ લાઈન કેમ્પસમાં આગના બનાવમાં જપ્ત કરેલી ૨૬ બાઈક બળીને ખાખ



સુરત,

સુરતના વરાછા રોડ પર આવેલ પોદાર આર્કેડની બાજુમાં રેલવે પોલીસ લાઈન કેમ્પસમાં ભીષણ આગ લાગવાનો બનાવ બન્યો હતો જેમાં, પોલીસ લાઈન સંકુલમાં આવેલ એક ઝાડમાં આગ લાગી હતી, જેણે સૂકા ઝાડ અને પવનના કારણે ક્ષણવારમાં જ વિકરાળ રૂપ ધારણ કરી લીધું હતું. આગની જવાળાઓમાં આસપાસ પાર્ક કરેલા વાહનનો બળીને ખાખ થયા હતા. આગ લાગતા સમગ્ર વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. આગની જાણ થતાં કાચીશેરી ફાયર સ્ટેશનની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. જોકે, આગ કયા કારણોસર લાગી તે અંગે હાલ કોઈ સ્પષ્ટતા નથી. ફાયર વિભાગ દ્વારા આગ લાગવાના કારણો જાણવા માટે તપાસ શરૂ કરવામાં આવી છે. પોલીસ પણ જપ્ત કરાયેલા વાહનોમાં આગ લાગવા અંગે તપાસ કરી રહી છે. મહત્વનું છે કે, રેલવે પોલીસ લાઈન કેમ્પસમાં એક ઝાડમાં આગ લાગી હતી.

દેવગઢ બારિયા તાલુકા ભાજપ પ્રમુખના પિતા કોંગ્રેસમાં જોડાયા

વિધાનસભા ચૂંટણી પહેલા ભાજપને મોટો ઝટકો

દેવગઢ બારિયા,

આવતા વર્ષે ગુજરાતમાં યોજાનાર વિધાનસભા ચૂંટણી પહેલા ભાજપને એક મોટો ઝટકો લાગ્યો છે જેમાં, દેવગઢ બારિયા તાલુકા ભાજપ પ્રમુખ હરેશભાઈ કરણસિંહના પિતા કરણસિંહ (કરણ મામા) એ કોંગ્રેસ પાર્ટીમાં વિધિવત પ્રવેશ કર્યો છે.

કરણ મામાએ કોંગ્રેસ જિલ્લા પ્રમુખ હર્ષદભાઈ નિનામાની ઉપસ્થિતિમાં કોંગ્રેસનો ખેસ ધારણ કર્યો હતો. આ પ્રસંગે ૧૩૪ વિધાનસભાના પ્રભારી એડવોકેટ સુરેશ પટેલ અને શહેર કોંગ્રેસ પ્રમુખ ઈશ્વરભાઈ વખલા સહિતના આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

કરણ મામા દેવગઢ બારિયા વિસ્તારમાં ભાજપના પાયાના નેતા તરીકે ઓળખાતા રહ્યા છે. તેઓ અગાઉ તાલુકા પ્રમુખ તરીકે પણ જવાબદારી સંભાળી ચૂક્યા છે. એટલું જ નહીં, છેલ્લા આશરે ૩૦ વર્ષથી તેઓ ખજૂરી ગામના સરપંચ તરીકે જવાબદારી નિભાવી રહ્યા છે.

લાંબા સમયથી સ્થાનિક રાજકારણમાં સક્રિય રહેલા કરણ મામાના પક્ષપલટાને રાજકીય રીતે મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. આપેલી માહિતી મુજબ, ભાજપમાં પૂરતું માન-સન્માન નહીં મળતું હોવાની લાગણી અને પક્ષમાં અવગણના થતી હોવાના કારણે તેમણે પક્ષ બદલવાનો નિર્ણય લીધો હોવાનું જાણવા મળે છે. જોકે, આ અંગે કરણ મામાનું સત્તાવાર નિવેદન સામે આવે તો વધુ સ્પષ્ટતા થઈ શકે છે. મહત્વની વાત છે કે, આ સમગ્ર ઘટનામાં સૌથી વધુ ચર્ચાનો વિષય પિતા-પુત્રની અલગ-અલગ રાજકીય દિશા છે. એક તરફ પુત્ર હરેશભાઈ કરણસિંહ દેવગઢ બારિયા ભાજપના પાર્ટી પ્રમુખ તરીકે સંગઠનની જવાબદારી સંભાળી રહ્યા છે, તો બીજી તરફ તેમના પિતા કરણ મામાએ કોંગ્રેસમાં પ્રવેશ કર્યો છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ નજીક આવતી હોવાથી આ ઘટનાને ભાજપ માટે રાજકીય પડકાર તરીકે જોવામાં આવી રહી છે.

ખેડાના માછીયેલ ગામે ગરબા મામલે પોલીસ પર પથ્થરમારો

ખેડા,

જિલ્લાના માતર તાલુકાના માછીયેલ ગામે બેસતા વર્ષના પર્વ નિમિત્તે યોજાયેલા માંડવળી ગરબા દરમિયાન ભારે હોબાળો સર્જાયો હતો. બે ફળિયાના જૂથો વચ્ચે ગરબા ગાવા અને મોટા સ્પીકર વગાડવા બાબતે વિવાદ થતાં મામલો ઉગ્ર બન્યો હતો. પરિસ્થિતિને કાબૂમાં લેવા પહોંચેલા પોલીસ કાફલા પર ઉશ્કેરાયેલા ટોળાએ પથ્થરમારો કરી હુમલો કર્યો હતો. આ ઘટનામાં પોલીસના સરકારી વાહનને નુકસાન પહોંચ્યું હતું, જ્યારે એક કોન્સ્ટેબલનો યુનિફોર્મ ફાડી તેની સાથે મારામારી કરવામાં આવી હતી. આ મામલે ગામના સરપંચ સહિત ૧૧ નામજોગ શખ્સો સામે માતર પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે.

આ સમગ્ર ઘટના મામલે મીડિયા સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ૧૦ નવેમ્બરની રાત્રે ગામમાં પરંપરાગત માંડવળી ગરબા માટે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ૧૧ નવેમ્બરની સવારે સાઈઠ ઘર અને એંસી ઘર ફળિયાના ગરબા ગામની ભાગોળે એકઠા થયા હતા. બંને પક્ષોએ સામસામે મોટા સ્પીકર ગોઠવતાં ગરબા ગાવા બાબતે બોલાચાલી શરૂ થઈ હતી. પોલીસે દરમિયાનગીરી કરી બંને જૂથોને પોતપોતાના ફળિયામાં પરત મોકલ્યા હતા. જોકે, એક જૂથના કેટલાક લોકોએ પોલીસ સાથે જીભાજોડી કરી ભાગોળે જ ગરબા રમવાની જીદ પકડી હતી. મામલો વધુ વણસતાં પોલીસે વધારાનો કાફલો બોલાવ્યો હતો.

પોલીસની સરકારી ગાડી પહોંચતાં જ ટોળાએ તેને ઘેરી પથ્થરમારો કર્યો હતો. આ હુમલામાં વાહનના ડ્રાઈવર સાઈડના કાચ તૂટી ગયા હતા અને આગળના દરવાજાઓને નુકસાન થયું હતું.

દિવાળીની રજાઓમાં પ્રવાસન સ્થળ દીવ હાલ પ્રવાસીઓ માટે હોટ ફેવરિટ બન્યુ

અમદાવાદ,

હાલમાં ચાલી રહેલ દિવાળીની રજાઓ દરમિયાન પ્રવાસન સ્થળ દીવ હાલ પ્રવાસીઓ માટે બેસ્ટ ચોઈસ બન્યુ હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા છે અને દીવમાં પ્રવાસીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. ગુજરાત સહિત અન્ય રાજ્યોમાંતી મોટી સંખ્યામાં પ્રવાસીઓ દીવ પહોંચી રહ્યા છે. ખાસ કરીને નાગવા બીચ પ્રવાસીઓની પહેલી પસંદ બન્યો છે. બીચ પર જાણે પ્રવાસીઓનું માનવ મહેરામણ ઉમટ્યુ હોય તેવા દ્રશ્યો સામે આવ્યા છે. તહેવારોની મજા માણવા માટે પ્રવાસીઓ પરિવાર અને મિત્રો સાથે દીવમાં ઉમટી રહ્યા છે. દીવનો નાગવા બીચ હાલ પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. અહીં પ્રવાસીઓની ભારે ભીડ જોવા મળી રહી છે. દરિયાની ઉછળતી લહેરો અને રમણીય દરિયાકિનારાની મજા માણવા માટે પ્રવાસીઓ મોટી સંખ્યામાં દીવ પહોંચી રહ્યા છે.

રજાઓ માનવા આવેલ પ્રવાસીઓમાં કોઈ દરિયાના મોજાની મજા માણી રહ્યા છે તો કોઈ ફોટોગ્રાફી અને મનોરંજનમાં વ્યસ્ત છે. મોટી સંખ્યામાં પ્રવાસીઓ નાગવા બીચ પર ઉમટી રહ્યા છે. બીચ પર જ્યાં જુઓ ત્યાં પ્રવાસીઓના ટોળા જ દેખાઈ રહ્યા છે. ગોવાન જવાના બદલે પ્રવાસીઓ માટે હાલ દીવ મોસ્ટ ફેવરિટ ડેસ્ટીનેશન બની રહ્યુ છે. જ્યાં ઓછા ખર્ચે પ્રવાસીઓ ગોવા બીચ જેવી મજા માણી રહ્યા છે. દિવાળીની રજાઓમાં દીવમાં પ્રવાસન ક્ષેત્ર ફરી ધમધમી ઉઠ્યુ છે. દીવ ફરવા આવવાનું એક મેઈન કારણ અહીં આજુબાજુમાં આવેલા બે મોટા યાત્રાધામ પણ છે. દીવ આવનારા પ્રવાસીઓ પહેલા સોમનાથ અને દ્વારકાધિશના દર્શન કરીને દીવ પહોંચે છે. પ્રવાસીઓને એકસાથે ત્રણ ત્રણ ડેસ્ટીનેશન માણવાનો લાભ મળી જાય છે. આ જ કારણ છે કે દેશભરમાંથી સોમનાથ અને દ્વારકાધિશના દર્શને આવનારા પ્રવાસીઓ દીવમાં થતા જાય છે અને દરિયાના મોજા વચ્ચે હળવાશની પળો માણતા જોવા મળે છે.

સુરતમાં પવિત્ર પર્વ છઠ પૂજાની તડામાર તૈયારીઓ

ડભોલી સ્થિત સૂર્યપુત્રી તાપી નદીના તટે ખાસ માટીની દેરીઓ તૈયાર કરવામાં આવી

સુરત,

ઉત્તર ભારતીય સમાજના સૌથી મોટા અને પવિત્ર પર્વ છઠ પૂજાની મોટા પાયે તૈયારીઓ સુરતમાં કરવામાં આવી રહી છે. તાપી નદી કાંઠે વહીવટી તંત્ર અને વિવિધ સામાજિક સંસ્થાઓ તૈયારીઓને આખરી ઓપ આપી રહી છે.

ડભોલી સ્થિત સૂર્યપુત્રી તાપી નદીના કિનારે બિહાર વિકાસ મંડળના અધ્યક્ષ સ્થાને ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. શ્રદ્ધાળુઓની સુવિધા માટે નદીના ઘાટ પર ખાસ માટીની ડેરીઓ તૈયાર કરવામાં આવી છે. આ ઉપરાંત ઘાટ પર સ્વચ્છતા, લાઈટિંગ અને



સુરક્ષાની પણ પૂરતી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. હજારોની સંખ્યામાં ઉત્તર ભારતીય સમાજના લોકો અહીં એકત્ર થઈને છઠ પૂજાની ધામધૂમથી ઉજવણી કરશે.

ઉલ્લેખનીય છે કે, આ છઠ પૂજાનો પર્વ ખાસ કરીને યુપી, બિહાર, ઝારખંડ અને પૂર્વી ઉત્તરપ્રદેશના લોકોનો મુખ્ય તહેવાર છે. સુરત શહેરમાં ઉત્તર ભારતીય સમાજના લોકોની અંદાજિત ૨૫ લાખથી વધુની વસ્તી વસવાટ કરે છે. આ વિશાળ જનસંખ્યાને ધ્યાનમાં રાખીને શહેરના અલગ અલગ વિસ્તારોમાં ઘાટ તૈયાર કરાયા છે. જેમાં મુખ્યત્વે ગોડાદરા, ડભોલી અને જહાંગીરપુરા ખાતે મુખ્ય કાર્યક્રમો યોજાશે.

તાપી નદીના તટે ડૂબતા સૂર્યને અર્ઘ્ય અર્પણ કરવામાં આવશે. ત્યારબાદ બીજા દિવસે વહેલી સવારે ઊગતા સૂર્યની પૂજા અર્ચના કરીને વ્રતની પૂર્ણાહુતિ થશે. સમગ્ર ઉત્તર ભારતીય સમાજના લોકો સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ મુજબ છઠ પૂજાની ભવ્ય ઉજવણી કરવા માટે સજ્જ બન્યા છે.

GSRTC દ્વારા ડિજિટલ ટિકિટિંગ ક્ષેત્રે ઐતિહાસિક સિદ્ધિ: એક જ દિવસમાં સૌથી વધુ ૧,૪૬,૮૭૫ સીટનું બુકિંગ

માત્ર મોબાઈલ એપ્લિકેશન દ્વારા જ ૯૯,૪૦૨ સીટોનું બુકિંગ

ગાંધીનગર,

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) એ ડિજિટલ ટિકિટિંગ ક્ષેત્રે વધુ એક ગૌરવવંતી સિદ્ધિ હાંસલ કરી છે. ઓનલાઈન પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ દ્વારા દેશની તમામ રાજ્ય પરિવહન નિગમોમાં એક જ દિવસમાં સૌથી વધુ બુકિંગ અને આવક મેળવવાનો નવો ઈતિહાસ રચાયો છે. આ સાથે GSRTC એ સળંગ ૭માં વર્ષે આ ગૌરવપૂર્ણ સ્થાન જાળવી રાખીને સમગ્ર દેશમાં ડંકો વગાડ્યો છે.

આ ઐતિહાસિક સિદ્ધિ અંતર્ગત તા. ૧૧ નવેમ્બરે ભાઈ બીજે એક જ દિવસમાં અત્યાર સુધીના તમામ રેકોર્ડ તૂટ્યા છે. આ દિવસે રાજ્યમાં એક જ



દિવસમાં સૌથી વધુ ૧,૪૬,૮૭૫ સીટોનું બુકિંગ થયું છે, જે અત્યાર સુધીનું સર્વોચ્ચ છે. આ ઉપરાંત, માત્ર મોબાઈલ એપ્લિકેશન દ્વારા જ ૯૯,૪૦૨ સીટોનું બુકિંગ નોંધાયું છે, જે મુસાફરોમાં ડિજિટલ માધ્યમો પ્રત્યેનો વધતો વિશ્વાસ દર્શાવે છે.

ડિજિટલ બુકિંગની સાથે-સાથે આવકના મામલે પણ GSRTC એ નવો સીમાચિહ્ન સર કર્યો છે. આ એક જ દિવસમાં નિગમ દ્વારા કુલ રૂ. ૩.૫૫ કરોડની ડિજિટલ આવક થઈ છે. આ આવકમાં મોબાઈલ એપ્લિકેશનના માધ્યમથી જ રૂ. ૨.૨૭ કરોડની આવક પ્રાપ્ત થઈ છે. આ પહેલ ડિજિટલ ઈન્ડિયાના સ્વપ્નને વધુ મજબૂત બનાવે છે. જ્યારે એક જ દિવસની કુલ આવક ૧૩ કરોડથી વધુ થઈ છે. GSRTC ના આ અદ્ભુત પ્રદર્શનનો ઈતિહાસ જોઈએ તો, વર્ષ ૨૦૧૯ માં ૭૪,૩૬૮ સીટો અને રૂ. ૧,૫૩,૧૦,૩૧૭ ની આવકથી શરૂ થયેલી આ સફર ક્રમશ: આગળ વધીને વર્ષ ૨૦૨૬ માં સર્વોચ્ચ શિખરે પહોંચી છે. ગત વર્ષોના આંકડા પર નજર કરીએ તો, વર્ષ ૨૦૨૨ માં ૧,૧૪,૮૮૦ સીટોની રૂ. ૨.૧૦ કરોડ, વર્ષ ૨૦૨૩ માં ૧,૩૨,૧૭૭ સીટો રૂ. ૨.૯૭ કરોડ, વર્ષ ૨૦૨૪ માં ૧,૪૧,૪૬૮ સીટો રૂ. ૩.૧૫ કરોડ અને વર્ષ ૨૦૨૫ માં ૧,૩૩,૦૪૩ સીટો રૂ. ૩.૧૯ કરોડનું બુકિંગ થયું હતું.

રાજકોટના ચકચારી હથિયારકાંડના મુખ્ય આરોપી પ્રદીપ કરપડાને હાઈકોર્ટમાંથી જામીન

૨૧ આરોપીઓની ધરપકડ અને રિવોલ્વર, પિસ્તોલ, દેશી તમંચા સહિતનાં હથિયારોની જપ્તીનો મામલો

રાજકોટઃ

રાજકોટના કુવાડવા રોડ પોલીસ મથક હેઠળ નોંધાયેલા ચકચારી ગેરકાયદે હથિયારકાંડમાં મુખ્ય આરોપી પ્રદીપ અનકભાઈ કરપડાને ગુજરાત હાઈકોર્ટે જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો છે. આ કેસમાં પોલીસે ચાર મુખ્ય આરોપીઓ સહિત કુલ ૨૧ શખસોની ધરપકડ કરી હતી અને રિવોલ્વર, પિસ્તોલ, દેશી તમંચા તથા કારતૂસ સહિતનો હથિયારનો જથ્થો કબજે કર્યો હતો.

આ કેસની હકીકત મુજબ, પીસીબીના કોન્સ્ટેબલ વિજયભાઈ ઉકાભાઈ મેતોને બાતમી મળી હતી કે મધ્યપ્રદેશનો સકીલ સાદિક મન્સુરી રાજકોટથી કુવાડવા તરફ જતા હાઈવે પર વાંકાનેર ચોકડી નજીક ગેરકાયદે હથિયારોની ડિલિવરી આપવા આવવાનો છે. આ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી. દરમિયાન સકીલ મન્સુરી અને જયસુખ ઉર્ફે જેસો વલ્લભભાઈ વાઘેલા શંકાસ્પદ થેલી સાથે મળી આવતાં તેમની તપાસ કરવામાં આવી હતી.

થેલીમાંથી દેશી બનાવટની પિસ્તોલ, તમંચા અને કારતૂસ મળી આવ્યાં હતાં. હથિયારો રાખવા અંગે કોઈ પરવાનગી ન હોવાનું સામે આવતાં પોલીસે બંનેની ધરપકડ કરી હતી. પૂછપરછમાં હથિયારોના વેચાણમાં પ્રદીપ કરપડાનું નામ ખુલતાં તેની સામે પણ ગુનો નોંધવામાં આવ્યો હતો. આ કેસમાં પ્રદીપ કરપડા વતી એડવોકેટ શાજીદ વાય. કારિયાણી અને વિજય બી. પટગીરે ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી. તપાસ પૂર્ણ થઈ ગઈ છે,

આરોપીની વધુ તપાસ માટે જરૂર નથી તેમજ કોઈ રિકવરી બાકી નથી તેવી દલીલો સાથે સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના ચુકાદાઓ રજૂ કરવામાં આવ્યા હતા. બચાવ પક્ષની દલીલો ગ્રાહ્ય રાખી હાઈકોર્ટે પ્રદીપ કરપડાને જામીન પર મુક્ત કરવાનો હુકમ ફરમાવ્યો હતો. આ કેસમાં આરોપી વતી એડવોકેટ તરીકે શાજીદ વાય. કારીયાણી, વિજય બી. પટગીર રોકાયેલ હતા.

રાજકોટમાં તા.૧૫ નવેમ્બરના રોજ "જનજાતીય ગૌરવ દિવસ"ની જિલ્લાકક્ષાની ઉજવણી

લાભાર્થીઓને લાખો રૂપિયાની યોજનાકીય સહાય-લાભોનું વિતરણ કરાશે

રાજકોટ, રાજકોટમાં તા. ૧૫ નવેમ્બરના રોજ "જનજાતીય ગૌરવ દિવસ"ની જિલ્લાકક્ષાની ઉજવણી જિલ્લા કલેક્ટર કચેરી પાસે આવેલી બેક્વર્સ રિક્રિએશન ક્લબ ખાતે યોજાશે. આ નિમિત્તે વિવિધ લાભાર્થીઓને લાખો રૂપિયાની યોજનાકીય સહાય-લાભોનું વિતરણ કરવામાં આવશે. રવિવારે સવારે ૧૦.૩૦ કલાકથી આ કાર્યક્રમ શરૂ થશે.

રાજકોટ નિવાસી અધિક કલેક્ટર શ્રી જે. એચ. બારોટે આજે કલેક્ટર કચેરી ખાતે પત્રકારોને આ માહિતી આપતાં વધુમાં જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ અંતર્ગત કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ ૭૫ લાભાર્થીઓને રૂ. ૦૯ લાખની સહાય અને સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ ૩૩ લાભાર્થીઓને રૂ. ૪.૯૫ લાખની સહાય આપવામાં આવશે. આ ઉપરાંત પ્રોત્સાહક ઈનામ પેટે જિલ્લા કક્ષાના ૦૮ લાભાર્થીઓને રૂ. ૧.૦૨ લાખની સહાય જ્યારે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિના ૦૫ લાભાર્થીઓને રૂ. ૧૫ લાખની સહાય આપવામાં આવશે. સરસ્વતી સાધના યોજના હેઠળ સાયકલ સહાયનું વિતરણ પણ કરવામાં આવશે.

રાજકોટ જિલ્લામાં આદિવાસી લાભાર્થીઓને અપાયેલા લાભોની વિગતો આપતા તેમણે કહ્યું હતું કે, સરકારી છાત્રાલય યોજના હેઠળ છેલ્લા ૦૫ વર્ષમાં રૂ. ૨૫૦.૭૮ લાખના ખર્ચે અંદાજીત ૩૧૦ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. પૂર્વ એસ.એસ.સી. વિદ્યાર્થીઓ માટે રાજ્ય શિષ્યવૃત્તિ યોજના હેઠળ છેલ્લા ૦૫



વર્ષમાં રૂ. ૩૧૪.૨૫ લાખના ખર્ચે ૪૨૩૧૬ લાભાર્થીઓને લાભ અપાયો છે. ગણવેશ સહાય યોજના હેઠળ છેલ્લા ૦૫ વર્ષમાં રૂ. ૩૫૧.૪૪ લાખના ખર્ચે ૪૨૨૨૬ લાભાર્થીઓને લાભ અપાયો છે.

ભારત સરકારની પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ (ધો. ૮ અને ૧૦) યોજના હેઠળ છેલ્લા ૦૫ વર્ષમાં રૂ. ૬૫.૧૭ લાખના ખર્ચે ૨૧૭૬ લાભાર્થીઓને તથા કન્યાઓ માટે પોસ્ટ એસ.એસ.સી. રાજ્ય શિષ્યવૃત્તિ યોજના હેઠળ રૂ. ૬૦૮.૦૪ લાખના ખર્ચે ૬૧૭ લાભાર્થીઓને સહાય આપવામાં આવી છે.

ભારત સરકારની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ છેલ્લા ૦૫ વર્ષમાં રૂ. ૪૫૩૨.૬૭ લાખના ખર્ચે ૧૧૮૩૨ લાભાર્થીઓને લાભ અપાયો છે અને વર્ષ ૨૦૨૬-'૨૭ માં રૂ. ૧૧૧૫ લાખની જોગવાઈ કરાઈ છે.

ઉપરાંત પોસ્ટ મેટ્રિક અભ્યાસક્રમોના વિદ્યાર્થીઓને ભોજનબિલ સહાય યોજના હેઠળ છેલ્લા ૦૫ વર્ષમાં રૂ. ૭૭૫.૭૦ લાખના ખર્ચે ૫૫૨૧ લાભાર્થીઓને લાભ અપાયો છે. ધો. ૧૦ અને ધો. ૧૨માં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓને ઈનામ યોજના હેઠળ છેલ્લા ૦૫ વર્ષમાં રૂ. ૫.૦૫ લાખના ખર્ચે ૪૫ લાભાર્થીઓને લાભ મળ્યો છે. કુંવરબાઈનું મામેરું અને સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ છેલ્લા ૦૫ વર્ષમાં રૂ. ૪૭.૬૮ લાખના ખર્ચે અંદાજીત ૩૮૦ લાભાર્થીઓને લાભ અપાયો છે.

તેમણે ઉમેર્યું હતું કે, જનજાતીય ગૌરવ દિવસ માત્ર એક ઉજવણીનો દિવસ નથી, પરંતુ દેશના આદિવાસી સમાજના શૌર્ય, બલિદાન, સંસ્કૃતિ, પરંપરા અને રાષ્ટ્રનિર્માણમાં તેમના યોગદાનને યાદ કરવાનો અવસર છે. આ તકે તેમણે સૌને આ ઉજવણીમાં સહભાગી થવા અપીલ કરી હતી.

ડાયમંડનગર (આમરણ) ખાતે સમસ્ત કાસુન્દ્રા પરિવાર આયોજિત શ્રીમદ્ ભાગવત સપ્તાહનો ભવ્ય પ્રારંભ

૨૦૦ ગાડીઓના વિશાળ કાફલા, ૧૨૧ દીકરીઓના સામૈયા અને હાથીની અંબાડી સાથે ભવ્ય પોથીયાત્રા નીકળી









સન્ની વ્યાસ દ્વારા મોરબી

મોરબી નજીક આવેલા ડાયમંડનગર (આમરણ) ખાતે રામજી મંદિર ગ્રાઉન્ડમાં સમસ્ત કાસુન્દ્રા પરિવાર (ગુજરાત) દ્વારા સર્વ પિતૃ મોક્ષાર્થે ભવ્ય શ્રીમદ્ ભાગવત સપ્તાહ, અખંડ વિષ્ણુ યજ્ઞ અને નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. તારીખ ૧૦ નવેમ્બરના રોજ ૨૦૦ ગાડીઓના વિશાળ કાફલા, ૧૨૧ દીકરીઓના સામૈયા અને હાથીની અંબાડી સાથે ભવ્ય પોથીયાત્રા કાઢીને કથાનો જાજરમાન પ્રારંભ કરવામાં આવ્યો હતો.

કથામૃત અને સમયઃ

આ ધાર્મિક મહોત્સવ આગામી તારીખ ૧૦-૧૧-૨૦૨૬ થી ૧૬-૧૧-૨૦૨૬ સુધી ઉજવાશે. મોઢેરાના તપોવન આશ્રમના મહામંડલેશ્વર ધ્યાનયોગી અવધકિશોરદાસજી રામાયણી પોતાની આગવી અને સંગીતમય શૈલીમાં ભક્તોને કથામૃતનું રસપાન કરાવી રહ્યા છે. કથા શ્રવણનો સમય દરરોજ સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ અને બપોરે થી ૬:૦૦ કલાક સુધીનો રહેશે. જે ભક્તો પ્રત્યક્ષ લાભ ન લઈ શકે તેમના માટે 'શિક્ષા ટીવી' પર કથાનું લાઈવ પ્રસારણ પણ કરવામાં આવી રહ્યું છે.

યજ્ઞ અને સાંસ્કૃતિક કાર્યક્રમોઃ

૯ નવેમ્બરે બપોરે ૯ કલાકે ગોકુળ મથુરા (મોરબી) થી ડાયમંડનગર સુધી ભવ્ય પોથીયાત્રા નીકળી હતી. જેમાં કથાકાર બાપુ અને પોથીજીને હાથી પર બિરાજમાન કરી આમરણ ગામમાં ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. ત્યારબાદ પરિવારના પ્રમુખશ્રી તથા કમિટી મેમ્બર્સ દ્વારા ભવ્ય દીપ પ્રાગટ્ય કરીને કથાનો મંગલ પ્રારંભ કરાવવામાં આવ્યો હતો.

અખંડ વિષ્ણુ યજ્ઞનું પણ આયોજન કરાયું છે, જેમાં કુલ ૧૪૦ યજમાનો લાભ લેશે. કથાની પૂર્ણાહુતિ બાદ તારીખ ૧૭-૧૧-૨૦૨૬ ના રોજ નિજ મંદિરમાં નવચંડી યજ્ઞ યોજાશે. ભક્તો માટે દરરોજ મહાપ્રસાદની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ ઉપરાંત દરરોજ રાત્રે ૯:૦૦ કલાકે રાજા ભરથરી નાટક, રાસ ગરબા, ભજન ડાયરો, કાન ગોપી અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની રમઝટ બોલાવવામાં આવશે.

સંતોના આશીર્વચન અને આમંત્રણઃ

આ પાવન અવસરે પૂજ્ય સંતો દામજી ભગત, અમૃતાનંદજી સરસ્વતી, નારણદાસજી, ધર્મેન્દ્રાનંદજી અને સાધ્વી મોહનદાસજી ખાસ ઉપસ્થિત રહીને આશીર્વચન પાઠવશે. આ ભક્તિમય મહોત્સવનો લાભ લેવા કાસુન્દ્રા પરિવારના પ્રમુખ પ્રાણજીવનભાઈ નાગજીભાઈ તથા કમિટી મેમ્બર્સ દ્વારા સર્વે ધર્મપ્રેમી જનતા અને સાધુ-સંતોને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.વધુ વિગતો માટે ૯૮૨૫૨૧૪૫૨૭, ૯૮૭૯૦ ૭૫૭૬૨, ૯૫૧૦૦૧૦૦૪૬) પર સંપર્ક કરવા જણાવાયુ છે.

સતત ધમકીઓથી કંટાળી જેતપુરમાં પ્રૌઢનો આપઘાત

બે શખ્સોના ત્રાસથી જીવનનો અંત આણ્યો

ટ્રકના રૂપીયા કિશન મેવાડાને આપી દીધા છતાં વધુ પૈસાની ઉઘરાણી કરી સતત ધમકીઓ આપતો'તો

રાજકોટઃ

જેતપુરના ટાકુડીપરા રોડ પર રહેતા પ્રૌઢે બે શખ્સોના ત્રાસથી આપઘાત કરી લીધાનું સામે આવ્યું છે. સપ્ટેમ્બર મહિનામાં ઝેરી દવા ગટગટાવી લેનાર પ્રૌઢની સુસાઈડ નોટના આધારે જેતપુર પોલીસે મરવા મજબુર કર્યાની કલમો હેઠળ બે શખ્સો સામે ગુનો નોંધ્યો હતો.

બનાવ અંગે જેતપુરના ટાકુડીપરા મેઈન રોડ પર રહેતા અક્ષયભાઈ દિનેશભાઈ સુરાણી (ઉ.વ.૩૧) એ આરોપી તરીકે કિશન પ્રવીણ મેવાડા અને અશોક ચના જમોડનું નામ આપતાં જેતપુર સીટી પોલીસે આપઘાતની દુષ્પ્રેરણની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં જણાવ્યું કે, તે સાડીના કારખાનામાં મજૂરી કરે છેતેઓ બે ભાઈ-બહેન છે, જેમાંથી મોટા બેન સ્વાતિબેન જામનગર સાસરે છે. તેમના પિતા દિનેશભાઈએ એક વર્ષ પહેલા તેમના નામ ઉપર એક ટ્રક નં. જીજે-૦૧-ડીવાય-૦૪૨૪ લીધેલ હતો. પિતાને ટ્રક ચલાવતા આવડતો ન હોય જેથી ડ્રાયવર રાખીને ભાડામાં ચલાવતા હતા. ટ્રકના ભાડાનો વહીવટ પિતા કરતા હતા. પિતાને કુલ ત્રણ ભાઈઓ છે.

ગઈ તા.૨૩/૦૯ ના સવારના સાત વાગ્યે પત્નિએ જગાડી કહેલ કે, તમારા પિતાને છાતીમાં દુખાવો થાય છે, તેઓ પગથિયાં પાસે બેસેલ છે. જેથી તે પિતા પાસે જતાં તેઓ બેભાન થઈ ગયા હોય તેમને સારવાર અર્થે ૧૦૮ મારફતે જેતપુર સરકારી હોસ્પિટલે ખસેડતા ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કરી દીધા હતા. બાદ પીએમ કરી મૃતદેહ સોંપી દીધેલ હતો. પીએમ રિપોર્ટમાં પિતાએ ઝેર પી લેતા કાર્ડીયાક એરેસ્ટ થતાં મોત થયાનું તબીબે જાહેર કર્યું હતું. દરમિયાનમાં ઘરના હોલમાં લાકડાની ખાંટ પર પિતાના મોબાઈલ પાસેથી એક કાગળ મળી આવેલ હતો.

જે કાગળમાં પિતાને કિશન મેવાડા સતત ત્રાસ આપતાં હોવાનો ઉલ્લેખ કરેલ હતો. કિશને મારી પાસેથી રૂ. ૫.૫૦ લાખ લઈ ગયેલ છે અને હજી બે લાખની ઉઘરાણી કરે છે, મારી પાસે લખાણ કરાવી લઈ સતત ટોર્ચર કરે છે. વધુમાં અશોક જમોડ ભાડાના પૈસા આપતો નથી અને એક્ટિવા પણ લઈ ગયેલ છે તેવું લખાણ કરેલ હતું. ફરિયાદીએ વધુમાં જણાવ્યું હતું કે, તેમના પિતા છેલ્લા દશ દિવસથી સતત ટેન્શનમાં રહેતા હતા.

પરીવારના સભ્યોને કહેતા હતા કે, મે કિશન મેવાડાને રૂપિયા આપી દેવા છતા વધારે રૂપિયા માંગે છે અને સતત માનસિક ત્રાસ અને ધમકીઓ આપે છે. તેમજ અશોક પાસેથી ઘણા બધા ગાડીના ભાડાના રૂપિયા લેવાના હોય પરંતુ અશોક મારા રૂપીયા આપતો નથી અને ફોન પણ ઉપાડતો નથી અને બહાના બનાવી મને સતત હેરાન પરેશાન કરે છે. વધુમાં તેઓ કહેતા કે, હવે શુ કરવુ તે મને સમજાતુ નથી.

કિશનને યુવકના પિતાએ ટ્રકના રૂપીયા આપી દેવા છતા સતત માનસિક રીતે ખૂબ જ ત્રાસ તથા ધમકીઓ આપી હેરાન કરતો હતો. અશોક ટ્રકમાં કમિશનથી ટ્રાન્સપોર્ટનો માલ ભરાવતો હોય જેથી પિતાના ટ્રાન્સપોર્ટના ભાડાના રૂપીયા અશોક પાસે આવતા હોય જે રૂપીયા પિતાને આપતો ન હતો અને મારા પિતાનુ એકટીવા લઈને ગીરવે મુકીને રૂપીયા લઈ આવેલ હોય, પિતાના ચેકનો પણ ગેર ઉપયોગ કરી સતત માનસિક ત્રાસ આપી મરવા માટે મજબુર કરેલ હોય જેથી યુવાનને પિતાએ ઝેરી દવા ગટગટાવી આપઘાત કરી લીધો હતો.

શરમજનક કૃત્ય : રૈયા રોડ પર સરા જાહેર ૧૦ વર્ષની દિકરીની છેડતી

દિકરીએ હિંમત બતાવી પોતાને છોડાવી લેતાં નરાધમ નાસી છૂટ્યોઃ પોલીસે પોકસો હેઠળ ગુનો નોંધી આરોપીની શોધખોળ આદરી

રાજકોટઃ

શહેરમાં લુખ્ખા અને વિકૃત તત્વોનો ત્રાસ દિન-પ્રતિદિન વધી રહ્યો છે, જેનો ભોગ હવે માસૂમ બાળકો પણ બની રહ્યા છે. શહેરના પોશ અને સતત ટ્રાફિકથી ધમધમતા રૈયા રોડ વિસ્તારમાં એક અત્યંત શરમજનક ઘટના સામે આવી છે. અહીં સરાજાહેર માત્ર ૧૦ વર્ષની સગીર બાળકીની છેડતી કરવામાં આવી હોવાની ઘટના પ્રકાશમાં આવતા સમગ્ર પંથકમાં અરેરાટી સાથે ભારે રોષ વ્યાપી ગયો છે. ધોળા દિવસે બનેલી આ ઘટનાએ મહિલાઓ અને બાળકીઓની સુરક્ષા સામે ફરી એકવાર અનેક ગંભીર સવાલો ઉભા કર્યા છે.

પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ, રૈયા રોડ પર રહેતી ભોગ બનનાર ૧૦ વર્ષની માસૂમ બાળકી ઘર નજીક આવેલી એક દુકાનમાંથી ખાવા માટેની વસ્તુ લેવા માટે ગઈ હતી. બાળકી જ્યારે દુકાનમાંથી વસ્તુ ખરીદીને નિર્દોષ ભાવે બહાર નીકળી પોતાના ઘર તરફ પરત ફરી રહી હતી, ત્યારે જ રસ્તામાં એક વિકૃત માનસિકતા ધરાવતા નરાધમ બાઈક ચાલકે તેને નિશાન બનાવી હતી. આ અજાણ્યા શખ્સે નિર્જનતાનો લાભ ઉઠાવી સરાજાહેર બાળકીનો રસ્તો આંતરી લીધો હતો.

માસૂમ દિકરી કાંઈ સમજે તે પહેલાં જ આ હેવાન શખ્સે તેનો હાથ પકડી લીધો હતો. બાળકીએ પોતાનો હાથ છોડાવવાનો પ્રયાસ કર્યો પરંતુ નરાધમે તેની મજબૂરીનો ફાયદો ઉઠાવી તેના શરીરે અડપલાં કરવાનું શરૂ કરી દીધું હતું.

ધોળા દિવસે રસ્તા પર એક માસૂમ બાળકી સાથે થઈ રહેલી આ ગંદી કરતૂતથી બાળકી એક ક્ષણ માટે ગભરાઈ ગઈ હતી, પરંતુ તેણે હિંમત હારી નહીં. આ પરિસ્થિતિમાં પણ ૧૦ વર્ષની દિકરીએ પોતાની તમામ તાકાત એકઠી કરી, નરાધમની પકડમાંથી પોતાનો હાથ ઝાટકા સાથે છોડાવી લીધો હતો અને જોરજોરથી બૂમાબૂમ કરવાનું શરૂ કર્યું હતું. બાળકીનો પ્રતિકાર અને બૂમાબૂમ જોઈને આસપાસના લોકો એકઠા થઈ જશે તેવા ડરથી આ વિકૃત નરાધમ ગભરાઈ ગયો હતો અને પકડાઈ જવાના બીકે ત્યાંથી સડસડાટ બાઈકમાં નાસી છૂટ્યો હતો.

બાળકી ગભરાયેલી હાલતમાં દોડીને પોતાના ઘરે પહોંચી હતી અને રડતાં રડતાં પોતાની સાથે બનેલી આખી આપવીતી પરિવારજનોને જણાવી હતી. માસૂમ દિકરીની વાત સાંભળીને પરિવારના સભ્યોના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. સરાજાહેર બનેલી આ ઘટનાથી સ્તબ્ધ બનેલા પરિવારજનો તાત્કાલિક પોલીસ મથકે પહોંચ્યા હતા અને સમગ્ર મામલે ફરિયાદ નોંધાવી હતી.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ગાંધીગ્રામ પોલીસે તાત્કાલિક અજાણ્યા નરાધમ વિરૂદ્ધ છેડતી તેમજ પોક્સો એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી ઘટના સ્થળ અને તેની આસપાસના વિસ્તારોમાં લાગેલા સીસીટીવી કેમેરાના ફૂટેજના આધારે શંકાસ્પદ શખ્સની ઓળખ મેળવવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

રૂ. પાંચ લાખના ચેક રિટર્ન કેસમાં મોહનભાઈ હાપલીયાને એક વર્ષની કેદ

રાજકોટઃ

મિત્રતા સંબંધના આધારે હાથ ઉછીના લીધેલા રૂ. પાંચ લાખની પરત ચુકવણી માટે આપેલા ચેક રિટર્ન થતાં નોંધાયેલી ફરિયાદમાં રાજકોટની અદાલતે આરોપી મોહનભાઈ ધરમશીભાઈ હાપલીયાને એક વર્ષની કેદની સજા ફટકારી છે. ઉપરાંત ફરિયાદીને રૂ. પાંચ લાખ વળતર પેટે ચૂકવવાનો હુકમ કર્યો છે. જો વળતરની રકમ નહીં ચૂકવે તો વધુ બે માસની કેદ ભોગવવાનો આદેશ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ, ફરિયાદી કુણાલ ઉમેદભાઈ જરીયા અને આરોપી મોહનભાઈ ધરમશીભાઈ હાપલીયા વચ્ચે મિત્રતાના સંબંધો હતા. આ સંબંધના આધારે આરોપીએ ફરિયાદી પાસેથી હાથ ઉછીના રૂ. પાંચ લાખ લીધા હતા. ત્યારબાદ નાણાંની પરત માગણી કરવામાં આવતાં આરોપીએ રૂ. પાંચ લાખના બે ચેક આપ્યા હતા. જોકે, આ બંને ચેક બેંકમાં રજૂ કરતાં ખાતામાં પૂરતું ભંડોળ ન હોવાના કારણે પરત ફર્યા હતા.

આ અંગે ફરિયાદી દ્વારા પોતાના વકીલ મારફતે કાયદેસરની ડિમાન્ડ નોટિસ પાઠવવામાં આવી હતી. તેમ છતાં આરોપીએ નાણાં પરત નહીં કરતાં નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ હેઠળ રાજકોટની કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

કેસની સુનાવણી દરમિયાન ફરિયાદી પક્ષે એડવોકેટ હિતેષ આર. ભાયાણીએ સુપ્રીમ કોર્ટ તથા વિવિધ વડી અદાલતોના ચુકાદાઓ રજૂ કરી કાયદેસરનું લેણું સાબિત કર્યું હતું. બચાવ પક્ષ ફરિયાદીના મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું ખંડન કરવામાં નિષ્ફળ રહેતાં અદાલતે આરોપીને દોષિત ઠરાવી ઉપરોક્ત સજાનો હુકમ કર્યો હતો. આ કામમાં ફરીયાદી વતી એડવોકેટ તરીકે રાજકોટના યુવા ધારાશાસ્ત્રી હિતેષ આર. ભાયાણી તેમજ લીગલ આસીસ્ટન્ટ તરીકે દર્શિત પાડલીયા, રોનિત ભાયાણી, તથા મીતરાજ રાઠોડ રોકાયેલ હતા.

ચેક રિટર્ન કેસમાં આરોપીને છ માસની કેદ

રાજકોટમાં પટેલ મોબાઈલ એન્ડ એસેસરીઝની દુકાનમાંથી છ આઈફોન સહિત રૂ. ૬,૨૭,૯૦૦ની કિંમતનો માલ ચોરી કરી વેચી નાખવાના મામલે ચેક રિટર્નની ફરિયાદમાં રાજકોટની અદાલતે આરોપીને છ માસની કેદની સજા ફટકારી છે. ઉપરાંત ફરિયાદીને ચેકની બમણી રકમ રૂ. ૧૨,૫૫,૮૦૦ વળતર પેટે બે માસમાં ચૂકવવાનો હુકમ કર્યો છે. વળતર નહીં ચૂકવે તો વધુ ત્રણ માસની કેદ ભોગવવાનો આદેશ કર્યો છે.

કેસની હકીકત મુજબ, ફરિયાદી ચંદ્રકાંત ચતુરભાઈ દેરવાળીયા મોબાઈલની દુકાન ચલાવે છે. વર્ષ ૨૦૨૪માં આરોપીએ તેમની દુકાને નોકરી કરી મિત્રતા કેળવી હતી. બાદમાં ફરિયાદીની ગેરહાજરીનો લાભ લઈ છ મોંઘા આઈફોન અને એસેસરીઝ મળી કુલ રૂ. ૬,૨૭,૯૦૦નો માલ ચોરી વેચી નાખ્યો હતો. આ રકમ ચૂકવવા આરોપીએ નોટરી સમક્ષ ત્રણ માસમાં ચુકવણીનું વચન આપતી પ્રોમિસરી નોટ લખી આપી ચેક આપ્યો હતો.

જોકે, ચેક રિટર્ન થતાં નોટિસ આપવા છતાં રકમ ચૂકવી નહોતી. કોર્ટમાં ફરિયાદી તરફે એડવોકેટ જય પીઠવાએ દસ્તાવેજી અને મૌખિક પુરાવા સાથે દલીલો કરી હતી. આરોપી ફરિયાદી પક્ષના પુરાવાનું ખંડન કરવામાં નિષ્ફળ રહેતાં ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે આરોપીને દોષિત ઠરાવી સજા અને વળતરનો હુકમ કર્યો હતો. આ કેસમાં ફરિયાદી વતી રાજકોટના જાણીતા એડવોકેટ જય એન. પીઠવા રોકાયેલ હતા.



સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

દિલ્હી રેલી અને વેપાર વચ્ચે સંતુલનનો માર્ગ

લોકશાહીમાં અવાજ અને વેપાર બંને એક સાથે આગળ વધે ત્યારે સમાજનો સાચો વિકાસ થાય.દિલ્હીના રામલીલા મેદાનમાં ૧ નવેમ્બરે એક મોટી જનસભા યોજાઈ હતી. આ સભાનું નેતૃત્વ રાહુલ ગાંધીએ કર્યું હતું અને તેમાં ઈન્ડિયા ગઠબંધનના ઘણા વરિષ્ઠ નેતાઓ જોડાયા હતા. સોનિયા ગાંધી, પ્રિયંકા ગાંધી, અખિલેશ યાદવ, મમતા બેનર્જી, તેજસ્વી યાદવ સહિત લગભગ વીસ પક્ષોના નેતાઓ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ પહેલા મિન્ટો રોડ જંક્શનથી કનોટ પ્લેસ તરફ ચાલો દિલ્હી માર્ચ પણ યોજાયો હતો. કાર્યકરો પગપાળા ચાલ્યા હતા અને કાફલામાં અનેક વાહનો પણ હતા.

આ રેલીના સંદર્ભમાં વેપારી સંગઠનોએ પોતાની વાત રજૂ કરી છે. ચેમ્બર ઓફ ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રી અને અન્ય વેપારી સંગઠનોના જણાવ્યા અનુસાર દિવાળીના તહેવારની બિલકુલ નજીક યોજાયેલી આ રેલી અને તેના કારણે લાગેલા સુરક્ષા અને વાહન વ્યવહારના નિયંત્રણોને કારણે વેપાર પર અસર પડી હતી. તેમના કહેવા મુજબ દિલ્હીના વીસ મોટા બજારોમાં લગભગ અઠી લાખ દુકાનો બંધ રહી હતી. આ કારણે લગભગ અગિયાર હજાર કરોડ રૂપિયાના વેપારને અસર થઈ હોવાનો દાવો તેમણે કર્યો છે.વેપારી સંગઠને આ અંગે અગાઉથી ચિંતા વ્યક્ત કરી હતી. કોન્ફેડરેશન ઓફ ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા રાહુલ ગાંધીને ચાર વખત પત્ર લખીને રામલીલા મેદાનમાં સભાથી વેપાર અને વાહન વ્યવહાર પર પડનારી સંભવિત અસર અંગે જાણ કરવામાં આવી હતી. આ પત્રો દ્વારા સંવાદનો માર્ગ ખુલ્લો રાખવાનો પ્રયાસ થયો હતો. આવો સંવાદ લોકશાહીમાં ખૂબ જ ઉપયોગી બને છે.

બીજી તરફ રાહુલ ગાંધીએ માર્ચ મહિના દરમિયાન એક વિડીયો સંદેશમાં પોતાની વાત રજૂ કરી હતી. તેમણે કહ્યું હતું કે કનોટ પ્લેસની દુકાનો બળજબરીથી બંધ કરાવવામાં આવી હતી. માર્ચ અને મોટી રેલીમાં આવનારા લોકોને ખરીદી કરવા માટે પણ અપીલ કરવામાં આવી હતી. પરંતુ ત્યાં પહોંચતા દુકાનો બંધ જોવા મળી હતી. તેમણે લોકોને આ સમગ્ર સ્થિતિને સમજવા માટે અનુરોધ કર્યો હતો.રામલીલા મેદાનમાં યોજાયેલી સભામાં ઘણા નેતાઓએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. તેમાં લેફ્ટના નેતા એમ એ બેબી, તેજસ્વી યાદવ, મલ્લિકાર્જુન ખડગે, અખિલેશ યાદવ, મમતા બેનર્જી, ફારૂક અબ્દુલ્લા, મહેબૂબા મુફ્તી અને અંતમાં રાહુલ ગાંધીએ સંબોધન કર્યું હતું. રાહુલ ગાંધીએ પોતાના ભાષણમાં કહ્યું હતું કે મારી વાત સાચી પડશે. મમતા બેનર્જીએ કહ્યું હતું કે બંગાળમાં હાર્યા નથી પણ હરાવવામાં આવ્યા છે. આ રેલી મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ અને વિશેષ સઘન સુધારણા પ્રક્રિયાના વિરોધમાં યોજાઈ હતી અને લગભગ ચાર કલાક સુધી ચાલી હતી.

દિલ્હી જેવા મોટા શહેરમાં તહેવાર પહેલાનો સમય વેપાર માટે ખૂબ જ મહત્વનો હોય છે. દિવાળી પહેલા લોકો ખરીદી માટે બજારોમાં આવે છે. આ સમયે વાહન વ્યવહાર અને સુરક્ષા વ્યવસ્થા બંનેનું સંચાલન કરવું એક પડકાર બની જાય છે. એક તરફ લોકોને પોતાની વાત રજૂ કરવાનો અધિકાર છે અને બીજી તરફ વેપારીઓને પોતાનો વેપાર કરવાનો અધિકાર છે. બંને અધિકારો લોકશાહીના પાયા છે.વેપારી સંગઠનોએ આપેલો અગિયાર હજાર કરોડનો આંકડો તેમના અંદાજ પર આધારિત છે. અઢી લાખ દુકાનો અને વીસ બજારોની વાત પણ તેમના અનુભવ પરથી આવી છે. આ આંકડાઓ બતાવે છે કે દિલ્હીના બજારો કેટલા મોટા છે અને તહેવારના સમયે તેમનું મહત્વ કેટલું વધી જાય છે.

અસ્ત થતો સૂર્ય, ઊગતી આશાઓ...



પ્રત્યેક આથમતો સૂર્ય પોતાની સાથે દિવસની અનેક યાદો, અનુભવો અને અધૂરી રહી ગયેલી ઇચ્છાઓને લઈને ક્ષિતિજમાં વિલીન થાય છે, પરંતુ તેની વિદાય ક્યારેય અંતની ઘોષણા નથી કરતી, પરંતુ એક નવી સવારના આગમનની મૌન ખાતરી આપે છે. ક્ષિતિજ પર ધીમે ધીમે ઓગળતો સૂર્ય અને તેની સાક્ષીએ અડીખમ ઊભેલી પવનચક્કીઓ જાણે સમય અને સંઘર્ષની કોઈ અદભુત ગાથા કહી રહ્યાં છે. પવનના પ્રવાહમાંથી ઊર્જા સર્જતી આ પવનચક્કીઓ આપણને શીખવે છે કે પ્રકૃતિનો પ્રત્યેક પ્રવાહ નવી શક્યતાઓનું સર્જન કરી શકે છે. બસ, જરૂર છે તો બદલાતા સમય સાથે તાલ મિલાવીને આગળ વધવાની. જીવન પણ કંઈક આવું જ છે. કેટલાંક સ્વપ્નો સાકાર થાય છે, કેટલાંક અધૂરાં રહી જાય છે; કેટલીક આશાઓ ફળીભૂત થાય છે, તો કેટલીક નવી આશાઓને જન્મ આપે છે. સમયની સાથે ઘણું બધું બદલાય છે, છતાં આવતીકાલ માટે કંઈક સારું થવાની આશા ક્યારેય આથમતી નથી. આમ, પૂર્ણતાના આરે ઊભેલું વર્ષ પણ પોતાની સાથે અનેક સ્મૃતિઓ, સફળતાઓ, નિષ્ફળતાઓ અને અનુભવોનો વારસો લઈને વિદાય લેશે. પરંતુ તેની વિદાયમાં જ નવા વર્ષના આગમનની આશા છુપાયેલી છે. કારણ કે પ્રકૃતિનો અવિરત ક્રમ આપણને સતત એક જ સંદેશ આપે છે કે "દરેક અસ્ત એ અંત નથી હોતો, ક્યારેક એ નવી શરૂઆતની પૂર્વભૂમિકા પણ હોય છે." તો ચાલો, વિદાય લેતા વર્ષને કૃતજ્ઞતાપૂર્વક વળાવીએ અને આવનારા વર્ષને નવી આશાઓ, નવા સંકલ્પો તથા ઉજ્જવળ ભવિષ્યની અપેક્ષાઓ સાથે વધાવીએ.

વિટામિન સી સ્વાસ્થ્ય માટે ફાયદાકારક

વિટામિન સી સ્વાસ્થ્ય માટે જરૂરી પોષક તત્વોમાંનું એક છે. તે ઈન્યુનિટી વધારવામાં મદદ કરવાની સાથેસાથે ત્વચા, હાડકા, રક્ત વાહિનીઓ અને જખમ ભરવાની પ્રક્રિયા માટે પણ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

ઘણા લોકો શરીરમાં વિટામિન સી ની કમીને પૂરી કરવા માટે સપ્લીમેન્ટનો સહારો લેતા હોય છે. પરંતુ વિશેષજ્ઞોનું માનવું છે કે, વિટામિન સીની કમી ગંભીર ન હોય તો તેને સમતોલ આહાર દ્વારા પણ પુરી કરી શકાય છે. અહીં વિટામિન સીી કમીને દૂર કરવા માટેના ખાદ્યપદાર્થો વિશે માહિતી આપવામાં આવી છે.

આંબળા

આંબળા વિટામિન સીનો સૌથી વધુ સમૃદ્ધ કુદરતી સ્ત્રોત માનવામાં આવે છે. તેનું નિયમિત સેવન કરવાથી રોગપ્રતિકારક શક્તિ વધે છે.પાચનક્રિયા સુધારવામ સહાય કરે છે. આંબળાનું સેવન તેનો જ્યુસ પીવાથી, મુરબ્બો ખાઈને અથવા તો તેના પાવડર ખાઈને કરી શકાય છે.

જમરૂખ

જમરૂખમાં સંતરા કરતા પણ અધિક વિટામિન સી હોય છે. તેમાં ફાઈબર પ્રચૂર માત્રામાં સમાયેલું હોય છે. જે પાચનક્રિયાને સુધારે છે તેમજ શરીરની રોગપ્રતિરોધક ક્ષમતાને મજબૂત રાખવામાં મદદ કરે છે

સંતરા

સંતરાનું નિયમિત સેવન કરવાથી તે શરીરને હાઈડ્રેટ રાખે છે. ઈમ્યુન સિસ્ટમને મજબૂત કરે છે. તેમજ ત્વચાને ચમકીલી કરે છે.

લીંબુ

લીંબુ રસ વિટામિન સી થી ભરપુર હોય છે. તેને પાણી સાથે, સલાડ અથવા તો અન્ય ખાદ્ય પદાર્થ સાથે ભેળવીને સરળતાથી ખાઈ શકાય છે.

કીવી

કીવીમાં વિટામિન સી સાથે વિટામિન ઈ, ફાઈબર અનેં ન્ટી ઓક્સીડન્ટસ સમાયેલા હોય છે. જે કોશિકાઓને ઓક્સિડેટિવ તનાવથી બચાવામાં મદદ કરે છે.

સિમલા મરચા

લીલા, પીળા અને લાલ રંગના સિમલા મરચામાં વિટામિન સી સારા પ્રમાણમાં સમાયેલું હોય છે. તેનું સેવન શાક કરીને, સલાડ, સેન્ડવિચ તરીકે કરી શકાય છે.

સ્ટ્રોબેરી

સ્ટ્રોબેરીમાં વિટામિન સી ની સાથે એન્ટી ઓક્સીડન્ટ અને ફાઈબર ભરપુર માત્રામાં સમાયેલા હોય છે. તે હૃદય અને સ્વાસ્થ્ય માટે પણ લાભદાયક છે.

જે પડકાર ઝીલશે તેની પ્રગતિ થશે

પડકારને આત્મસાત્ કર્યા વિના તેને પૂરો કરવાની મજા લઈ શકાતી નથી. કોઈપણ પડકાર, આહ્વાન, ચેલેન્જ જીવનમાં ઉન્નતિ લાવનાર છે કે કેમ, તે આપણને ધર્મને માર્ગે લઈ જનાર છે કે કેમ ?

કૌરવ રાજકુમારો અને પાંડવોનો વિદ્યાભ્યાસ પૂરો થયો. ગૂરૂ દ્રોણાચાર્યએ તેમની પાસે ગુરૂદક્ષિણા માંગી. (પાંચાલરાજં દ્રુપદં ગૃહીત્વાપ આદિપર્વ) 'શિષ્યો, પાંચાલરાજ દ્રુપદને યુદ્ધમાં હરાવી તેને કેદ કરી જીવતો મારી પાસે લાવો. મારા માટે આ સર્વોત્તમ ગુરૂદક્ષિણા ગણાશે.' અર્જુન જાણતો હતો કે તે આ કામ કરી શકશે. તેને આત્મવિશ્વાસ હતો. પણ કૌરવોમાં ઘમંડ હતો. તેમની પાસે સારા યોદ્ધાઓ હતા. તેમને ગુરૂનો એ પડકાર પહેલાં ઝીલીને એ સાબિત કરવું હતું કે તેઓ પાંડવો કરતાં વધુ શક્તિશાળી છે. અર્જુન તેમના મનની વાત સમજી ગયો. એટલે તે શાંત રહ્યો. તેણે દ્રોણાચાર્યને એકાંતમાં લઈ જઈને કહ્યું, 'એષાં પરાક્રમસ્યાન્તેપ આદિપર્વ) ગુરૂજી, કૌરવો અભિમાની છે. તેમને પ્રથમ તેમનું પરાક્રમ બતાવવાની તક આપો. તેઓ તેમની શક્તિ બતાવશે ત્યાર પછી જ અમે યુદ્ધ કરીશું. મને ખાત્રી છે કૌરવો યુદ્ધમાં પાંચાલરાજને બંદી નહિ બનાવી શકે.' દ્રોણાચાર્યએ કૌરવોને બોલાવી પડકાર આપ્યો. 'શિષ્યો, જાવ ફતેહ કરો.' બીજાને હલકા સાબિત કરવા કે બીજાની પ્રતિભા ખંડિત કરવા ઝીલાતો પડકાર આત્મકલ્યાણનો માર્ગ નથી. પણ કૌરવોનો સ્વભાવ જ દ્વેષી હતો. તેઓ પાંડવોની ભારોભાર ઈર્ષ્યા કરતા. તેઓ પાંચાલ દેશ ગયા. પણ દ્રુપદ અને તેના ભાઈ સત્યજિતની સામે ટકવું સહેલું નહોતું. તેમણે ઘણા પ્રયત્નો કર્યા પણ દુ:શાસન, વિકર્ણ, શકુનિ, કર્ણ, દુર્યોધન અને સુબાહુ જેવા યોદ્ધાઓ દ્રુપદના ઘાતક બાણોથી ઘાયલ થઈ ગયા. દ્રુપદે તેમના ધનુષ, રથ, ઘોડા અને ધજાઓ છિન્નભિન્ન કરી નાખ્યાં. સૌ જીવ બચાવવા બધું મૂકીને મેદાન છોડીને ભાગી ગયા.

હવે પાંડવોનો વારો હતો. અર્જુને મોટાભાઈ યુધિષ્ઠિરને આરામ કરવા રહ્યું. 'ભાઈ, તમારે સાથે આવવાની જરૂર નથી. અમે ચાર જ પૂરતા છીએ.' પાંડવો પાંચાલ દેશ પહોંચ્યા. કૌરવો સાથે યુદ્ધ કરી સેના આમેય થાકી હતી. રાજા દ્રુપદ સાથે યુદ્ધ શરૂ થયું. દ્રુપદ સેનાએ પાંડવો પર ઉપરાઉપરી હુમલા કર્યા. મહાભારતકાર લખે છે. (તદ્ યુદ્ધમ ભવહ ઘોરં સુમહાદ્ભુતદર્શનમ્) એ યુદ્ધ અત્યંત ભયંકર અને દેખાવમાં અદ્ભુત હતું. છેવટે અર્જુને દ્રુપદને ઘેરી લીધો. (તે યક્ષસેનં દ્રુપદંપ દ્રોણાય ભરતર્ષભઃ) આમ પાંડવોએ ગુરૂનું આહવાન સ્વીકારી અત્યંત કુનેહપૂર્વક દ્રુપદને મંત્રીઓ સહિત યુદ્ધભૂમિમાં બંદી બનાવી દ્રોણાચાર્યની ગુરૂદક્ષિણારૂપે સોંપી દીધો.

પડકારને આત્મસાત્ કર્યા વિના તેને પૂરો કરવાની મજા લઈ શકાતી નથી. કોઈપણ પડકાર, આહ્વાન, ચેલેન્જ જીવનમાં ઉન્નતિ લાવનાર છે કે કેમ, તે આપણને ધર્મને માર્ગે લઈ જનાર છે કે કેમ - એ સમજવામાં આપણો મૂલ્યવિવેક ડહોળાઈ ના જાય તેની તકેદારી રાખવી પડે છે. અને તો જ સાહસ પછીનું પરિણામ આપણને આનંદ આપી શકે છે. સામે આવેલો પડકાર શુભ તરફ લઈ જશે કે અશુભ તરફ એ નિર્ણય લેતી વખતે આપણા ભવિષ્યની અને આપણી સમજશક્તિની આકરી કસોટી થાય છે. આહ્વાન જો આત્મકલ્યાણ કારક હોય, પારકાનું હિત કરનાર હોય કે વ્યક્તિ, સમાજ અથવા દેશની આબરૂ વધારનાર હોય તો તેનું સારું પરિણામ સોનામાં સુગંધ મેળવવાનું કામ કરે છે.

૧૮૯૦ની સાલમાં જે એન તાતા એક રોયલ નેવી યાટ ક્લબમાં દાખલ થતા હતા. ત્યારે તેના સિક્યોરીટી ગાર્ડે તેમને રોક્યા. બાજુમાં લગાડેલું બોર્ડ વાંચવા ઈશારો કર્યો. બોર્ડ પર લખ્યું હતું. 'ઈન્ડિયન-એટલે કે ભારતી અને કૂતરાને પ્રવેશવાની મનાઈ છે.' અચાનક વીજળીનો કરંટ લાગ્યો હોય એમ તાતા ડગી ગયા. તેમના આત્મગૌરવને જબરજસ્ત ઠેસ પહોંચી. તે પગથિયાં ઊતરી દરિયાકિનારે એક પાળ પર બેઠા. મનોમન પ્રતિજ્ઞા કરી.

સરસ્વતી પૂજન : વાણી, વિદ્યા અને વિવેકની આરાધના

ભારતીય કાળગણનામાં કારતક માસનું અનેરું મહત્વ છે. દિવાળીના દીવાઓની રોશની હજુ મનના આંગણામાં ઝળહળતી હોય, નૂતન વર્ષની શુભેચ્છાઓ હજુ હોઠ પર રમતી હોય, ત્યાં જ કારતક સુદ પાંચમનો દિવસ આવે છે. લોકજીભે તેને 'લાભ પાંચમ' કહે છે. લાભ એટલે માત્ર ધનનો લાભ નહીં, લાભ એટલે જીવનને સમૃદ્ધ કરનારો દરેક સદ્ગુણ. આ દિવસે વેપારી પોતાની ચોપડા-પૂજા પૂરી કરીને નવા વહીવટનો આરંભ કરે છે, વિદ્યાર્થી નવા અભ્યાસનો સંકલ્પ કરે છે, અને ગૃહસ્થ પોતાના ઘરમાં જ્ઞાનની જ્યોત પ્રગટાવે છે. આમ લાભ પાંચમ એ ધનના લાભ કરતાં પણ વધુ જ્ઞાનના લાભનો પર્વ છે.

આ પર્વનું બીજું નામ છે જ્ઞાનપંચમી. પાંચમ તિથિને જ્ઞાન સાથે જોડવામાં આવી છે. પંચમી એ સરસ્વતીની તિથિ મનાય છે. જેમ પૂનમ ચંદ્રની છે, તેમ પંચમી સરસ્વતીની છે. આ દિવસે જ્ઞાનની દેવીનું પૂજન થાય છે. જ્ઞાન એટલે માત્ર પુસ્તકિયું જ્ઞાન નહીં, જ્ઞાન એટલે જીવનને જોવાની દ્રષ્ટિ, સાચા-ખોટાનો વિવેક, અને પોતાની જાતને ઓળખવાની કળા. લાભ પાંચમ આપણને યાદ અપાવે છે કે વર્ષનો સાચો આરંભ ધનથી નહીં, જ્ઞાનથી થવો જોઈએ.જ્ઞાનપંચમી એટલે શું? પર્વનો અર્થ અને મહિમા.

પંચમીના દિવસે સવારથી જ ઘરમાં એક અલગ જ પવિત્રતા અનુભવાય છે. લોકો વહેલા ઊઠે છે, સ્નાન કરીને સ્વચ્છ વસ્ત્રો ધારણ કરે છે. ઘરના મંદિરમાં, અભ્યાસના ખૂણામાં, દુકાનના ગલ્લા પાસે પુસ્તકો, વહીઓ, કલમ, પેન, કમ્પ્યુટર અને અભ્યાસના સાધનોને એકત્ર કરીને પૂજવામાં આવે છે. ફૂલ, અક્ષત, ચંદન અને દીવડાથી તે સાધનોને શણગારવામાં આવે છે. આ પૂજન પાછળ એક ગહન ભાવ છે. આપણે જે સાધનોથી જ્ઞાન મેળવીએ છીએ, તે સાધનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવી.

આપણી સંસ્કૃતિમાં જ્ઞાનને બ્રહ્મ સમાન માન્યું છે. 'જ્ઞાનં બ્રહ્મ' એવું ઉપનિષદ વાક્ય છે. જ્ઞાન એ ક્યારેય નાશ ન પામનારું ધન છે. ચોર તેને ચોરી શકતો નથી, અગ્નિ તેને બાળી શકતો નથી, રાજા તેને છીનવી શકતો નથી. ધન વહેંચવાથી ઘટે છે, પણ જ્ઞાન વહેંચવાથી વધે છે. એટલે જ આપણા ઋષિઓએ કહ્યું કે વિદ્યાધન એ સર્વ ધનમાં પ્રધાન છે. જ્ઞાનપંચમી આ જ સત્યને ફરી ફરી આપણા હૃદયમાં સ્થાપિત કરે છે.

આ દિવસે અનેક સ્થળોએ બાળકોનો વિદ્યારંભ કરાવવામાં આવે છે. નાના બાળકના હાથમાં પ્રથમ વખત કલમ આપવામાં આવે છે, પાટી પર 'ૐ' કે 'અ' લખાવવામાં આવે છે. આ ક્રિયા માત્ર અક્ષરનો આરંભ નથી, તે જીવનભરની જ્ઞાનયાત્રાનો આરંભ છે. માતા-પિતા આ દિવસે બાળકને આશીર્વાદ આપે છે કે તારું જીવન જ્ઞાનના પ્રકાશથી ઝળહળે.

જૈન પરંપરામાં જ્ઞાનપંચમી : શ્રુતજ્ઞાનની પૂજા.

જૈન પરંપરામાં જ્ઞાનપંચમીનું સ્થાન અત્યંત પવિત્ર અને વિશિષ્ટ છે. જૈન દર્શનમાં જ્ઞાનને આત્માનો ગુણ માનવામાં આવ્યો છે. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી જીવને જ્ઞાન પ્રગટે છે. જૈન આગમોમાં પાંચ જ્ઞાનની વાત છે — મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન. તેમાં શ્રુતજ્ઞાન એટલે શાસ્ત્રો દ્વારા પ્રાપ્ત થતું જ્ઞાન. કારતક સુદ પાંચમ એ શ્રુતજ્ઞાનની પૂજાનો દિવસ છે.

જૈન ઈતિહાસ અનુસાર, આ દિવસે ભગવાન મહાવીરના પ્રથમ ગણધર શ્રી ગૌતમ ગણધરને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું. કેટલીક પરંપરાઓમાં આ દિવસને શ્રુતપંચમી તરીકે પણ ઓળખવામાં આવે છે. આ દિવસે જૈન ઉપાશ્રયોમાં, દેરાસરોમાં અને ઘરોમાં જ્ઞાનના સાધનોની પૂજા થાય છે. આગમ ગ્રંથો, પુસ્તકો, પોથીઓને વસ્ત્રોમાં લપેટીને, કેસર-ચંદનથી પૂજવામાં આવે છે. સાધુ-સાધ્વીઓ આ દિવસે જ્ઞાનની વિશેષ આરાધના કરે છે, ઉપવાસ કરે છે, સ્વાધ્યાય કરે છે.

જૈન પરંપરામાં કહેવાયું છે કે જ્ઞાનની આશાતના ન કરવી, પુસ્તકને પગ ન અડાડવો, જ્ઞાનના સાધનને અપવિત્ર સ્થાને ન મૂકવું. આ બધા નિયમો પાછળ એક જ ભાવ છે — જ્ઞાન પ્રત્યે અપાર આદર. જૈન શ્રાવક-શ્રાવિકાઓ આ દિવસે નવી પોથી લખાવવાનો, જ્ઞાનદાન કરવાનો, પુસ્તકાલયમાં પુસ્તક અર્પણ કરવાનો સંકલ્પ કરે છે. જ્ઞાનદાનને સર્વ દાનમાં શ્રેષ્ઠ દાન માનવામાં આવે છે. કારણ કે અન્નદાનથી એક દિવસની ભૂખ મટે છે, પણ જ્ઞાનદાનથી જીવનભરનો અંધકાર મટે છે.

જૈન પરંપરાનો આ સંદેશ આજના સમયમાં વધુ પ્રસ્તુત છે. આજે જ્ઞાન મેળવવાના સાધનો વધ્યા છે, પણ જ્ઞાન પ્રત્યેનો આદર ઘટ્યો છે. પુસ્તકોને ફેંકી દેવા, મોબાઈલમાં અધૂરું જ્ઞાન વાંચીને પંડિત થઈ જવું, આજની પેઢીની મોટી ભૂલ છે. જ્ઞાનપંચમી આપણને શીખવે છે કે જ્ઞાનને પવિત્ર માનો, તેની સાધના કરો, તેનો આદર કરો, તો જ તે ફળ આપશે.

પુસ્તક, કલમ અને પાટીનું પૂજન : સાધનો પ્રત્યે કૃતજ્ઞતા.

લાભ પાંચમના દિવસે આપણે પુસ્તકની પૂજા કરીએ છીએ, ત્યારે આપણે વાસ્તવમાં આપણા ગુરુઓની પૂજા કરીએ છીએ. કારણ કે પુસ્તક એ ગુરુનું મૂર્ત સ્વરૂપ છે. જે ગુરુ આજે હયાત નથી, તેનું જ્ઞાન પુસ્તકમાં જીવે છે. કલમ એ સરસ્વતીની જીભ છે. કલમથી લખાયેલો એક શબ્દ કોઈનું જીવન બદલી શકે છે. એટલે કલમને પણ પૂજનીય માનવામાં આવી છે.



આધુનિક યુગમાં પુસ્તકની સાથે કમ્પ્યુટર, લેપટોપ, ટેબલેટ પણ જ્ઞાનના સાધન બન્યા છે. તેમની પૂજા પણ એ જ ભાવથી થવી જોઈએ. સાધન ગમે તે હોય, ભાવ એક જ છે — જેના દ્વારા મને જ્ઞાન મળે છે, તેના પ્રત્યે હું કૃતજ્ઞ છું.

જ્ઞાન, વિનય અને ચારિત્ર્ય : સાચી વિદ્યાના ત્રણ પાયા છે.આપણી સંસ્કૃતિમાં કહ્યું છે — 'વિદ્યા વિનયેન શોભતે'. વિદ્યા વિનયથી શોભે છે. જ્ઞાન જો અહંકાર લાવે તો તે જ્ઞાન નથી, તે માત્ર માહિતી છે. સાચું જ્ઞાન માણસને નમ્ર બનાવે છે. જેમ ફળથી લચેલી ડાળી નમી જાય છે, તેમ જ્ઞાનથી ભરેલો માણસ નમ્ર બને છે. લાભ પાંચમ આપણને આ વિનયની દીક્ષા આપે છે.

જ્ઞાન સાથે ચારિત્ર્ય ન હોય તો જ્ઞાન ભયંકર બની જાય છે. અણુશક્તિનું જ્ઞાન જો ચારિત્ર્ય વિનાના હાથમાં જાય તો તે વિનાશ નોતરે છે. એટલે જ ભારતીય પરંપરાએ હંમેશા જ્ઞાનની સાથે ચારિત્ર્ય અને નીતિને જોડ્યા છે. વિદ્યાર્થી માત્ર પરીક્ષામાં સારા ગુણ મેળવે એ પૂરતું નથી, તે સારો માણસ બને એ જ સાચી વિદ્યા છે.

લાભ પાંચમનો સંદેશ : અજ્ઞાનમાંથી જ્ઞાન તરફની યાત્રા.

લાભ પાંચમ એ માત્ર એક તિથિ નથી, તે એક દ્રષ્ટિ છે. તે કહે છે કે દરેક નવા વર્ષનો આરંભ જ્ઞાનના સંકલ્પથી કરો. દર વર્ષે એક નવું પુસ્તક વાંચો, એક નવી વિદ્યા શીખો, એક નવો સદ્ગુણ કેળવો. જીવનમાં ધનનો લાભ તો આવશે અને જશે, પણ જ્ઞાનનો લાભ કાયમ રહેશે.આજના ડિજિટલ યુગમાં જ્ઞાનપંચમીનો અર્થ વધુ ઊંડો બને છે. માહિતીના મહાસાગરમાં આપણે ડૂબી રહ્યા છીએ, પણ જ્ઞાનના મોતી શોધવા મુશ્કેલ બન્યા છે. આ દિવસે આપણે સંકલ્પ કરીએ કે આપણે માત્ર માહિતી નહીં, વિવેક મેળવીશું. માત્ર ડિગ્રી નહીં, દ્રષ્ટિ મેળવીશું. માત્ર નોકરી માટે નહીં, જીવન માટે ભણીશું.અંતે, લાભ પાંચમ આપણને એક જ પ્રાર્થના શીખવે છે — 'અસતો મા સદ્ગમય, તમસો મા જ્યોતિર્ગમય.' અસત્યમાંથી સત્ય તરફ, અંધકારમાંથી પ્રકાશ તરફ મને લઈ જા. જ્ઞાન એ જ પ્રકાશ છે, જ્ઞાન એ જ લાભ છે, જ્ઞાન એ જ જીવન છે.

સમયની સરિતા સતત વહ્યા કરે છે. એક પછી એક વર્ષ કાળ અને ગર્તામાં વિલીન થાય છે. જે વીલીન નથી થતું તે જ્ઞાન છે. જ્ઞાન એટલે માહિતી નહીં પરંતુ પરમ સમીપે પહોંચવાનું પ્રથમ સોપાન છે

આસપાસ ચોપાસ
સુરેશ ભટ્ટ

અંડર-૧૯ એશિયા કપ વન-ડે ફાઇનલમાં ભારત - પાકિસ્તાન વચ્ચે ફરી થશે ટક્કર

મુંબઈ, અલ અમીરાત (ઓમાન): ભારતે ગુરુવારે અફઘાનિસ્તાનને અન્ડર-૧૯ એશિયા કપ વન-ડે ટૂર્નામેન્ટની સેમિ ફાઇનલમાં આઠ વિકેટે કચડીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો જેમાં ભારતનો મુકાબલો આ ટૂર્નામેન્ટમાં ફરી એક વખત પાકિસ્તાન સામે થશે. લીગ રાઉન્ડમાં અને ગયા વર્ષના ડિસેમ્બરમાં ભારતનો પાકિસ્તાન સામે પરાજય થયો હતો એટલે એ બન્ને હારનો બદલો શનિવારે લઈ લેવાની ભારતની જુનિયર ટીમને તક છે. ગુરુવારે પ્રથમ સેમિ ફાઇનલમાં પાકિસ્તાને બાંગ્લાદેશને ૧૬૯ બૉલ બાકી રાખીને નવ વિકેટે હરાવીને ફાઇનલમાં એન્ટ્રી કરી હતી.



સેમિ ફાઇનલમાં અફઘાનિસ્તાને આઠ વિકેટે ૨૨૭ રન બનાવ્યા બાદ ભારતે ૨૨૮ રનનો લક્ષ્યાંક ૩૬.૫ ઓવરમાં (૭૯ બૉલ બાકી રાખીને) ૨/૨૩૦ના સ્કોર સાથે મેળવી લીધો હતો. બન્ને ટીમની ફીલ્ડિંગમાં ઘણી કચાશ હતી અને બન્નેના ફીલ્ડર્સે કૅચ છોડ્યા હતા.કૅપ્ટન લક્ષ્ય રાયચંદાની (૯૩ રન, ૯૦ બૉલ, એક છગ્ગો, તેર ચોગ્ગા) આઉટ થતાં સાત રન માટે સદી ચૂકી ગયો હતો, પણ એ પહેલાં તેણે ટીમને જીતની નજીક પહોંચાડી દીધી હતી. તેણે પહેલાં આર્યવીર સેહવાગ (૫૧ રન, ૫૭ બૉલ, ચાર છગ્ગા, ચાર ચોગ્ગા) સાથે પ્રથમ વિકેટ માટે ૧૧૭ રનની અને પછી વી. કે. વિનીત (૫૭ અણનમ, ૬૨ બૉલ, એક છગ્ગો, પાંચ ચોગ્ગા) સાથે બીજી વિકેટ માટે ૭૭ રનની ભાગીદારી કરી હતી. યશબર્ધન ચૌહાણ ૧૬ રને અણનમ રહ્યો હતો. અફઘાનિસ્તાનના નૂર અલી નિઆઝી અને સોહેલ ખાનને એક-એક વિકેટ મળી હતી.અફઘાનિસ્તાને ટૉસ જીતીને બૅટિંગ લીધા બાદ સાધારણ શરૂઆત કરી હતી અને છેવટે ભારતને લક્ષ્યાંક પણ સાધારણ આપી શક્યું હતું. વિકેટકીપર-બૅટ્સમૅન નોમન સલરઝાઈ અને શાહ ફૈઝલ રહિમીના ૫૧-૫૧ રન ટીમમાં હાઇએસ્ટ હતા. અફઘાનિસ્તાનની ટીમ ૫૦ ઓવરમાં આઠ વિકેટે ૨૨૭ રન બનાવી હતી. ભારતીય બોલર્સમાંથી સૌથી વધુ ત્રણ વિકેટ પેસ બોલર ઈશાન સૂદે અને બે વિકેટ મોરબીના આર્યન સવસાણીએ લીધી હતી. ગુજરાતના જ કાવ્ય પટેલ તેમ જ અર્જુન રાજપૂત અને યશબર્ધન ચૌહાણ એક-એક વિકેટ લઈ શક્યા હતા.

પ્રેક્ટિસ દરમિયાન અર્શદીપના બોલમાં આઉટ થતા વિરાટ કોહલી ચકરાવે ચઢ્યો



ન્યૂ ઝીલૅન્ડ, ઓવલના મેદાન પર ન્યૂ ઝીલૅન્ડ સામે રમાનારી ચોથી વન-ડે માટેની પ્રૅક્ટિસમાં વિરાટ કોહલી, અર્શદીપ સિંહ, ગુરનૂર બ્રાર અને મોહમ્મદ સિરાજ વચ્ચે મૈત્રીભાવે ચડિયાતા પુરવાર થવા તીવ્ર હરીફાઈ થઈ હતી અને એમાં એક ક્ષણ એવી હતી જેમાં વિરાટ ગુસ્સે થઈ ગયો હતો.

પાંચ મૅચની સિરીઝમાં ત્રણ મૅચને અંતે ભારત ૨-૦થી આગળ છે અને સિરીઝ જીતવા માટે માત્ર એક વિજયની જરૂર છે. હવે ન્યૂ ઝીલૅન્ડ આ શ્રેણી જીતી નહીં શકે. ભારત સિરીઝ જીતી શકશે, પણ હારી નહીં શકે.

વિરાટ પ્રૅક્ટિસમાં ત્રણેયમાંથી એક પછી એક બોલર સામે રમ્યો હતો. વિરાટે ત્રણેય સાથે ફીલ્ડિંગ સેટ-અપ બાબતમાં પણ પંજાબીમાં ચર્ચા કરી હતી.

૨૦ મિનિટના પ્રૅક્ટિસ સેશનમાં વિરાટે ત્રણેયની બોલિંગમાં ખૂબ ફટકાબાજી કરી હતી, પરંતુ એક પળ એવી આવી હતી જેમાં વિરાટે અર્શદીપના બૉલમાં વિકેટ ગુમાવ્યા બાદ પિત્તો ગુમાવ્યો હતો.

વિરાટે ગુસ્સો અર્શદીપ પર નહીં, પણ સ્ટમ્પ્સ પર ઊતાર્યો હતો. અર્શદીપે તેને આઉટ કરતાં જ વિરાટ સ્તબ્ધ થઈ ગયો હતો અને પોતાનાથી શું ભૂલ થઈ એ વિચારતો રહી ગયો હતો. જોકે પછીથી બધા ખેલાડીઓ એકબીજાની મસ્તીમજાક કરવા લાગ્યા હતા.

હાર્દિક પંડ્યાના આગમનથી પંજાબ કિંગ્સ ટીમ બનશે વધુ મજબૂત : મહંમદ કૈફ

નવી દિલ્હી, ભારતના ભૂતપૂર્વ બૅટ્સમૅન અને ચપળ ફીલ્ડર મોહમ્મદ કૈફનું એવું માનવું છે કે ઑલરાઉન્ડર હાર્દિક પંડ્યાના આવવાથી પંજાબ કિંગ્સને ખૂબ ફાયદો થશે. કૈફને એવું પણ લાગે છે કે આઇપીએલમાં હાર્દિકની જે પ્રતિભા છે એ જોતાં તેને પૈસામાં આંકી ન શકાય.

૨૦૨૭ની આઇપીએલ પહેલાં તેમ જ ખાસ કરીને ૧૬મી ડિસેમ્બરે ગોવામાં યોજાનારા પ્લેયર્સ-ઑક્શન અગાઉ હાર્દિક પંડ્યા અને અર્શદીપ સિંહની અદલાબદલીનો મુદ્દો સૌથી વધુ ચર્ચામાં છે. મુંબઈ ઇન્ડિયન્સના ભૂતપૂર્વ કૅપ્ટન હાર્દિકને હવે એક સીઝન રમવાના ૧૬.૩૫ કરોડ રૂપિયાને બદલે પંજાબના ફ્રૅન્ચાઇઝી તરફથી ૧૮ કરોડ રૂપિયા મળશે. અર્શદીપને મુંબઈનું ફ્રૅન્ચાઇઝી પંજાબના ફ્રૅન્ચાઇઝી જેટલા ૧૮ કરોડ રૂપિયા ચૂકવશે.



કૈફના મતે હાર્દિક થ્રી-ડી એટલે કે થ્રી ડાયમેન્શનલ ખેલાડી છે. બીજા શબ્દોમાં કહીએ તો હાર્દિક બોલિંગ, બૅટિંગ અને ફીલ્ડિંગ ત્રણેયમાં કાબેલ છે અને આ ત્રણેય કૌશલ્યથી મૅચની બાજી પલટાવી શકે એમ છે. તે એવા ટોચના ખેલાડીઓમાં ગણાય છે જે એકલા હાથે મૅચની બાજી ફેરવી શકે છે. 'હાર્દિક મિડલ-ઑર્ડરમાં આક્રમક બૅટિંગ કરી શકે છે, જરૂર પડે ત્યારે મહત્ત્વપૂર્ણ ઓવર બોલિંગ કરી શકે છે અને શાનદાર ફીલ્ડિંગથી પણ ટીમને ઉપયોગી બની શકે છે. મુંબઈ ઇન્ડિયન્સ સાથેના હાર્દિકના સંબંધોને બે રીતે જોવા જોઈએ. માત્ર ખેલાડી તરીકે હાર્દિકનું પ્રદર્શન અને કૅપ્ટન તરીકે હાર્દિકનો કાર્યકાળ. આ બે બાબતને અલગ દૃષ્ટિકોણથી જોવા જોઈએ.તે માત્ર ખેલાડી હતો એ સમયગાળામાં તેણે મુંબઈને ચાર ટાઇટલ અપાવવામાં મોટું યોગદાન આપ્યું હતું. મુંબઈની ટીમ પર લાંબા સમય સુધી રોહિત શર્માની કૅપ્ટન્સીનો પ્રભાવ રહ્યો હતો. તેણે ટીમને પાંચ ટાઇટલ અપાવ્યા હતા. જોકે હાર્દિક એ ટીમનો કૅપ્ટન બન્યો ત્યાર બાદ તેના પર (મેદાન પર અને મેદાનની બહાર) માનસિક દબાણ વધી ગયું હતું.'હાર્દિકના સુકાનમાં મુંબઈની ટીમ એક વખત પ્લે-ઑફમાં પહોંચી, પણ બીજી બે સીઝનમાં અનુક્રમે ૧૦મા તથા નવમા ક્રમે રહી હતી.

સનાઈઝર્સ હૈદરાબાદની માલિક કાવ્યા મારન અનિરુદ્ધ રવિચંદર સાથે લગ્નગ્રંથીથી જોડાઈ

મુંબઈ, જાણિતા મ્યુઝિક કમ્પોઝર અનિરુદ્ધ રવિચંદર અને સનરાઇઝર્સ હૈદરાબાદની માલિક કાવ્યા મારને પોતાના જીવનની નવી ઇનિંગ્સ શરૂ કરી છે. બંનેના લગ્નની પહેલી તસવીર સોશિયલ મીડિયા પર સામે આવતા જ ફેન્સમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શેર કરેલી તસવીરમાં આ નવપરિણીત જોડી એકબીજા સાથે ખૂબ જ સુંદર અને રોયલ અંદાજમાં નજરે પડી રહી છે.



તસવીરમાં અનિરુદ્ધ અને કાવ્યા એકબીજાનો હાથ પકડીને ફૂલોની વર્ષા વચ્ચે ચાલતા જોવા મળે છે. બેકગ્રાઉન્ડમાં સફેદ અને પીળા ફૂલોથી સજાવેલો ભવ્ય મંડપ આ ક્ષણને વધુ યાદગાર બનાવી રહ્યો છે. અનિરુદ્ધે પોતાના લગ્ન માટે ક્લાસિક લુક પસંદ કર્યો હતો. તેણે આઇવરી કલરનો કુર્તો અને મેચિંગ વેષ્ટી પહેરી છે, જેની ઉપર બારીક એમ્બ્રોઇડરી કરેલું લોંગ જૅકેટ પહેરેલું છે. રિપોર્ટ્સ અનુસાર, આ ગોલ્ડ ડિટેઇલિંગવાળી ઓફ-વ્હાઇટ શેરવાની જેવો રોયલ લુક આપે છે.કાવ્યા મારને આ ખાસ દિવસ માટે બ્લશ-પિંક કલરનો લહેંગો પસંદ કર્યો હતો, જેના પર ડિટેઇલ્ડ એમ્બ્રોઇડરી અને સિક્વિન વર્ક થયેલું છે. આ આઉટફિટ સાથે તેણે મેચિંગ બ્લાઉઝ, સ્ટેટમેન્ટ ચોકર નેકલેસ અને ભારે ઇયરરિંગ્સ પહેરીને પોતાનો લુક કમ્પ્લીટ કર્યો છે. ખુલ્લા વેવી હેરસ્ટાઇલે તેના આખા બ્રાઇડલ લુકને અત્યંત સોફ્ટ અને આકર્ષક બનાવ્યો છે.તસવીર સાથે લખેલી લાઇન 'My once in a lifetime, fro a lifetime' ચાહકોને ખૂબ પસંદ આવી રહી છે, જેનો અર્થ જીવનભર સાથ નિભાવનારા ખાસ જીવનસાથી સાથે થાય છે. આ સાથે લખાયેલું ૧૧.૧૧ આ ખાસ તારીખ અને સમયને જીવનભર માટે યાદગાર બનાવે છે. બંનેની તસવીરમાં જોવા મળતી સાદગી અને પ્રેમે લોકોનું ધ્યાન ખેંચ્યું છે અને હવે ફેન્સ આ ભવ્ય લગ્નની વધુ તસવીરોની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

અર્ચના પુરનસિંહ ફરી બનશે દુલ્હન પતિ પરમિત સાથે ફરશે સાત ફેરા



મુંબઈ, બોલીવૂડ અને ટેલિવિઝન જગતની જાણીતી અભિનેત્રી અર્ચના પૂરન સિંહ અને તેના પતિ પરમીત સેઠી ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવી છે. ૬૪ વર્ષની વયે અર્ચના પૂરન સિંહ ફરીથી લગ્ન કરવા જઈ રહી હોવાના સમાચારે ચાહકોમાં ભારે ઉત્સુકતા જગાવી છે. તાજેતરમાં એક ખાસ કાર્યક્રમ 'ધમાલ વિથ પતિ પત્ની ઔર પંગા'ના શોમાં આ દંપતીએ મીડિયા સમક્ષ પોતાની આ અનોખી યોજનાનો ખુલાસો કર્યો હતો.

ઈવેન્ટ દરમિયાન અર્ચના પૂરન સિંહ પિંક સ્ટાઈલિશ પેન્ટ-સૂટમાં અને પરમીત સેઠી બેજ ડબલ-બ્રેસ્ટેડ બ્લેઝર સૂટમાં અત્યંત આકર્ષક અંદાજમાં જોવા મળ્યા હતા. અર્ચના અને પરમીતે હળવાશભર્યા અંદાજમાં જણાવ્યું કે અગાઉ તેમના લગ્ન સમયે ઘણી પરંપરાગત વિધિઓ અધૂરી રહી ગઈ હતી, જેને તેઓ 'ભૂલ થઈ ગઈ' કહીને યાદ કરે છે. આ વખતે તેઓ પોતાના લગ્નની તમામ વિધિઓ અને રિવાજો સંપૂર્ણ ધામધૂમથી પૂર્ણ કરવા જઈ રહ્યા છે, જેમાં ચાહકોને પણ ખૂબ જ મજા આવવાની છે. દંપતીએ મીડિયા અને દર્શકોને આ ખાસ ઉજવણીમાં સામેલ થવા માટે જાહેર આમંત્રણ પણ પાઠવ્યું હતું.

અર્ચના પૂરન સિંહ અને પરમીત સેઠીના આ ભવ્ય લગ્ન સમારોહને ટેલિવિઝનના પડદે જોવા માટે ચાહકો અત્યંત ઉત્સાહિત છે.

છૂટાછેડા બાદ અંગત જીવન અને ડેટિંગની અફવા અંગે સાનિયા મિર્ઝાએ કર્યો ખુલાસો

મુંબઈ, ભારતીય ટેનિસ સ્ટાર સાનિયા મિર્ઝાએ પાકિસ્તાની ક્રિકેટર શોએબ મલિક સાથેના છૂટાછેડા બાદ પોતાની પર્સનલ લાઇફ અને ડેટિંગની અફવાઓ પર આખરે મૌન તોડ્યું છે. તાજેતરમાં પોતાની ખાસ મિત્ર અને ફિલ્મમેકર ફરાહ ખાન સાથે નેહા ધૂપિયા અને અંગદ બેદીના યુટ્યુબ ટોક શો 'ડબલ ડેટ'માં હાજરી આપતાં સાનિયાએ પોતાના રિલેશનશિપ સ્ટેટસ અંગે ખુલીને વાત કરી હતી.



ભૂતપૂર્વ ભારતીય ટેનિસ ચેમ્પિયન સાનિયા મિર્ઝા છેલ્લા ઘણા સમયથી પોતાની પ્રોફેશનલ કમિટમેન્ટ્સ અને પુત્ર ઇઝહાનના ઉછેર પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. જોકે, શોએબ મલિકથી અલગ થયા બાદ તેની પર્સનલ લાઇફ અને બીજા લગ્ન કે ડેટિંગને લઈને સોશિયલ મીડિયા પર અવારનવાર અટકળો ચાલતી રહે છે. તાજેતરમાં ૩૯ વર્ષીય સાનિયા મિર્ઝા પોતાની ગાઢ મિત્ર ફરાહ ખાન સાથે નેહા ધૂપિયા અને અંગદ બેદીના યુટ્યુબ શો 'ડબલ ડેટ'માં મહેમાન બની હતી, જ્યાં તેણે પોતાની રિલેશનશિપ લાઇફના તમામ સવાલોના બેબાક જવાબ આપ્યા હતા.

વાતચીત દરમિયાન હોસ્ટ અંગદ બેદીએ સાનિયાને સીધો સવાલ પૂછ્યો કે, શું તને ક્યારેય તારા કોઈ મેલ ફ્રેન્ડે કોફી ડેટ માટે નથી પૂછ્યું? આ સવાલ પર સાનિયાએ હસતાં-હસતાં કહ્યું કે, તે લોકો મને કોફી ડેટ માટે નહીં, પરંતુ 'બોય્ઝ ટ્રિપ' પર જવા માટે બોલાવે છે. મારા પુરુષ મિત્રો મને પણ એક છોકરાની જેમ જ ટ્રીટ કરે છે. આ દરમિયાન ફરાહ ખાને મજાક કરતાં કહ્યું કે, તેના ઘણા પુરુષ મિત્રો તેને ફોન કરીને પૂછે છે કે શું સાનિયા મિર્ઝા ખરેખર સિંગલ છે? જેના જવાબમાં સાનિયાએ પુષ્ટિ કરી કે તે સાચે જ સિંગલ છે.જ્યારે અંગદ બેદીએ ફરી પૂછ્યું કે શું તેને ક્યારેય કોઈ પુરુષ સાથે સુંદર પળો વિતાવવાનું મન નથી થતું? ત્યારે ફરાહ ખાને તરત જ ટોકતાં કહ્યું હતું કે તને કેવી રીતે ખબર કે તે એન્જોય નથી કરી રહી? ફરાહની વાતને સમર્થન આપતાં સાનિયાએ પહેલા સ્મિત કર્યું અને પછી કહ્યું, મારા જીવનમાં કોઈ પુરુષ નથી, અથવા હોઈ પણ શકે છે. જોકે, તરત જ હસીને તેણે સ્પષ્ટતા કરી કે તે માત્ર મજાક કરી રહી હતી અને હાલમાં તે સંપૂર્ણપણે સિંગલ છે.સાનિયાએ પોતાના પુત્ર ઇઝહાન વિશે વાત કરતાં જણાવ્યું કે તે પણ ટેનિસ રમે છે, પરંતુ તેને ટેનિસ કરતાં અન્ય રમતોમાં વધુ રસ છે. સાનિયા અને ફરાહ ખાનની દોસ્તી જગજાહેર છે. સાનિયાએ અગાઉ પણ કહ્યું હતું કે તેના જીવનના સૌથી કપરા તબક્કામાં ફરાહ ખાન એક મજબૂત આધારસ્તંભ બનીને તેની સાથે ઊભી રહી હતી.

શબ્દ શોધો

બ	રા	બ	ર	ઇ	વિ	ધ	ક	ગી	ફ	ગી	ઈ
તુ	ર	ઉ	મ	શિ	વ	ધ	પ્ર	કી	ર	જી	ભા
કા	કા	ગ	હિ	ળ	બ	ચી	વ	ધ	જ	તી	ન
બા	લ	ફ	મા	ર	મા	કા	ગ	ધ	ગ	ક્ષ	ર
બા	આ	ઇ	ક્ષ	ધ	બા	શિ	જ	ળ	ર	દ	ભો
આ	પ્રા	ચી	વ	વા	સ	બા	જ	ભ	ક	ણા	બ
ક	ર	ન	બં	કા	મા	કા	ઐ	મો	મ	સ	અ
પ્ર	બા	દ	બા	કી	લ	કુ	મા	સ	આ	રો	અં
ર	સા	બં	ભા	ધ	બા	બ	આ	પ્ર	મા	દ	ધ
ભો	રા	દ	અઃ	ક	બા	સ	ક્ષ	મા	દ	મ	કા
સા	ર	ગ	પ્રા	મા	ણિ	ક	મા	મા	ઓ	ઊ	સા
કા	ન	લ	ધ	ળ	ચા	ઓ	ણ	ગી	ધ	ર	ગં

શબ્દ શોધો

પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા

રામાયણ ફિલ્મ જોયા પછી ડ્રીમગર્લ હેમા માલિનીએ કર્યા ભરપૂર વખાણ



મુંબઈ, બોલીવૂડ સુપરસ્ટાર રણબીર કપૂર, રોકિંગ સ્ટાર યશ અને સાઈ પલ્લવી સ્ટારર પૌરાણિક મેગા-બજેટ ફિલ્મ 'રામાયણ' હાલ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે. વિશ્વભરમાં માત્ર પાંચ દિવસમાં રૂપિયા ૬૭૫ કરોડથી વધુની કમાણી કરી ચૂકેલી આ ફિલ્મે દર્શકોની સાથે હિન્દી ફિલ્મોના દિગ્ગજોને પણ ઘેલું લગાડ્યું છે. બોલીવૂડની 'ડ્રીમ ગર્લ' અને મથુરાથી લોકસભા સાંસદ હેમા માલિનીએ થિયેટરમાં ફિલ્મ નિહાળ્યા બાદ સોશિયલ મીડિયા પર ખુલીને પોતાના અનુભવની સમીક્ષા કરી છે. તેમણે સ્વીકાર્યું હતું કે તેઓ સાવ ઓછી અપેક્ષાઓ સાથે થિયેટરમાં ગયા હતા, પરંતુ ફિલ્મના અદભુત સ્પેશિયલ ઇફેક્ટ્સ અને કલાકારોના અસાધારણ અભિનયે તેમના શ્વાસ થંભાવી દીધા હતા.નિતીશ તિવારી દ્વારા દિગ્દર્શિત અને નમિત મલ્હોત્રા દ્વારા નિર્મિત બે ભાગની મેગા-કેનવાસ ફિલ્મ 'રામાયણ' બોક્સ ઓફિસ પર રોજ નવા કીર્તિમાન સ્થાપિત કરી રહી છે. સામાન્ય પ્રેક્ષકોથી લઈને ફિલ્મ ઉદ્યોગના દિગ્ગજો પણ આ ફિલ્મના વિઝ્યુઅલ્સ અને માહોલના વખાણ કરતાં થાકતા નથી. હવે આ યાદીમાં ભારતીય સિનેમાની જાણીતી અભિનેત્રી અને સાંસદ હેમા માલિનીનું નામ પણ જોડાઈ ગયું છે.હેમા માલિનીએ થિયેટરમાં 'રામાયણ' જોયા બાદ પોતાના ઓફિશિયલ ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર ફિલ્મનું પોસ્ટર શેર કરીને એક વિસ્તૃત સમીક્ષા પોસ્ટ કરી હતી.

ટોક્સિકમાં ઈન્ટિમેટ સીન અંગે સિદ્ધાર્થે કોઈ પ્રતિક્રિયા આપી નથી : કિયારા અડવાણી



મુંબઈ, બોલીવૂડની જાણીતી અભિનેત્રી કિયારા અડવાણી તાજેતરમાં જ લોકપ્રિય ચેટ શો 'કોફી વિથ કરણ' સીઝન ૯માં પતિ સિદ્ધાર્થ મલ્હોત્રા સાથે મહેમાન બનીને આવી હતી. આ દરમિયાન કિયારાએ સાઉથ સુપરસ્ટાર યશ સાથેની પોતાની ફિલ્મ 'ટોક્સિક'ના બોક્સ ઓફિસ પર ખરાબ પ્રદર્શન તેમજ ફિલ્મમાં આપેલા ઈન્ટિમેટ સીન્સને લઈને થયેલી ટીકાઓ પર પહેલીવાર ખુલીને વાત કરી હતી.શોના હોસ્ટ કરણ જોહરે જ્યારે પૂછ્યું કે 'ટોક્સિક' ફિલ્મ અપેક્ષાઓ પર ખરી ન ઉતરતાં તેનું શું રિએક્શન હતું, ત્યારે કિયારાએ પોતાની નિરાશા વ્યક્ત કરી હતી. કિયારાએ જણાવ્યું કે રિલીઝના પ્રથમ વીકએન્ડ દરમિયાન ફિલ્મના નબળા પ્રદર્શનથી તે ખૂબ જ દુઃખી અને નિરાશ થઈ ગઈ હતી. અભિનેત્રીના જણાવ્યા મુજબ, ફિલ્મને સારી ઓપનિંગ મળી હોવા છતાં આખી ટીમમાં કોઈએ એવું વિચાર્યું નહોતું કે ફિલ્મ બોક્સ ઓફિસ પર આ રીતે નિષ્ફળ જશે. જોકે, કિયારાએ ઉમેર્યું કે આ અનુભવ ભલે મુશ્કેલ રહ્યો હોય, પરંતુ 'ટોક્સિક' માટે પોતાના કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળીને કામ કરવું તે તેની કારકિર્દી માટે એક મહત્ત્વપૂર્ણ વળાંક સાબિત થશે.ફિલ્મમાં અભિનેતા યશ સાથેના રોમેન્ટિક અને ઈન્ટિમેટ સીન્સ અંગે પતિ સિદ્ધાર્થની પ્રતિક્રિયા વિશે કિયારાએ સ્પષ્ટ વાત કરી હતી. સિદ્ધાર્થના રિએક્શન અંગે કિયારાએ કહ્યું,"તેને આ સીન્સથી કોઈ જ ફરક પડ્યો નહોતો. તેણે ક્યારેય આ વિષય પર કોઈ વાત સુદ્ધાં કરી નથી."સોશિયલ મીડિયા પર થયેલી ટીકાઓ અંગે કિયારાએ જણાવ્યું કે તેણે નોંધ્યું હતું કે ઘણા લોકો આ ટ્રોલિંગ પાછળના બેવડા ધોરણો પર સવાલ ઉઠાવી રહ્યા હતા.

રાજકોટ બી.એ.પી.એસ. સ્વામિ નારાયણ મંદિરે નૂતન વર્ષે ભગવાનને ૧૧૧૧થી અધિક શુદ્ધ શાકાહાર વાનગીઓનો અન્નકૂટ ધરાયો






રાજકોટ નવી ઋતુમાં તૈયાર થયેલું અન્ન ભગવાનને અર્પણ થાય ત્યાર પછી જ તેનો સ્વીકાર થાય એ આપણી હિન્દુ સંસ્કૃતિની પવિત્ર પરંપરા અંતર્ગત પ.પૂ.મહંતસ્વામી મહારાજના આશીર્વાદથી વિશ્વના ૫૫ દેશોનાં ૧૮૦૦ મંદિરોમાં નૂતન વર્ષે ભગવાન સમક્ષ વિવિધ વાનગીઓના અન્નકૂટ રચવામાં આવે છે. રાજકોટ બી.એ.પી.એસ. સ્વામિ નારાયણ મંદિરે નૂતન વર્ષે શાકાહારીના સંદેશ સાથે ભગવાનને ૧૧૧૧થી અધિક વાનગીઓનો ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો.

રાજકોટ બી.એ.પી.એસ. સ્વામિ નારાયણ મંદિરે દર વર્ષની જેમ આ વર્ષે અન્નકૂટ ઉત્સવમાં ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય એમ ચારેય વિભાગની કુલ ૧૧૧૧ જેટલી શાકાહારીવાનગીઓ ધરાવવામાં આવી હતી જેમાં ૧૫૦ જાતના વિવિધ મિષ્ટાન, ૧૨૫ જાતનાં વિવિધ ફરસાણ, ૮૫ જાતની બેકરીની વાનગીઓ, ૬૦ જેટલા જ્યુસીસ અને શેઈક, ૪૫ જાતનાં આઈસક્રીમ અને કેન્ડી અને ૭૫ જાતના મુખવાસનો સમાવેશ થતો હતો.

આ તમામ વાનગીઓ હિન્દ પરંપરાગત શૈલીપ્રમાણે નીલ કંઠવર્ણીમહારાજ સમક્ષ અનેમંદિર પર ઠાકોરજી સમક્ષ પ્રથમ ગોળાકારમાં મિષ્ટાન અને દ્વિતીય ગોળાકારમાં દાળ, ભાત, કઠોળ વગેરે ભીની વાનગીઓ ધરાવવામા આવીહતી.

આ અન્નકૂટ ઉત્સવની આરતીનો લાભ લેવા માટે ધારાસભ્યશ્રી ભાનુબેન બાબરિયા, પૂર્વ રાજ્ય સભાસાંસદશ્રી રામભાઈ મોકરિયા, પૂર્વ રાજ્યમંત્રીશ્રી અરવિંદભાઈ રૈયાણી, પૂર્વસાંસદશ્રી ગોવિંદભાઈ પટેલ, પૂર્વસાંસદશ્રી લાખાભાઈ સાગઠીયા, કમિશ્નર ઓફ પોલીસ શ્રીબ્રિજેશકુમાર ઝા, મેયરશ્રી નેહલભાઈ શુક્લ, ડેપ્યુટી મેયર દક્ષાબે નવસાણી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી પરેશભાઈ પીપળીયા તથા રાજકોટના અગ્રણી ઉદ્યોગપતિઓ, બિલ્ડરો, શાળા સંચાલકો અને મહાનુભાવો જોડાયા હતા. સમગ્ર દિવસ દરમિયાન દર કલાકે સાંજે ૭:૦૦ વાગ્યા સુધી ભક્તોએ આ આરતીનો લાભ પ્રાપ્ત કર્યો હતો.

રાજકોટ મંદિરે યોજાયેલ અન્નકૂટ ઉત્સવના આયોજનમાં રાજકોટ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના કોઠારી પૂ.બ્રહ્મતીર્થ સ્વામી, ભંડારી પૂ.ગુરુચિંતન સ્વામી, પૂ.અપૂર્વ મુનિસ્વામી સહિત અન્ય સંતો તથા હજારો સ્વયંસેવકોએ જુદાજુદા ૨૫ વિભાગોમાં છેલ્લા એક મહિનાથી ખૂબ જ જહેમત ઉઠાવી હતી જેમાં નાના બાળકોથી લઈ વૃદ્ધસેવકોનો પણ સમાવેશ થાય છે. હજારો દર્શનાર્થીઓ શાંતિપૂર્વક દર્શન કરી શકે તે માટેનું શિસ્તબદ્ધ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પુરુષ અને મહિલા કાર્યકરોની ટીમ ખડેપગે સેવામાં રહી હતી. સમગ્ર દિવસ દરમિયાન અન્નકૂટની મહાઆરતીમાં રાજકોટ શહેરના હરિભક્તોની સાથે શહેરના શ્રેષ્ઠીજનો પણ જોડાયા હતા. આઅન્નકૂટનો પ્રસાદ હાલ રાજકોટ શહેર અને ગ્રામ્ય વિસ્તારના હજારો ભાવિક ભક્તો સુધી પહોંચાડવામાં આવી રહ્યો છે. પ્રગટ ગુરુહરિપ. પૂ.મહંતસ્વામી મહારાજની હાજરીમાં ગોંડલમાં પણ ખૂબ જ ભવ્ય અન્નકૂટ ઉત્સવ ઉજવાયો હતો અને પ.પૂ. મહંતસ્વામી મહારાજે સૌભક્તોને - મને-ધને સુખિયા થાય અને નૂતન વર્ષ સૌ કોઈ માટે યશસ્વી અને સુખદાયક નીવડે તેવા રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

મેંગો પીપલ પરિવારે પ્રગટાવી માનવતાની દિવ્ય જ્યોત: સૌરાષ્ટ્રના ૪ શહેરોમાં ઉજવાઈ અનોખી દિવાળી!

રાજકોટ, જામનગર, મોરબી અને વાંકાનેરમાં ૭૫૦થી વધુ માસૂમ બાળકોને મિષ્ટાન નવા વસ્ત્રોનું વિતરણ



રાજકોટ, દિવાળી એટલે રોશનીનો પર્વ, ખુશીઓનો ઉત્સવ! તહેવારના દિવસોમાં આપણે સૌ આપણા પરિવાર માટે નવા કપડાં અને ભાત-ભાતના મીઠાઈના બોક્સ ઘરમાં લાવીને ઉજવણી કરીએ છીએ, પરંતુ સમાજના છેવાડે રહેતા ઝૂંપડપટ્ટી અને સ્લમ વિસ્તારના વંચિત બાળકો માટે આ ખુશીઓ એક સ્વપ્ન સમાન હોય છે. આવી ગરીબાઈ અને અંધકાર વચ્ચે જીવતા બાળકોના જીવનમાં રોશની પાથરવા માટે 'મેંગોપીપલ પરિવાર' દર વર્ષની જેમ આ વર્ષે પણ આગળ આવ્યું છે અને સાચા અર્થમાં તહેવારની હૃદયસ્પર્શી ઉજવણી કરી માનવતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. દિવાળીના આ પાવન પર્વે મેંગોપીપલ પરિવાર દ્વારા સૌરાષ્ટ્રના ચાર પ્રમુખ શહેરોમાં દિવાળીની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોરબીના વજેપરવાડી વિસ્તાર, લજાઈના સીમ વિસ્તાર તેમજ ગોકુલનગરમાં જરૂરિયાતમંદ બાળકોને મિષ્ટાન બોક્સ અર્પણ કરાયા હતા. વાંકાનેરના ચંદ્રપુર વિસ્તારમાં વસતી દીકરીઓને મીઠાઈના કિટ્સ એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત જામનગરમાં જૂના રેલવે સ્ટેશન પાસે આવેલ ભીમવાસ, આંબેડકરનગર અને પ્રદર્શન ગ્રાઉન્ડ પાસેની ઝૂંપડપટ્ટીના બાળકો તથા રાજકોટમાં રૈયાધાર અને અટીકા વિસ્તારના સ્લમ વિસ્તારો મળીને કુલ ૭૫૦થી વધુ ભૂલકાંઓને દિવાળી મિષ્ટાન બોક્સનું વિતરણ કરી તેમના મુખ પર અણમોલ સ્મિત ખીલાવવામાં આવ્યું હતું.

માત્ર મીઠાઈ જ નહીં, પરંતુ તહેવારનો સાચો આનંદ બાળકો અનુભવી શકે તે માટે સંસ્થા દ્વારા શાળાએ જતા ૨૫૦થી વધુ જરૂરિયાતમંદ બાળકોને જુના નહીં પરંતુ બ્રાન્ડ ન્યૂ વસ્ત્રો એનાયત કરવામાં આવ્યા હતા. નવા કપડાં પહેરીને બાળકોના ચહેરા પર જે અદ્ભુત આનંદ અને ચમક જોવા મળી હતી, તેણે ઉપસ્થિત સૌ કોઈના હૃદય ભરી દીધા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, 'મેંગોપીપલ પરિવાર' સંસ્થા છેલ્લા ૧૩ વર્ષથી ઝૂંપડપટ્ટી અને સ્લમ વિસ્તારોના બાળકોને નિ:શુલ્ક પાયાનું શિક્ષણ આપી તેમને મુખ્ય પ્રવાહની શાળાઓમાં દાખલ કરાવવા તેમજ તેમના સર્વાંગી વિકાસ માટે અવિરતપણે કાર્યરત છે. આ ઉપરાંત સંસ્થા દ્વારા ચલાવવામાં આવતા 'પ્રોજેક્ટ મુસ્કાન' અંતર્ગત છેલ્લા ૯ વર્ષથી ગ્રામ્ય અને સ્લમ વિસ્તારની જરૂરિયાતમંદ બહેનો-દીકરીઓને દર મહિને નિ:શુલ્ક સેનેટરી પેડ્સ અને પર્સનલ હાઈજીન કિટ્સ પૂરી પાડીને નારી સ્વાસ્થ્યની જાગૃતિનું મોટું અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. સંસ્થાને અપાતું દાન ઈક્રમટેક્સની ૮૦ય કલમ હેઠળ કરમુક્ત છે.

સ્વામિનારાયણ ગુરુકુળ મેમનગર ખાતે ભવ્યાતિભવ્ય અન્નકૂટ મહોત્સવ અને ચોપડા પૂજન સંપન્ન: મોટી સંખ્યામાં ભક્તો ઉમટ્યા




અમદાવાદ:દિપાવલી અને નૂતન વર્ષના પવિત્ર મહોત્સવ નિમિત્તે સ્વામિનારાયણ ગુરુકુળ મેમનગર, અમદાવાદ ખાતે માધવપ્રિયદાસજી સ્વામી તથા બાલકૃષ્ણદાસજી સ્વામીના દિવ્ય સાનિધ્યમાં ભવ્યાતિભવ્ય 'અન્નકૂટ મહોત્સવ' તથા 'ચોપડા પૂજન'નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

ખેતરોનું નવું અનાજ સૌપ્રથમ ઠાકોરજીના ચરણોમાં દર્શાવવાની પરંપરા

દિપાવલીના આ દિવ્ય પર્વ પર ભગવાન આગળ વિવિધ પકવાનોનો અન્નકૂટ ધરાવવાની સનાતન પરંપરા રહેલી છે. ખેતરોમાંથી નવું અનાજ પકીને જ્યારે ઘરે આવે છે, ત્યારે 'સૌપ્રથમ ભગવાન ભોજન ગ્રહણ કરે અને ત્યારબાદ જ તેનો પ્રસાદ રૂપે ઉપયોગ કરીએ' એવા ઉત્કટ ભાવ સાથે ભક્તજનોએ અત્યંત શ્રદ્ધા પૂર્વક ભગવાન આગળ વિવિધ પ્રકારની વાનગીઓ અને પકવાનો અર્પણ કર્યા હતા.

પરંપરાગત અને આધુનિક ડિજિટલ ચોપડા પૂજન

અન્નકૂટ મહોત્સવની સાથે સાથે આજે નૂતન વર્ષના શુભારંભ અર્થે વિશેષ 'ચોપડા પૂજન' અને 'લક્ષ્મી પૂજન'નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ભક્તોએ પોતાના વ્યવસાય અને રોજિંદા ઉપયોગમાં લેવાતા નામાના ચોપડાઓનું વૈદિક મંત્રોચ્ચાર સાથે પૂજન કર્યું હતું. બદલાતા સમય સાથે આ વર્ષે અનેક ભક્તોએ પોતાના લેપટોપ અને ટેબ્લેટ જેવા ડિજિટલ સાધનોનું પણ પૂજનમાં સમાવેશ કરીને નૂતન વર્ષ માટે સમૃદ્ધિની પ્રાર્થના કરી હતી.

આ સમગ્ર મહોત્સવ દરમિયાન ગુરુકુળ પરિસરમાં ભક્તિસભર વાતાવરણ સર્જાયું હતું અને મોટી સંખ્યામાં હરિભક્તોએ ઉપસ્થિત રહીને અન્નકૂટ દર્શન તથા પૂજનનો દિવ્ય લાભ લીધો હતો.

જૂનાગઢ ખાતેની વેટરનરી કોલેજ દ્વારા અશ્વો અને ગદર્ભો માટે પાલીતાણામાં વિશેષ નિ:શુલ્ક આરોગ્ય નિદાન અને સારવાર કેમ્પ યોજાયો



જૂનાગઢ, વેટરનરી કોલેજ, કામધેનુ યુનિવર્સિટી, જૂનાગઢ તથા પશુપાલન શાખા, જિલ્લા પંચાયત, ભાવનગરના સહયોગથી ભાવનગર જિલ્લાના પાલીતાણા તથા આસપાસના વિસ્તારના અશ્વ પાલકોના હિતાર્થે વિશેષ નિ:શુલ્ક અશ્વ આરોગ્ય નિદાન અને સારવાર કેમ્પનું આયોજન સરવૈયા નગર, તળેટી, પાલીતાણા, ભાવનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામ્ય વિસ્તારના તથા આર્થિક રીતે નબળા અશ્વ પાલકોને તેમના અશ્વો અને ગદર્ભો માટે નિ:શુલ્ક પશુચિકિત્સા સેવાઓ, રોગોનું નિદાન, જરૂરી સારવાર તેમજ આધુનિક પશુ આરોગ્ય સેવાઓનો લાભ સ્થાનિક સ્તરે ઉપલબ્ધ કરાવવાનો હતો.

કેમ્પ દરમિયાન અશ્વો તથા ગદર્ભોની આરોગ્ય તપાસ, વિવિધ રોગોનું નિદાન અને જરૂરી સારવાર, કૃમિનાશક દવાઓ તથા રસીકરણ અંગે માર્ગદર્શન, લોહીની તપાસ સહિતની ઉપલબ્ધ નિદાન સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. આ ઉપરાંત ચામડીના રોગોનું નિદાન અને સારવાર, આંખોની તપાસ, ખરી તથા લંગડાપણાની સમસ્યાઓનું નિદાન, ગર્ભાવસ્થા અને પ્રજનન સંબંધિત સમસ્યાઓનું મૂલ્યાંકન, ખોરક્નુ વ્યવસ્થાપન તેમજ નાની શસ્ત્ર ક્રિયાની જરૂરિયાત અંગે નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કેમ્પની સફળતામાં વેટરનરી કોલેજ, કામધેનુ યુનિવર્સિટી, જૂનાગઢના વિવિધ વિભાગોના વડાઓ તથા તેમની ટીમનો પણ મહત્વપૂર્ણ ફાળો રહ્યો હતો. આ કેમ્પમાં ડૉ. એ. એ. વાઘ, ડૉ. એસ. કે. ઝાલા, ડૉ. પી. એમ. ચૌહાણ, ડૉ. વી. આર. નિમાવત, ડૉ. કે. કે. સોરઠિયા ડો. જે. આર. ડામોર અને ડૉ. ડી. વી. કાબરિયા સહિત વિવિધ વિભાગોના નિષ્ણાતો તથા તેમની ટીમે ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની નિષ્ણાત સેવાઓ અને ટેકનિકલ સહયોગ પૂરો પાડયો હતો.

ઉપરાંત પશુપાલન વિભાગ તરફથી ડૉ. દેત્રોજા, ડૉ. તેજસ મહેતા, ડૉ. વી. પી. જાની અને ડૉ. એચ. એમ. કામળિયા સહિતના પશુચિકિત્સકોએ કેમ્પમાં સક્રિય ભાગ લઈ અશ્વો અને ગદર્ભોની આરોગ્ય તપાસ, રોગોના નિદાન તથા સારવારની કામગીરીમાં મૂલ્યવાન સેવાઓ આપી હતી. આ કેમ્પમાં કુલ ૧૩૨ અશ્વો અને ૧૦૫ ગદર્ભો એમ કુલ ૨૩૭ પશુઓની વિવિધ રોગો અને આરોગ્યલક્ષી સમસ્યાઓ માટે તપાસ કરી જરૂરી સારવાર અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. ખાસ કરીને ગામડાંના અને આર્થિક રીતે નબળા અશ્વ પાલકો માટે આ કેમ્પ આશીર્વાદરૂપ સાબિત થયો હતો. પશુઓની સારવાર માટે દૂરના સ્થળોએ જવાની જરૂરિયાત ઘટે અને પશુપાલકોને તેમના વિસ્તારમાં જ નિષ્ણાત પશુચિકિત્સા સેવાઓ મળી રહે તે દિશામાં આ આયોજન મહત્વપૂર્ણ બની રહ્યું હતું.

આ કેમ્પને વધુ અસરકારક અને સેવાલક્ષી બનાવવા માટે જૂનાગઢ સ્થિત અરિહમ ટ્રસ્ટ દ્વારા પણ મહત્વપૂર્ણ સહયોગ આપવામાં આવ્યો હતો. ટ્રસ્ટ દ્વારા કેમ્પ માટે કેટલીક જરૂરી દવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. આ ઉપરાંત પશુઓના રોગોના વધુ સચોટ નિદાન અને મૂલ્યાંકન માટે પોર્ટેબલ એક્સ-રે સુવિધા પણ પૂરી પાડવામાં આવી હતી. આ પ્રસંગે વેટરનરી કોલેજ, કામધેનુ યુનિવર્સિટી, જૂનાગઢના ઈન્ચાર્જ પ્રિન્સિપાલશ્રી ડૉ. એમ. ડી. ઓડેદરા દ્વારા પણ આ સેવાકીય પ્રવૃત્તિ અંગે પોતાના પ્રતિભાવો વ્યક્ત કરવામાં આવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે ગ્રામ્ય વિસ્તારના અને આર્થિક રીતે નબળા અશ્વપાલકોને નિષ્ણાત પશુચિકિત્સા સેવાઓ તેમના ઘરઆંગણે ઉપલબ્ધ કરાવવી એ યુનિવર્સિટીની સામાજિક જવાબદારીનો એક મહત્વપૂર્ણ ભાગ છે. આવા કેમ્પ દ્વારા અશ્વો અને ગદર્ભોના આરોગ્યની જાળવણી, રોગોનું સમયસર નિદાન અને યોગ્ય સારવાર અંગે પશુપાલકોમાં જાગૃતિ લાવવામાં મદદ મળે છે. તેમણે આ કેમ્પને સફળ બનાવવા માટે સહયોગ આપનાર તમામ મહાનુભાવો, સંસ્થાઓ અને પશુચિકિત્સા ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

રાજકોટમાં રાષ્ટ્રીય સરસ મેળાનું ભવ્ય સમાપન: રૂ. ૫.૧૨ કરોડના વિક્રમી વેચાણથી ૧૬૪ પરિવારોની દિવાળી બની ખુશહાલ



સરસ મેળામાં સ્વસહાય જૂથોની બહેનોએ સર્જ્યો વેચાણનો નવો વિક્રમ; શ્રેષ્ઠ વેચાણ અને આકર્ષક પ્રોડક્ટ ડિસ્પ્લે ધરાવતા સ્ટોલધારકોનું પુરસ્કાર આપી સન્માન

રાજકોટ મહિલા સશક્તિકરણ, સ્વરોજગાર અને આર્થિક આત્મનિર્ભરતાના સંકલ્પને સાકાર કરવાની સાથે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની ભાવનાને જીવંત કરતો રાષ્ટ્રીય કક્ષાનો સરસ મેળો રાજકોટના રેસકોર્સ ખાતે તા. ૨૫ ઓક્ટોબરથી ૫ નવેમ્બર દરમિયાન યોજાયો હતો.

ગુજરાત લાઈવલીહૂડ મિશન અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા આયોજિત મેળાનું ભવ્ય સમાપન જિલ્લા પંચાયત પ્રમુખશ્રી સંજયભાઈ પીપળીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ મેળામાં દેશભરના સ્વસહાય જૂથો (જીઝૅય્જ) દ્વારા ઉત્પાદિત વિવિધ ચીજવસ્તુઓના વેચાણ થકી રૂ. ૫.૧૨ કરોડનું વિક્રમી વેચાણ નોંધાયું હતું. આ અભૂતપૂર્વ પ્રતિસાદથી ૧૬૪ પરિવારો માટે આર્થિક સમૃદ્ધિની નવી આશા જાગી હતી અને તેમની દિવાળી વધુ ખુશહાલ બની હતી. સરસ મેળો બન્યો બહેનોની આવડત અને આત્મનિર્ભરતાનું મજબૂત પ્લેટફોર્મ દિવાળીના પર્વને અનુલક્ષીને સખી મંડળોની બહેનો દ્વારા તૈયાર કરવામાં આવેલી આકર્ષક હસ્તકલા, હેન્ડીક્રાફ્ટ, પરંપરાગત કળા અને વિવિધ ઘરવપરાશની ચીજવસ્તુઓને રાજકોટની જનતાએ ઉત્સાહભેર આવકારી હતી. બહેનોના કૌશલ્ય અને સર્જનાત્મકતાને ગ્રાહકોનો બહોળો પ્રતિસાદ મળતાં મેળામાં રૂ. ૫.૧૨ કરોડનું વેચાણ થયું હતું. આ વેચાણથી સ્વસહાય જૂથોની બહેનોને આર્થિક લાભની સાથે પોતાના ઉત્પાદનોની ગુણવત્તા અને બજારક્ષમતાને વધુ વિકસાવવાની તક પણ મળી હતી.

આલેખન - રાજકુમાર

ગિરનાર લીલી પરિક્રમા દરમિયાન ચેપી રોગ અટકાવવા અને જાહેર સુખાકારી માટે જાહેરનામું પ્રસિદ્ધ કરાયું

યજ્ઞેશ ભટ્ટ, જુનાગઢ, ગિરનાર લીલી પરિક્રમામાં ખૂબ મોટી સંખ્યામાં યાત્રાળુઓ એકત્રિત થતાં હોય, ત્યારે ખાસ બહોળી સંખ્યામાં એકત્ર થતા લોકોને ધ્યાનમાં રાખી ચેપીરોગ અટકાવવા તથા જાહેર સુખાકારીના પગલાના ભાગરૂપે જૂનાગઢ શહેર તેમજ ભવનાથ તળેટી અને તેની આસપાસના ફરતા ૮ કિ.મી ના અંતરમાં જરૂરી અમલવારી માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ જાહેરનામુ બહાર પાડ્યું છે.

આ જાહેરનામા મુજબ પીવાના પાણીનો બગાડ થાય તથા પાણી પીવાલાયક ન રહે તેવા કૃત્યો કરવા નહીં, જાહેર તંદુરસ્તીને નુકસાન પહોંચાડે તેવી રીતે ખાદ્ય પદાર્થો રાખવા નહીં, ખાદ્ય પદાર્થોને ધૂળ લાગે તથા માખીઓ બેસે તે રીતે રાખવા નહીં, આરોગ્ય ખાતાના અધિકારી કર્મચારીઓની સૂચના વિરુદ્ધ ખાદ્ય પદાર્થ રાખવા કે વેચાણ કરવા નહીં, રક્તપિત અને ચેપી રોગ વાળા શખ્સોએ પરિક્રમા રૂટ ઉપર દાખલ થવું નહીં અને ગંદકી કરવાની રહેશે નહીં. આ જાહેરનામું તા. ૧૯/૧૧/૨૦૨૬ થી તા.૨૪-૧૧-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

ગિરનાર લીલી પરિક્રમાના રૂટમાં ફટાકડા લઈ જવા, વેચાણ કરવા અને ફોડવા પર પ્રતિબંધ

યજ્ઞેશ ભટ્ટ, જુનાગઢ, ગરવા ગિરનારની પરિક્રમા તા.૨૦-૧૧-૨૦૨૬ ના રોજ મધ્ય રાત્રી થી યોજાનાર છે. આ પરિક્રમા દરમિયાન ભવનાથ તળેટી તથા પરિક્રમાના રૂટ ઉપર બહોળા પ્રમાણમાં યાત્રિકો-ભાવિકો પધારે છે. ત્યારે ગિરનાર અનામત જંગલ વિસ્તારમાં આગ લાગવાના અને અનિચ્છનીય બનાવો ન બને તે માટે ગિરનાર પરિક્રમા રૂટમાં જંગલ વિસ્તારમાં તા.૧૯/૧૧/૨૦૨૬ થી તા.૨૪/૧૧/૨૦૨૬ દરમિયાન કોઈ પણ પ્રકારના ફટાકડા લઈ જવા, વેચાણ કરવા તેમજ ફોડવા પર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ જાહેરનામું પ્રસિદ્ધ કરીને પ્રતિબંધ ફરમાવ્યો છે.

કેન્દ્ર સરકારની મહિલા અનામત સુધારા ખરડાને પસાર કરવા માટે સંસદનું વિશેષ સત્ર બોલાવવાની યોજના

કેન્દ્ર સરકારને આ ખરડો ૧૫-૧૮ મતોના અંતરથી પસાર થવાનો વિશ્વાસ

નવી દિલ્હી,

કેન્દ્ર સરકાર મહિલા અનામત લાગુ કરવા સંબંધિત બંધારણીય સુધારા ખરડાને પસાર કરાવવા માટે સંસદનું એક "વિશેષ સત્ર" બોલાવવાની યોજના બનાવી રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ખરડો ૧૫ થી ૧૮ મતોની સરસાઈથી પસાર થઈ જશે તેવો વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો છે.

મીડિયા સૂત્રોએ જણાવ્યું હતું કે સરકાર પાસે જરૂરી સંખ્યાબળ હોવાનો વિશ્વાસ છે, પરંતુ તેમણે પ્રસ્તાવિત સત્રની તારીખો કે તેની અવધિ વિશે કોઈ માહિતી આપી નથી.

બંધારણીય સુધારા ખરડાને પસાર કરવા માટે બે-તૃતીયાંશ બહુમતીની જરૂર હોય છે, જેના માટે સરકારને ૩૬૧ મતોની આવશ્યકતા છે. હાલમાં ૫૪૩ સભ્યોની લોકસભામાં ત્રણ બેઠકો ખાલી છે.

આ પ્રસ્તાવિત સુધારા હેઠળ, સીમાંકન (delimitation) પ્રક્રિયા દ્વારા લોકસભાની બેઠકોની સંખ્યા વર્તમાન ૫૪૩ થી વધારીને મહત્તમ ૮૫૦ સુધી લઈ જવાનો પ્રયાસ છે. આનાથી સંસદ અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામત લાગુ કરવાનો માર્ગ મોકળો થશે.

આ પગલું એવા સમયે લેવામાં આવ્યું છે જ્યારે અગાઉ ૧૭ એપ્રિલે બજેટ સત્ર દરમિયાન બોલાવવામાં આવેલા એક વિશેષ બેઠકમાં, આવો જ એક બંધારણીય સુધારા ખરડો જરૂરી સંખ્યાબળના અભાવે પસાર થઈ શક્યો ન હતો.

સંસદનું ચોમાસુ સત્ર, જે દરમિયાન ૧૩ ઓગસ્ટે બંને ગૃહોની કાર્યવાહી અનિશ્ચિત મુદત માટે સ્થગિત (adjourned sine die) કરવામાં આવી હતી, તે હજુ સુધી સત્તાવાર રીતે સમાપ્ત (prorogued) કરવામાં આવ્યું નથી. આ સત્ર ૯૧ દિવસથી સત્તાવાર રીતે સમાપ્ત થયા વિના ચાલુ છે, જેણે ૨૦૦૮માં બનેલા ૮૩ દિવસના અગાઉના રેકોર્ડને તોડી નાખ્યો છે.

હાલના સત્ર દરમિયાન જ કાર્યવાહી લંબાવવી હોય તો ઓછામાં ઓછા બે દિવસની નોટિસ આપવી પડે છે, જ્યારે નવું સત્ર બોલાવવા માટે ઓછામાં ઓછા ૧૪ દિવસની નોટિસ જરૂરી હોય છે.

સરકારના ચોમાસુ સત્રને સત્તાવાર રીતે સમાપ્ત ન કરવાના નિર્ણયને કારણે, પ્રસ્તાવિત સુધારા પર વિચારણા કરવા માટે સત્ર લંબાવવામાં આવશે અથવા વિશેષ બેઠક બોલાવવામાં આવશે તેવી અટકળો તેજ બની હતી.

સરકાર ૨૦૨૯ની સંસદીય ચૂંટણી પહેલાં મહિલા અનામત કાયદો અમલમાં મૂકવા માંગે છે. આ પ્રક્રિયામાં દક્ષિણના રાજ્યોની ચિંતાઓને દૂર કરવા માટે, સરકાર તમામ રાજ્યો માટે લોકસભાની બેઠકોની સંખ્યામાં ૫૦ ટકાનો વધારો કરવાનો પ્રસ્તાવ મૂકી રહી છે.અગાઉના ખરડાના આધારે તૈયાર કરાયેલા આ નવા ડ્રાફ્ટમાં, ૧૯૭૧ની વસ્તી ગણતરીના આધારે રાજ્યો વચ્ચે બેઠકોનું જે વર્તમાન પ્રમાણ છે, તેને યથાવત રાખવાનો પ્રસ્તાવ હોવાનું જાણવા મળ્યું છે.

રક્ષા મંત્રાલયે યુદ્ધજહાજ INS બેતવાને અપગ્રેડ કરવા માટે ૫૦૦ કરોડ રૂપિયાનો સોદો કર્યો



નવી દિલ્હી,

સંરક્ષણ મંત્રાલયે નૌકાદળના જહાજ, INS બેતવાના અપગ્રેડ માટે કોચીન શિપયાર્ડ લિમિટેડ સાથે રૂ. ૪૯૮.૫૮ કરોડના કરાર પર હસ્તાક્ષર કર્યા છે. ૧૧ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ નવી દિલ્હીમાં સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહની હાજરીમાં આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ કરાર હેઠળ, ભારતીય નૌકાદળનું બ્રહ્મપુત્ર-વર્ગનું ફ્રિગેટ, INS બેતવા, એક મુખ્ય પ્રોપલ્શન સિસ્ટમ પરિવર્તનમાંથી પસાર થશે, જેમાં તેની હાલની સ્ટીમ-આધારિત પ્રોપલ્શન સિસ્ટમને ડીઝલ-એન્જિન-આધારિત પ્રોપલ્શન સિસ્ટમથી બદલવાનો સમાવેશ થાય છે. રિફિટમાં આધુનિક શસ્ત્ર સ્યુટની સ્થાપના દ્વારા તેની લડાઈ ક્ષમતાઓનું અપગ્રેડેશન પણ શામેલ હશે, જેનાથી જહાજની કાર્યકારી અસરકારકતામાં વધારો થશે.

આ પ્રોજેક્ટ જહાજ સમારકામ અને જાળવણી ઇકોસિસ્ટમમાં સ્વદેશી ક્ષમતાઓને વધુ મજબૂત બનાવશે, ખાસ કરીને જટિલ પ્રોપલ્શન સિસ્ટમ પરિવર્તન અને નૌકાદળ પ્લેટફોર્મના આધુનિકીકરણમાં. આ પ્રોજેક્ટમાં ૫૦ થી વધુ MSMEજ સામેલ થવાની અને ભારતીય જહાજ નિર્માણ અને આનુષંગિક ઉદ્યોગોમાં નોંધપાત્ર રોજગારીની તકો ઉત્પન્ન થવાની અપેક્ષા છે. આ પ્રોજેક્ટ સરકારના 'આત્મનિર્ભર ભારત' અને 'મેક-ઇન-ઇન્ડિયા' ના વિઝનને મોટો વેગ આપશે, જ્યારે દેશની સ્વદેશી નૌકાદળના જહાજ સમારકામ અને જાળવણી ક્ષમતાઓને મજબૂત બનાવશે.

અમેરિકા ટેક્નોલોજી પર પ્રતિબંધ લાદવા માટે જાસૂસીની વાર્તાઓ ઘડી રહ્યું છે : ચીન

બીજિંગ,

ચીનના જાસૂસી કાવતરાનો ભોગ બનેલા Nvidia બોસ જેન્સેન હુઆંગ હોવાના દાવાઓ બાદ, ચીને યુનાઇટેડ સ્ટેટ્સ પર ચીન પર ટેકનોલોજીકલ "નાકાબંધી" લાદવા માટે બનાવટી જાસૂસી દાવાઓનો ઉપયોગ કરવાનો આરોપ મૂક્યો છે.

"ચીનની ટેકનોલોજીકલ પ્રગતિ સ્વતંત્ર નવીનતા અને ખુલ્લા સહયોગથી ચાલે છે. યુએસ પક્ષે ટેકનોલોજીકલ નાકાબંધી લાદવાના બહાના તરીકે આવા 'જાસૂસી' કથાઓનું નિર્માણ કરવાનું બંધ કરવું જોઈએ," વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે નિયમિત બ્રીફિંગમાં જણાવ્યું હતું.

Nvidia ની સહ-સ્થાપના કરનાર અને તેને AI ને શક્તિ આપતી ચિપ્સના વિશ્વના અગ્રણી સપ્લાયરમાં ફેરવનાર હુઆંગે એલિસ હુઆંગ સાથે લગ્નેત્તર સંબંધ હોવાનું કબૂલ્યું છે.

તેણી સિંગાપોર સ્થિત મેગાસ્પીડમાં ભૂતપૂર્વ એક્ઝિક્યુટિવ હોવાનું કહેવાય છે અને યુએસ અધિકારીઓ દ્વારા માનવામાં આવે છે કે તેણી ચીની ગુપ્તચર માહિતી માટે કામ કરતી હતી.

Nvidia બોસે ચીનને અદ્યતન ચિપ્સના વેચાણ પરના નિયંત્રણો સામે વર્ષો સુધી લોબિંગ કર્યું છે.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગયા વર્ષે Nvidia ના H200 ચિપ્સને નિકાસ માટે મંજૂરી આપી હતી કારણ કે બંને પક્ષોના હોક્સ દ્વારા બેઇજિંગ AI ટેકનોલોજીમાં પ્રભુત્વ મેળવવાની રેસ જીતી શકે છે તેવો ડર હતો. ચીને હુઆંગ પર જાસૂસી કરવાના દાવાઓને "પાયાવિહોણા અટકળો" અને "ચીનને બદનામ કરવાનો પ્રયાસ" ગણાવીને ફગાવી દીધા છે.

હેપ્પી દિવાળી, સામ ભાઈ : સામ પિત્રોડાએ વડાપ્રધાન મોદીને 'ગુજરાતી મિત્ર' ગણાવ્યા

ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના સામ પિત્રોડાએ વડાપ્રધાન મોદીના વખાણ કર્યા

નવી દિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે 'ઇન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસ'ના વડા સામ પિત્રોડા અને તેમનાં પત્ની અંજનાને દિવાળી અને ગુજરાતી નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી. આ પહેલાં કોંગ્રેસ નેતાએ વડાપ્રધાનના સૌમ્ય અને હૂંફાળા સ્વભાવના વખાણ કર્યા હતા અને તેમને 'ગુજરાતી મિત્ર' ગણાવ્યા હતા.

'હેપ્પી દિવાળી અને નૂતન વર્ષ અભિનંદન, સામ ભાઈ'

વડાપ્રધાને 'ઠ' (ટ્વિટર) પર એક પોસ્ટમાં લખ્યું, "સામ ભાઈ અને અંજના બેનને દિવાળી અને



નૂતન વર્ષની શુભકામનાઓ. આવનારું વર્ષ આનંદમય અને સ્વાસ્થ્યપ્રદ રહે તેવી પ્રાર્થના. જય જગન્નાથ!" સામ પિત્રોડાએ વડાપ્રધાન મોદીના વખાણ કર્યા

અગાઉ, સમાચાર એજન્સી IANS સાથેની એક મુલાકાતમાં, પિત્રોડાએ વડાપ્રધાન મોદીના વખાણ કરતાં તેમને એક "સારા વક્તા" ગણાવ્યા હતા અને કહ્યું હતું કે વ્યક્તિગત સ્તરે તેઓ "ખૂબ જ હૂંફાળા, દયાળુ, પ્રેમાળ અને સંભાળ રાખનારા" છે. તેમણે એમ પણ કહ્યું કે વડાપ્રધાન સાથે તેમને કોઈ "વ્યક્તિગત મતભેદ" નથી, અને ભારપૂર્વક જણાવ્યું કે તેમની વચ્ચેના મતભેદો માત્ર વિચારધારાને લગતા છે.

વડાપ્રધાન વિશેના તેમના મંતવ્ય અંગે પૂછવામાં આવતા, પિત્રોડાએ કહ્યું કે તેઓ મોદીનું વ્યક્તિ તરીકે સન્માન કરે છે અને તેમને મહેનતુ માને છે. પિત્રોડાએ કહ્યું, "તેઓ (વડાપ્રધાન મોદી) એક ગુજરાતી મિત્ર છે. હું વ્યક્તિ તરીકે તેમનું સન્માન કરું છું.

ટીએમસી નેતાઅભિષેક બેનર્જીના ઘરે કરાઈ બુલડોઝરની કાર્યવાહી

અભિષેક બેનર્જીના નિવાસસ્થાનની બહાર ઊભું કરાયેલું કામચલાઉ માળખું હટાવી દેવાયું

કોલકાતા,

કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશન (KMC) ના અધિકારીઓએ ગુરુવારે સવારે રાજ્યની રાજધાનીમાં તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના સાંસદ અભિષેક બેનર્જીના નિવાસસ્થાનની બહાર ઊભું કરાયેલું એક કામચલાઉ માળખું હટાવી દીધું. KMC ના અધિકારીઓ સવારે બુલડોઝર લઈને TMC ના મહાસચિવના કાલીઘાટ સ્થિત ઘરે પહોંચ્યા અને સાંસદના ઘરની સામે વાંસમાંથી બનાવેલું માળખું દૂર કર્યું.

આ માળખું ફૂટપાથ પર હતું અને નાગરિક સંસ્થાના અધિકારીઓએ જણાવ્યું કે તેના કારણે ફૂટપાથનો ઉપયોગ કરતા સ્થાનિક લોકોને મુશ્કેલી પડતી હતી. બુલડોઝરની કાર્યવાહી પહેલાં બેનર્જીના ઘરની બહાર કેન્દ્રીય દળોના જવાનોનો મોટો કાફલો તૈનાત કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહી સાંસદના ૩૯મા જન્મદિવસ નિમિત્તે તેમના ઘરની બહાર ભાજપ અને TMC કાર્યકરો વચ્ચે મોડી રાત્રે થયેલી અથડામણના થોડા દિવસો બાદ કરવામાં આવી છે. જેની શરૂઆત બોલાચાલીથી થઈ હતી, તે પછી મારામારી અને પથ્થરમારામાં ફેરવાઈ ગઈ.

અભિષેક બેનર્જીએ આરોપ લગાવ્યો કે તેમના પર જીવલેણ હુમલાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો અને તેમણે ભાજપ સમર્થકો પર નજીકની ઝ્ઝ ઓફિસમાં તોડફોડ કરવાનો આરોપ પણ મૂક્યો.

ઇન્ડોનેશિયાના ઉપરાષ્ટ્રપતિએ સંસદના ઉપલા ગૃહને પોતાનું રાજીનામું સોંપ્યું

ગિબ્રાન રાકાબુમિંગ રાકાના રાજકીય ભવિષ્ય અંગે ઘણા દિવસોથી ચાલી રહેલી અટકળોનો અંત

જાકાર્તા,

ઇન્ડોનેશિયાના ઉપરાષ્ટ્રપતિએ ગુરુવારે સંસદના ઉપલા ગૃહને પોતાનું રાજીનામું સોંપ્યું, જેનાથી તેમના રાજકીય ભવિષ્ય અંગે ઘણા દિવસોથી ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો. આ દરમિયાન, તેમના પિતા અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જોકો વિડોડોએ વર્તમાન નેતા પ્રબોવો સુબિયાંતોને સમર્થન જાહેર કર્યું.

૧૯૯૮માં રાષ્ટ્રપતિ સુહાર્તોના રાજીનામા બાદ ઇન્ડોનેશિયામાં આ સૌથી ચર્ચિત રાજીનામું છે— ગિબ્રાન રાકાબુમિંગ રાકાએ પદ છોડ્યું છે. તેમના આ પગલા બાદ વિડોડો દ્વારા વ્યક્ત કરાયેલું સમર્થન, પ્રબોવો અને તેમના પુરોગામી વિડોડો વચ્ચેના રાજકીય ગઠબંધનમાં જોવા મળતા તણાવને હળવો કરી શકે છે.

મધ્ય જાવાના સોલો શહેરમાં આવેલા પોતાના ઘરની બહાર પત્રકારો સાથે વાત કરતા, અત્યંત લોકપ્રિય વિડોડો (જેઓ 'જોકોવી' તરીકે પણ જાણીતા છે) એ કહ્યું, "અમે રાષ્ટ્રપતિ પ્રબોવોના વહીવટીતંત્રને સમર્થન આપવાનું ચાલુ રાખીશું, ખાસ કરીને એવા કાર્યક્રમોને જે સામાન્ય જનતાના હિતમાં હોય."

ગિબ્રાન અને સંસદસભ્યોની હાજરીમાં, પ્રબોવોએ ગુરુવારે જણાવ્યું હતું કે તેમણે "ભારે હૃદયે"



પોતાના સહયોગીનું રાજીનામું સ્વીકાર્યું છે અને સરકારમાં ગિબ્રાનના યોગદાનની પ્રશંસા કરી હતી. પ્રબોવોએ પોતાના ભાષણમાં કહ્યું, "મને તેમના તરફથી મદદ મળી છે. તેમણે પોતાનું કામ સારી રીતે કર્યું છે." તેમણે ઇન્ડોનેશિયાના વિવિધ વિસ્તારોમાં ગિબ્રાન દ્વારા કરવામાં આવેલા કામો અને તેમના પૂર્વ સહયોગીના "ઉમદા વલણ"નો ઉલ્લેખ કર્યો.

સોલાપુર એરપોર્ટ પર લેન્ડિંગ કરતી વખતે ટ્રેનર એરક્રાફ્ટ રનવે પરથી લપસી ગયું

સોલાપુર,

ગુરુવારે મહારાષ્ટ્રના સોલાપુર એરપોર્ટ પર એક તાલીમ વિમાનનું હાર્ડ લેન્ડિંગ થયું, જેના કારણે તે રનવે પર ફસાઈ ગયું. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

હાર્ડ લેન્ડિંગની ઘટના ત્યારે બની જ્યારે વિદ્યાર્થી પાઇલટ તેની સોલો ક્રોસ-કન્ટ્રી ફ્લાઇટ કરી રહી હતી. "લેડી સ્ટુડન્ટ પાઇલટ તેની ક્રોસ-કન્ટ્રી સોલો ફ્લાઇટ કરી રહી હતી અને તેણીનું હાર્ડ લેન્ડિંગ થયું અને વિમાન રનવે પર ફસાઈ ગયું. કોઈને ઈજા થઈ નથી," રેડબર્ડ એવિએશન ટ્રેનિંગ એકેડેમીના કરણ માનએ જણાવ્યું.

ઘટનાના એક કથિત વીડિયોમાં વિમાન, ટેકનામ પી મેન્ટર, એક તીવ્ર ખૂણા પર ફસાઈ ગયું છે, જેમાં તબીબી ટીમ, ફાયર બ્રિગેડના કર્મચારીઓ અને સુરક્ષા અધિકારીઓ પરિસ્થિતિનો અભ્યાસ કરી રહ્યા છે. ઘટનાસ્થળે એક એમ્બ્યુલન્સ અને ફાયર એન્જિન પણ જોવા મળ્યું હતું.

ઘટના બની ત્યારે તાલીમાર્થી, જ્યોતિ તંવર તરીકે ઓળખાતી, કલબુર્ગી-બારામતી-સોલાપુર-કલબુર્ગીને આવરી લેતા ક્રોસ-કન્ટ્રી રૂટ પર એકલી ઉડાન ભરી રહી હતી. એક પોલીસ અધિકારીએ સમાચાર એજન્સી પીટીઆઈને જણાવ્યું કે, તેણીને તબીબી તપાસ માટે સ્થાનિક હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. વિમાન રનવે પરથી અટકી ગયું ઘટના બાદ ક્ષતિગ્રસ્ત વિમાનને ઘેરી લેવામાં આવ્યું છે.

યુપી વિધાનસભા ચૂંટણી માટે AIMIM અને ASP વચ્ચે ગઠબંધનની જાહેરાત

લખનૌમાં આયોજિત એક પત્રકાર પરિષદમાં ચૂંટણી લડવા માટે સામાજિક પરિવર્તન મોરચાની રચના કરી

લખનૌ,

AIMIMના વડા અસદુદ્દીન ઓવૈસી અને આઝાદ સમાજ પાર્ટી (કાંશીરામ)ના નેતા ચંદ્રશેખર આઝાદે ગુરુવારે (૧૨ નવેમ્બર) ૨૦૨૭ની ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી માટે હાથ મિલાવ્યા છે. AIMIM અને ASP - આ બંને પક્ષોએ ગઠબંધનની જાહેરાત કરી છે અને ચૂંટણી લડવા માટે 'સામાજિક પરિવર્તન મોરચા'ની રચના કરી છે.

લખનૌમાં આયોજિત એક પત્રકાર પરિષદમાં, AIMIMના પ્રમુખ અને લોકસભા સાંસદ અસદુદ્દીન ઓવૈસીની હાજરીમાં ચંદ્રશેખર આઝાદે આ જાહેરાત કરી હતી. ઓવૈસીએ આ ગઠબંધનને "ઉદાર" ગણાવ્યું અને કહ્યું કે તેમાં અન્ય પક્ષો - જેમાં સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસનો પણ સમાવેશ થાય છે - તેઓ પણ જોડાઈ શકે છે. તેમણે કહ્યું કે જે પણ પક્ષ ઉત્તર પ્રદેશમાં ભાજપને ફરી સત્તામાં આવતા રોકવા માંગતો હોય, તે આ ગઠબંધનના સમર્થનમાં ચૂંટણી લડી શકે છે.ઓવૈસીએ એમ પણ કહ્યું કે ૨૦૨૭ની ચૂંટણીમાં ચંદ્રશેખર આઝાદ 'સામાજિક પરિવર્તન મોરચા' (SPM) તરફથી મુખ્યમંત્રી પદના ચહેરા હશે.

મીડિયાને સંબોધતા ઓવૈસીએ કહ્યું, "અમારા પક્ષ વતી, હું કહેવા માંગુ છું કે અમે આ 'સામાજિક પરિવર્તન મોરચા'ને સફળ બનાવવા માટે પ્રતિબદ્ધ છીએ. મને એ જાહેર કરતા ખૂબ આનંદ થાય છે કે અમારા ભાઈ, ચંદ્રશેખર આઝાદ, ઉત્તર પ્રદેશમાં 'સામાજિક પરિવર્તન મોરચા'ના મુખ્યમંત્રી પદના ઉમેદવાર હશે.

અમે બધા સાથે મળીને આ ગઠબંધનને સફળ બનાવવા માટે કામ કરીશું—એવી સફળતા જે આખરે ઉત્તર પ્રદેશની જનતાની સફળતા હશે.

એકવાર ચંદ્રશેખર આઝાદ મુખ્યમંત્રી બની જાય, પછી અમે એવા ફેરફારો અમલમાં મૂકી શકીશું જેની અમે કલ્પના કરી છે.

શેખ હસીનાના આગમન પૂર્વે બાંગ્લાદેશમાં ભારે હોબાળો; ૨૧ જિલ્લાઓમાં હિંસા, બસો અને ટ્રેનોને આગ લગાડાઈ

પોલીસ મુખ્યાલયે આ ઘટનાઓ માટે હસીનાના પક્ષ 'અવામી લીગ'ના સમર્થકોને જવાબદાર ઠેરવ્યા

ઢાકા,

ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીનાએ દેશમાં પાછા ફરવાની જાહેરાત કર્યા બાદ સમગ્ર બાંગ્લાદેશમાં નવી હિંસા ફાટી નીકળી છે. સોમવાર રાતથી મંગળવાર સાંજ સુધીમાં ઓછામાં ઓછા ૨૧ જિલ્લાઓમાં આગચંપી અને તોડફોડની ઘટનાઓ બની છે. તણાવપૂર્ણ વાતાવરણ વચ્ચે બસો અને ટ્રેનના ડબ્બાઓને સળગાવી દેવામાં આવ્યા છે, જ્યારે સરકારી કચેરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓએ તેમના દરવાજા બંધ કરી દીધા છે.

બાંગ્લાદેશ પોલીસ અને ઢાકા મેટ્રોપોલિટન પોલીસના આંકડા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૧૧ જિલ્લાઓમાં ઓછામાં ઓછા ૨૨ વાહનોને આગ લગાવી દેવામાં આવી છે. આ ઉપરાંત, ઢાકા અને અન્ય છ જિલ્લાઓમાં વિવિધ



સ્થળોએ ઓછામાં ઓછા ૨૮ કાચા બોમ્બ (કૂડ બોમ્બ) વિસ્ફોટ થયા હોવાના અહેવાલ છે.

પોલીસ મુખ્યાલયે આ ઘટનાઓ માટે હસીનાના પક્ષ 'અવામી લીગ'ના સમર્થકોને જવાબદાર ઠેરવ્યા છે. પોલીસનો દાવો છે કે, બાંગ્લાદેશમાં પાછા ફરવાની હસીનાની જાહેરાત બાદ જ આ હિંસા શરૂ થઈ છે.

બાંગ્લાદેશ પોલીસ અને સ્થાનિક સત્તાવાળાઓએ આ હુમલાઓ, રસ્તા રોકો આંદોલનો અને આગચંપીની ઘટનાઓ માટે અવામી લીગ અને તેની વિદ્યાર્થી પાંખ 'બાંગ્લાદેશ છાત્ર લીગ'ના કાર્યકરોને જવાબદાર ગણાવ્યા છે.

સૌથી વધુ ગંભીર ઘટનાઓ ઢાકા અને તેની આસપાસના જિલ્લાઓમાં નોંધાઈ છે. રાજધાનીમાં ફાર્મગેટ મેટ્રો સ્ટેશનની નીચે પાર્ક કરેલી એક બસ પર કથિત રીતે પેટ્રોલ બોમ્બ ફેંકીને તેને સળગાવી દેવામાં આવી હતી. મીરપુર-૧૧માં પોસ્ટ ઓફિસ અને મેટ્રો રેલ લાઇન નજીક પણ એક બસને આગ લગાવી દેવામાં આવી હતી, જ્યારે પલ્લબી વિસ્તારમાં રસ્તા કિનારે પાર્ક કરેલી બે બસોને પણ સળગાવી દેવામાં આવી હતી.

ફરીદપુરમાં, એક વાહનને આગ લગાડવાની ઘટનામાં ૫૫ વર્ષીય બસ ડ્રાઇવરનું મૃત્યુ થયું છે. હસીનાની જાહેરાત બાદ રાજકીય તણાવ વધતા, આ ઘટનાઓએ સુરક્ષા અંગેની ચિંતાઓમાં વધુ વધારો કર્યો છે. હસીનાને સત્તા પરથી હટાવવા તરફ દોરી ગયેલા રાજકીય ઉથલપાથલ બાદથી બાંગ્લાદેશ લાંબા સમયથી અશાંતિનો સામનો કરી રહ્યું છે.

ભારતે વિઝા નિયમો સરળ બનાવ્યા; ફોર્મ ૭૦% ટૂંકા થયા, શ્રેણીઓની સંખ્યા ૧૩ થી ઘટાડીને ૯ કરવામાં આવી

નવી દિલ્હી,

ભારત સરકારે બુધવારે વિદેશી નાગરિકો માટે દેશની મુલાકાત લેવાનું સરળ બનાવવા માટે તેના વિઝા માળખામાં મોટા પાયે ફેરફારની જાહેરાત કરી છે, જેમાં મુખ્ય વિઝા શ્રેણીઓની સંખ્યા ૧૩ થી ઘટાડીને ૯ અને પેટા શ્રેણીઓની સંખ્યા ૪૯ થી ઘટાડીને ૨૩ કરવામાં આવી છે. સરકારે પ્રક્રિયાને સરળ બનાવવા અને કાગળકામ ઘટાડવા માટે વિઝા અરજી ફોર્મમાં ક્ષેત્રોની સંખ્યા પણ ૬૫-૭૦ ટકા ઘટાડી છે.

સુધારાઓની જાહેરાત કરતા, ગૃહ મંત્રાલય (સ્ૐછ) એ જણાવ્યું હતું કે આ ફેરફારોનો હેતુ ભારતની વિઝા પ્રણાલીને વધુ સુવ્યવસ્થિત, સુસંગત અને વિદેશી મુલાકાતીઓની જરૂરિયાતો પ્રત્યે પ્રતિભાવશીલ બનાવવાનો છે.

ઓક્ટોબર ૨૦૨૫ માં અગાઉની કવાયત બાદ, જ્યારે સરકારે મુખ્ય વિઝા શ્રેણીઓ ૨૨ થી ઘટાડીને ૧૩ અને પેટા શ્રેણીઓ ૬૩ થી ઘટાડીને ૪૯ કરી હતી, ૨૭ ઓગસ્ટના રોજ નવીનતમ પુનર્ગઠન હાથ ધરવામાં આવ્યું હતું.

સ્ૐછ અનુસાર, ફેરફારો રજૂ કરતા પહેલા સરકારે વિકસિત દેશો અને આંતરરાષ્ટ્રીય ધોરણોમાં વિઝા પ્રણાલીઓનો અભ્યાસ કર્યો હતો. સમાન મુસાફરી હેતુઓનું એકીકરણ અરજદારોને ભારતમાં કાયદેસર વિદેશી મુસાફરીને સરળ બનાવતી વખતે યોગ્ય વિઝા શ્રેણીને વધુ સરળતાથી ઓળખવામાં મદદ કરશે તેવી અપેક્ષા છે.

ટૂરિસ્ટ વિઝાનું નામ બદલીને વિઝિટર વિઝા કરવામાં આવ્યું

એક મુખ્ય ફેરફાર એ છે કે ટૂરિસ્ટ વિઝાનું નામ બદલીને વિઝિટર વિઝા કરવામાં આવ્યું છે, જે પરંપરાગત પર્યટન ઉપરાંત પરવાનગી આપેલી પ્રવૃત્તિઓની વિશાળ શ્રેણીને પ્રતિબિંબિત કરે છે. આને બે પેટા-શ્રેણીઓમાં વહેંચવામાં આવ્યું છે

ફ-૧ વિઝા: બિઝનેસ મીટિંગ્સ, તબીબી પરામર્શ, સુખાકારી રીટ્રીટ, ટૂંકા ગાળાની તબીબી સારવાર અને ભારતીય ભાષાઓ, સંગીત, કલા અને હસ્તકલાના ટૂંકા અભ્યાસક્રમો જેવી ટૂંકા ગાળાની પ્રવૃત્તિઓને આવરી લે છે. તે ૩૦ દિવસ માટે બહુવિધ પ્રવેશો સાથે જારી કરવામાં આવશે.

ફ-૨ વિઝા: પર્વતારોહણ સાથે ફ-૧ શ્રેણી હેઠળ મંજૂરી આપવામાં આવેલી લાંબી મુલાકાતો અને પ્રવૃત્તિઓને આવરી લે છે. તે લાગુ પડે તે રીતે એક, પાંચ અથવા ૧૦ વર્ષની માન્યતા સાથે ઉપલબ્ધ રહેશે. પર્વતારોહણ માટે, છ મહિનાનો બહુવિધ-પ્રવેશ વિઝા જારી કરવામાં આવશે.

મેડિકલ વિઝા જોગવાઈઓ સુવ્યવસ્થિત

સરકારે પરંપરાગત અને આયુષ પ્રણાલી હેઠળ તબીબી સારવાર મેળવવા માંગતા વિદેશી નાગરિકો માટે ૪ પેટા-શ્રેણીઓ સાથે અલગ જોગવાઈઓ જાળવી રાખી છે

સ-૧ વિઝા: આયુષ ઉપચાર સિવાયની તબીબી સારવાર માટે.

સ-૨ વિઝા: સ-૧ વિઝા ધારકો સાથે આવતા એટેન્ડન્ટ્સ માટે.

સ-૩ વિઝા: આયુષ સિસ્ટમ હેઠળ સારવાર માટે.

સ-૪ વિઝા: સ-૩ વિઝા ધારકો સાથે આવતા એટેન્ડન્ટ્સ માટે.

બંને મેડિકલ વિઝા શ્રેણીઓ, તેમના ઈ-વિઝા પ્રકારો સાથે, સામાન્ય રીતે બહુવિધ પ્રવેશો સાથે એક વર્ષ માટે જારી કરવામાં આવશે.

ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે આ વ્યવસ્થા આંતરરાષ્ટ્રીય દર્દીઓને વધુ સુગમતા પ્રદાન કરશે જેમને વિવિધ તબક્કામાં બહુવિધ પરામર્શ, ફોલો-અપ મુલાકાતો અથવા સારવારની જરૂર હોય છે.

૩૫ વર્ષીય ટ્રાવેલ્સ સંચાલક યુવાનનું હાર્ટ એટેકથી મોત

રિપોર્ટ નોર્મલ આવ્યા બાદ મોડી રાત્રે ફરી તકલીફ ઉપડી; પાંચ વર્ષના પુત્રએ પિતાની છત્રછાયા ગુમાવી



રાજકોટઃનવા વર્ષના પ્રારંભે રાજકોટમાં એક કરુણ ઘટના સામે આવી છે. શહેરમાં રહેતા ૩૫ વર્ષીય યુવાનનું હાર્ટ એટેકના કારણે અચાનક મોત નીપજતાં પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. ખાસ કરીને પાંચ વર્ષના પુત્રના માથેથી પિતાની છત્રછાયા છીનવાઈ જતાં પરિવારજનો પર આભ તૂટી પડ્યું છે.

મળતી માહિતી મુજબ, રાજકોટમાં રહેતા મોહિલ ઉર્ફે શિવરાજ ચૌહાણ (ઉં.વ. ૩૫)ને ગઈકાલે બપોરના સમયે છાતીમાં દુખાવો શરૂ થયો હતો. છાતીમાં સતત દુખાવો રહેતાં પરિવારજનોએ તાત્કાલિક તબીબી સલાહ મેળવી હતી અને સાવચેતીના ભાગરૂપે તેમનો ઈસીજી પણ કરાવવામાં આવ્યો હતો. જોકે, ઈસીજીનો રિપોર્ટ સામાન્ય આવતાં પરિવારજનોએ રાહત અનુભવી હતી. દરમિયાન મોડી રાત્રિના સમયે શિવરાજને ફરી એકવાર છાતીમાં અસહ્ય દુખાવો ઉપડ્યો હતો. અગાઉની તકલીફ બાદ ફરી દુખાવો શરૂ થતાં પરિવારજનો ચિંતામાં મુકાયા હતા. તેમની તબિયત વધુ લથડતી જણાતાં તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ એમ્બ્યુલન્સ મારફતે તેમને સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. સિવિલ હોસ્પિટલમાં ફરજ પરના તબીબોએ યુવાનની પ્રાથમિક તપાસ હાથ ધરી હતી, પરંતુ કમનસીબે સારવાર મળે તે પહેલાં જ તેમનું મોત નીપજ્યું હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું. હાર્ટ એટેકના કારણે યુવાનનું અકાળે અવસાન થયાની જાણ થતાં પરિવારજનો પર દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો. હોસ્પિટલ પરિસરમાં પણ ગમગીનીભર્યાં દૃશ્યો સર્જાયાં હતાં.

નવા વર્ષના આરંભે જ પરિવારે ઘરના યુવાન સભ્યને ગુમાવતાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. મૃતકને સંતાનમાં પાંચ વર્ષનો એક પુત્ર હોવાનું જાણવા મળ્યું છે. નાની ઉંમરે પિતાની છત્રછાયા ગુમાવનાર બાળક અને પરિવારજનોની હાલત જોઈ ઉપસ્થિત લોકો પણ ભાવુક બની ગયા હતા. નવા વર્ષની ખુશીઓ વચ્ચે બનેલી આ ઘટનાએ પરિવાર માટે ખુશીના પ્રસંગને માતમમાં ફેરવી નાખ્યો છે.

મારી સાથે સંબંધ કેમ રાખ્યો નથી કહી યુવકને માર માર્યો

'તું મારા મિત્રની બહેન સાથે સંબંધ રાખે છે તે મને ગમતું નથી',ગાળો બોલી લોખંડના પાઈપથી માર્યો

રાજકોટઃરાજકોટમાં રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા યુવાને તેના મિત્રને તેની સાથે સબંધ રાખવા મનાઈ કરતા ઢીકાપાટુનો માર મારી છોડાવવા વચ્ચે પડેલા યુવકના પિતરાઈ ભાઈને લોખંડના પાઈપ વડે માર મારી ઈજા પહોંચાડવામાં આવતા માલવિયાનગર પોલીસે બે શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે આરોપી દ્વારા ફરિયાદી યુવકના મિત્રની બહેન સાથે સબંધ રાખતો હોય જે વાત પસંદ ન હોય જેથી ફરિયાદીએ આરોપી સાથે બોલવાનું બંધ કરી દેતા રોષે ભરાયેલ આરોપીએ યુવકને માર માર્યો હતો.

ફરિયાદી સંજયભાઈ દિનેશભાઈ માત્રાણીએ જણાવ્યું હતું કે, હું રિક્ષા ચલાવી મારા પરિવારનું ગુજરાન ચલાવું છું. ગઈકાલે ૧૧ નવેમ્બર ભાઈબીજના દિવસે સાંજે ૮ વાગ્યા આસપાસ હું મારા મામાના ઘરે હતો ત્યારે અજાણ્યા નંબર પરથી મને ફોન આવ્યો અને કહ્યું કે "હું ઘટલો બોલુ " આમ કહી જેમ ફાવે તેમ ગાળો આપવા લાગ્યો અને મને કહ્યું કે મારી સાથે વાત કેમ કરતો નથી જેથી મે કહ્યું કે તું મારા મિત્રની બહેન સાથે સંબંધ રાખે છે તે મને ગમતું નથી જેથી આ ઘટલાએ ફોન કટ કરી નાખ્યો હતો.

'ત્યારબાદ હું મારા મામાના ઘરે જ હતો ત્યારે રાતના ૮:૪૫ વાગ્યા આસપાસ ઘટલો ઉર્ફે રાજ પંડ્યા તથા તેનો મિત્ર હાર્દિક ઉર્ફે કાળીયો બંને મારા મામાના ઘરે આવ્યા હતા. મને ઘરની બહાર બોલાવી મારી સાથે બોલાચાલી કરવા લાગ્યા હતા અને ગાળો આપી ઢીકાપાટુનો માર મારવા લાગ્યા. જેથી હું દેકારો કરવા લાગતા મારા મામાનો દિકરો હિરેન તથા મારા ભાભી બહાર આવીને મને છોડાવવા માટે વચ્ચે પડતા આ ઘટલો ઉર્ફે રાજે તેની પાસે રહેલ લોખંડના પાઈપથી મારા મામાના દિકરા હિરેનના જમણા પગના સાથળના ભાગે મારી દીધો હતો અને મારા ભાભીને જેમ ફાવે તેમ ગાળો આપવા લાગ્યો હતો.'

આસપાસ લોકો એકઠા થઈ જતા બન્ને જણા ત્યાંથી નાસી છૂટ્યા હતા જેથી અમે પોલીસ ફરિયાદ કરવા માલવિયાનગર પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. હાલ માલવિયાનગર પોલીસે બંને શખ્સો વિરુદ્ધ BNS કલમ ૧૧૫(૨), ૩૫૨, અને ૫૪ વિરુધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માઉન્ટ આબુમાં રાજકોટના પર્યટકોની ટેમ્પો ટ્રાવેલર ખાડામાં ખાબકી

૪થી વધુ લોકોને ઈજા, ટ્રોમા સેન્ટરમાં ખસેડાયા



પાલનપુર:રાજસ્થાનના માઉન્ટ આબુમાં રાજકોટથી આવેલા પર્યટકોની ટેમ્પો ટ્રાવેલર શનિ મંદિર પાસે ડિવાઈડર સાથે અથડાઈને રસ્તા પાસેના ખાડામાં ખાબકી હતી. અકસ્માતમાં ૪થી વધુ લોકોને ઈજા થઈ હતી. તેમને આબુરોડના ટ્રોમા સેન્ટરમાં સારવાર માટે ખસેડાયા હતા.

પર્યટકો માઉન્ટ આબુની મુલાકાત પૂરી કરીને ટેમ્પો ટ્રાવેલરમાં રાજકોટ પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. વાહન પહેલા ડિવાઈડર સાથે અથડાયું અને પછી ખાડામાં ખાબક્યું.

અકસ્માતની જાણ થતાં આસપાસના લોકો અને સ્થાનિક ટેક્સી યુનિયનના સભ્યો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તેમણે વાહનમાં ફસાયેલા પર્યટકોને બહાર કાઢવામાં મદદ કરી હતી. ટેમ્પો ટ્રાવેલર ખાડામાં જ અટકી ગઈ હતી.ઈજાગ્રસ્તોને આબુરોડના ટ્રોમા સેન્ટરમાં સારવાર માટે લઈ જવાયા હતા. કેટલાકને સામાન્ય ઈજા થઈ હતી, જ્યારે વધુ ઈજા પામેલા લોકોને તબીબી સારવાર આપવામાં આવી હતી.

મુખ્યમંત્રીના લોકાર્પણના ૨ મહિના બાદ પણ મનપાના પાર્ટી-પ્લોટ પર તાળાબંધી!

રાજકોટઃરાજકોટ મનપા દ્વારા નાગરિકોની સુવિધા માટે કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવેલા સૌપ્રથમ પાર્ટી પ્લોટનું બે મહિના પહેલા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનાં હસ્તે લોકાર્પણ થયું હતું. જોકે તેને બે મહિના જેટલો લાંબો સમય વીતી જવા છતાં હજુ સુધી તે પ્રજાના ઉપયોગ માટે ખુલ્લો મૂકવામાં આવ્યો નથી. આ પાર્ટી પ્લોટમાં મહામહેનતે વીજળીનું કનેક્શન આવી ચૂક્યું છે પરંતુ, ભાડા નક્કી કરવાનાં બાકી હોવાથી બુકીંગ શરૂ કરવામાં આવ્યું નથી.

બીજી તરફ મનપાનાં તમામ કોમ્યુનિટી હોલ અત્યારથી જ બુક થઈ ચૂક્યા હોવાથી આગામી સિઝન માટે લોકો મસમોટા ભાડા ખર્ચી ખાનગી પાર્ટી પ્લોટ કે કોમ્યુનિટી હોલ ભાડે રાખવા મજબૂર બન્યા છે. જોકે મનપાનાં પાર્ટી પ્લોટનું બુકીંગ દિવાળી બાદ શરૂ થવાની શકયતા એસ્ટેટ વિભાગના મેનેજર મેહુલ ગાંધીએ વ્યક્ત કરી છે.

માંડ વીજ કનેક્શન મળ્યું તો હવે ભાડુ નક્કી કરવામાં ઠાગાઠૈયા, બુકિંગ ખોલવા રાજકોટ મનપાની મંજૂરીની રાહ

પ્રાપ્ત વિગત મુજબ ખાનગી પાર્ટી પ્લોટના અસહ્ય અને આસમાને પહોંચેલા ભાડા સામાન્ય પરિવારોને જરાય પોસાતા ન હોવાથી, લાંબા સમયથી મનપા કોમ્યુનિટી હોલની જેમ વ્યાજબી દરના પાર્ટી પ્લોટ પણ ઉભા કરે એવી માંગ લોકોમાં ઉઠી હતી. જેને ધ્યાનમાં રાખીને જ ગત વર્ષના બજેટમાં ત્રણેય ઝોનમાં એક-એક પાર્ટી પ્લોટ બનાવવાની ખાસ જોગવાઈ કરવામાં આવી હતી. આ પૈકી કાલાવડ રોડ ઉપર તાલુકા પોલીસ સ્ટેશનની સામે રંગોલી પાર્ક સામેની જગ્યામાં અંદાજે ૨ કરોડના ખર્ચે અત્યાધુનિક પાર્ટી પ્લોટનું નિર્માણ કરી આશરે બે મહિના પૂર્વે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં હસ્તે ઈ-લોકાર્પણ કરાયું હતું.

જોકે હકીકત એ છે કે આજદિન સુધી સામાન્ય જનતાને આ પાર્ટી પ્લોટનો એક પણ ફાયદો મળ્યો નથી. તંત્રની ઉદાસીનતા અને બેદરકારીનું સ્તર એવું રહ્યું કે અત્યાર સુધી આ પ્લોટમાં પ્રાથમિક જરૂરિયાત ગણાતું વીજ જોડાણ સુદ્ધાં મળતું ન હતું. હવે માંડ વીજ કનેક્શન મળ્યું છે, પરંતુ સામે નવી મુશ્કેલી એ ઊભી થઈ છે કે હજુ સુધી પાર્ટી પ્લોટનું ભાડું, જુદી-જુદી સુવિધાઓના ચાર્જ, ડિપોઝિટ અને બુકિંગની પ્રક્રિયા અંગેની કોઈ ચોક્કસ દર નીતિ મનપા દ્વારા નક્કી જ કરવામાં આવી નથી. આ પ્લોટનું ભાડું અને બુકિંગ અંગેની ફાઇનલ દરખાસ્ત તૈયાર થઈને સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મંજૂરી માટે જશે, ત્યારબાદ જ આ પાર્ટી પ્લોટનું અધિકૃત બુકિંગ સામાન્ય લોકો માટે ઓપન થઈ શકશે.

રાજકોટના યુવકોએ દારૂના નશામાં અમદાવાદમાં દંપતીને ટક્કર મારી

વર્ના કારમાંથી દારૂની બોટલ મળતા સ્થાનિકોએ મેથીપાક ચખાડી ડ્રાઈવરને પોલીસને સોંપ્યો

અમદાવાદઃઅમદાવાદના નાના ચિલોડા રોડ પર ૧૧ નવેમ્બરના બપોરના સમયે નશામાં ધૂત કારચાલકે એક ટુ-વ્હીલર પર જઈ રહેલા દંપતીને ટક્કર મારી હતી. અકસ્માત કરનારની કારમાંથી દારૂની બોટલો મળી આવતા સ્થાનિકોનો રોષે ભરાયા હતાં અને કારચાલકને ગાળો ભાંડી માર્યો હતો. બનાવની જાણ થતા પોલીસ સ્થળ પર પહોંચી હતી અને કારચાલક યુવકની ધરપડક કરી છે.

નાના ચિલોડા રોડ પર બપોરના સમયે એક વર્ના કારે પૂર ઝડપે એક્ટિવા પર જઈ રહેલા દંપતીને ટક્કર મારી હતી. ટક્કર વાગતા દંપતી નીચે પડ્યા હતા. અકસ્માત થતાં આસપાસના લોકો ભેગા થયા હતા. આ દરમિયાન લોકોએ ગાડીમાં તપાસ કરતા એક ડ્રાઈવર અને અન્ય વ્યક્તિ મળી આવ્યો હતો. ગાડીમાંથી દારૂની બોટલ પણ મળી આવી હતી. સ્થાનિકોએ ભેગા થઈને અકસ્માત કરનાર કારચાલકને મેથીપાક આપ્યો હતો.

અકસ્માત અંગે પોલીસને જાણ કરતા પોલીસ સ્થળ પર પહોંચી હતી. પોલીસે તપાસ કરતા બંને નશાની હાલતમાં હતા, જેથી તેમને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા. પોલીસ તપાસ દરમિયાન બંને રાજકોટના હોવાનું સામે આવ્યું હતું. આ અંગે નરોડા પોલીસે કારના ડ્રાઈવર ચિરાગ ગાંગાણી અને બાજુમાં બેઠેલા ગૌતમ ગોહિલ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ગોંડલના ત્રાકુડામાં મહિલાની હત્યાનો આરોપી ગણતરીના કલાકોમાં ઝડપાયો

ગોંડલઃ



કામ બાબતે બોલાચાલી થતાં ભાગિયાએ માથામાં પાવડાના ઘા ઝીંકી હત્યા નીપજાવી

રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના ત્રાકુડા ગામની સીમમાં જોશનાબેનની હત્યા થઈ હતી. ગોંડલ તાલુકા પોલીસે ગણતરીની કલાકોમાં મધ્યપ્રદેશના આરોપી રાજુ રમેશભાઈ ડોડીયારને પકડી લીધો છે. પોલીસે ગુનામાં વપરાયેલો પાવડો પણ કબજે કર્યો છે.પોલીસના જણાવ્યા મુજબ, રાજુ ડોડીયાર (ઉંમર ૨૯) ફરિયાદી જીતેન્દ્રભાઈની વાડીએ ભાગિયા તરીકે કામ કરતો હતો. તે મધ્યપ્રદેશના જાબુઆ જિલ્લાના પીટોલ તાલુકાના ચૌરા ગામનો રહેવાસી છે. ફરિયાદીની માતા જોશનાબેન અને રાજુ વચ્ચે કામ બાબતે અવારનવાર બોલાચાલી થતી હતી.

ઘટનાના દિવસે કામ બાબતે બોલાચાલી થતાં રાજુએ જોશનાબેનના માથા અને શરીર પર પાવડાના ઘા માર્યા હતા. ગંભીર ઈજાઓને કારણે તેમનું મોત થયું હતું. ત્યારબાદ જીતેન્દ્રભાઈ સાથે ઝપાઝપી કરીને રાજુ ત્યાંથી ભાગી ગયો હતો. આ અંગે ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય અને રાજકોટ ગ્રામ્યના પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ પોલીસે ટેક્નિકલ સોર્સ અને હ્યુમન ઇન્ટેલિજન્સની મદદથી આરોપીને પકડ્યો હતો. પુરાવા એકત્ર કરવાની કામગીરી ચાલુ છે.

આ કામગીરીમાં ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનના પી.આઈ. યુ.આર. ડામોર, પી.એસ.આઈ. આર.જે. જાડેજા, એ.એસ.આઈ. વિરમસિંહ સરદારસિંહ અને એ.એસ.આઈ. કર્મરાજસિંહ અનિરુદ્ધસિંહ જોડાયા હતા.તેમની સાથે હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહ દાણુભા, પંકજભાઈ હરજીભાઈ અને અજયસિંહ પ્રવિણસિંહ, તેમજ પોલીસ કોન્સ્ટેબલ અરવિંદભાઈ પોપટભાઈ, જયદીપસિંહ જોરૂભાઈ અને ભગીરથસિંહ નાગભાઈ પણ હતા.

ઉપલેટામાં સમાધાન માટે ભેગા થયેલા બે જૂથ વચ્ચે મારામારી

છ વ્યક્તિઓને ગંભીર ઈજા,સામસામે નવ શખ્સો સામે ફરિયાદ

રાજકોટઃઉપલેટા શહેરમાં સામે જોવા જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલી બાદ સમાધાન માટે ભેગા થયેલા બે જૂથ વચ્ચે મધ્યરાત્રિએ સશસ્ત્ર અથડામણ સર્જાઈ હતી. ઉપલેટાના ગાભા બજારમાં પાપાવળીયાના ઓટલા પાસે બુધવારે રાત્રે સાડા બાર વાગ્યે ધારીયા અને લોખંડના પાઈપ વડે સામસામે મારામારી થઈ હતી. આ હુમલામાં બન્ને પક્ષના કુલ છ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચતા હોસ્પિટલમાં ખસેડાયા હતા અને ઉપલેટા પોલીસ મથકે સામસામે કુલ નવ ઈસમો વિરુદ્ધ ગુનો નોંધાયો છે.

ઘટનાની વિગતો મુજબ, તારીખ ૧૦ નવેમ્બર ૨૦૨૬ના રોજ બપોરે ચારેક વાગ્યે કટલેરી બજારમાં સેવન એવન્યુ સાઈટ પાસે અનસાર ફુલારા અને અબરાર ફુલારા ઉભા હતા. ત્યારે ત્યાંથી નીકળેલા કૌશલ હડફા અને બકતીયાર હડફા સાથે સામે ડોળા કાઢીને જોવા બાબતે બોલાચાલી અને ઝપાઝપી થઈ હતી. આ બાબતે સમાધાન કરવા રાત્રે સાડા બાર વાગ્યે બન્ને પક્ષના વ્યક્તિઓ ગાભા બજારમાં પાળિયાના ઓટલા પાસે ભેગા થયા હતા, જ્યાં ગાળાગાળી બાદ ઉગ્ર મારામારી થઈ હતી.

પ્રથમ ફરિયાદમાં વેપારી અનસાર અલ્તાફભાઈ ફુલારાએ ચાર શખ્સો મક્કિ ઉર્ફે લાલો રફીકભાઈ હડફા, નવેદ હાજીખાલીદ હડફા, કૌશલ હાજીખાલીદ હડફા અને બકતીયાર હાજીખાલીદ હડફા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. સમાજમાં ખોટી વાતો કરવાના વહેમ અને બપોરની બોલાચાલીનું મનદુઃખ રાખી નવેદે ધારીયાથી અબરારના માથામાં ઘા મારતા છ ટાંકા આવ્યા હતા, જ્યારે લાલાએ ધારીયાથી અબરારના ડાબા કાંડામાં અને સબીર નાગાણીના માથામાં ઘા મારી ચાર ટાંકાની ઈજા કરી હતી. ઉપરાંત કૌશલે લોખંડના પાઈપથી માર માર્યો હતો અને અશરફ કપડવંજને પગમાં મુંઢ ઈજા થઈ હતી. ઘવાયેલા અબરાર અને સબીરને ઉપલેટા સરકારી દવાખાનેથી વધુ સારવાર અર્થે જૂનાગઢ રીફર કરાયા હતા.

સામા પક્ષે વેપારી નવેદ હાજીખાલીદ હડફાએ પાંચ શખ્સો અબરાર અકિલભાઈ ફુલારા, અનસાર અલ્તાફભાઈ ફુલારા, સબીર ઉર્ફે સબીરબાપુ અકબરઅલી નાગાણી, સાબીર ઉર્ફે ભોલો ઈકબાલભાઈ સોડવડી અને અસરફ ઉર્ફે ભાણો હારૂનભાઈ કપડવંજ સામે વળતી ફરિયાદ નોંધાવી છે. જે મુજબ, સાબીર ઉર્ફે ભોલાએ ધારીયું અને અનસારે લોખંડનો પાઈપ મારતા નવેદને માથામાં દસ ટાંકા આવ્યા હતા. તેમજ અનસારે પાઈપ ફટકારતા કૌશલને ડાબા કાંડા અને જમણી કોણીએ ફ્રેક્ચર થયું હતું, જ્યારે અબરાર અને અનસારે બકતીયારને જમણી આંખ પાસે પાઈપ મારી ગંભીર ઈજા પહોંચાડતા ત્રણેય ભાઈઓને શ્રીજી હોસ્પિટલમાં ખસેડાયા હતા.આ બાબતમાં બન્ને ફરિયાદીઓની ફરિયાદો નોંધી છ જેટલા વ્યક્તિઓની અટકાયત કરી છે અને બાકી સારવાર હેઠળ છે ત્યારે આ બાબતની તપાસ ઉપલેટા પોલીસ સ્ટેશનના પી.આઈ. એચ.એમ. ધાધલે આગળની તપાસ અને કાર્યવાહી હાથ ધરી છે.

પુષ્કરધામ રોડ પર ક્વાર્ટરમાંથી રૂા.૭.૯૧ લાખના અંગ્રેજી દારૂ સાથે ચાર પકડાયા

પોલીસે આફતાબ પઠાણ, આદિના મકરાણી, મુસ્તુફા મીરજા અને મોહન ટમટાને ઝડપી, કુલ રૂ. ૧૫.૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

રાજકોટ : પુષ્કરધામ મેઈન રોડ પર આવેલી કેવલમ્ સોસાયટીની સામે આર.એમ.સી. આવાસ યોજનાના ક્વાર્ટર નીચે રૂમમાંથી તેમજ કાર અને ત્રણ સ્કૂટરમાંથી રૂા.૭.૯૧ લાખના અંગ્રેજી દારૂના જથ્થા સાથે ગાંધીગ્રામ - ૨ પોલીસે આરોપી કાર ચાલક આફતાબ હમીદખાન પઠાણ (ઉ.વ. ૨૫, રહે.પ્રાંગધ્રા), આદિના ઈકબાલભાઈ મકરાણી (ઉ.વ. ૩૨, રહે. કે.જી.એમ. પાર્ક મો૨બી), મુસ્તુફા ઈન્તીયાઝભાઈ મીરજા (ઉ.વ. ૨૧, રહે. રામનાથપરા) અને મોહન રમેશભાઈ ટમટા (ઉ.વ. ૨૨, રહે. કે.કે.વી. હોલ પાસ પલ પાન પ્લાઝા કોમ્પ્લેક્ષ)ને પકડી લીધા હતાં.

પોલીસે બાતમીના આધારે આવાસ યોજના ક્વાર્ટરમાં બ્લોક નં. ૧૦ ક્વાર્ટર નંબર ૧૩૭૭ પાસે દરોડો પાડી એક સ્વીફ્ટ કાર અને ત્રણ સ્કૂટર સાથે ચારે'ય આરોપીઓને પકડી પાડ્યા હતા. તલાશી લેતાં કારમાંથી અંગ્રેજી દારૂની રૂા. ૮૬ હજારની કિંમતની ૪૮૦ બોટલ તેમજ ત્રણ સ્કૂટરમાંથી દારૂની ૩૮૪ બોટલ મળી આવી હતી.

ચારે'યની પૂછપરછમાં બંધ ક્વાર્ટરમાંથી દારૂનો જથ્થો લઈ આવ્યાની કબૂલાત આપતાં ક્વાર્ટરમાં નીચે એક લોખંડનું ઢાંકણું ખોલીને જોતાં પોલીસ પણ ચોંકી ઊઠી હતી. તપાસ કરતાં જેમાં એક રૂમ બનાવેલો હતો. તેમાંથી અંગ્રેજી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે કાર ત્રણ સ્કૂટર અને રૂા.૭.૯૧ લાખની કિંમતની અંગ્રેજી દારૂની ૪૩૯૯ બોટલ મળી કુલ રૂા. ૧૫.૫૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. બુટલેગર અમન જાકીરભાઈ પરમાર (રહે. આર.એમ.સી. ક્વાર્ટર, કેવલમ્ રેસીડેન્સી સામે)નું નામ ખુલતા શોધખોળ હાથ ધરી છે. પોલીસે ચારે'ય આરોપીઓની ધરપકડ કરી દોઢ દિવસના રિમાન્ડ મેળવી વધુ પૂછપરછ હાથ ધરી છે

શાપર ગામના રહેણાંક વિસ્તારમાં બંધ મકાનમાં ચોરી

રાજકોટઃશાપર ગામના રહેણાંક વિસ્તારમાં બંધ મકાનમાં ચોરીની આશંકા છે. મકાનમાલિક ઘરે પરત ફર્યા ત્યારે મુખ્ય દરવાજો અંદરથી બંધ હતો. દરવાજો ન ખૂલતાં તેમણે સ્થાનિકોની મદદ લીધી હતી.સ્થાનિકોની મદદથી દરવાજો ખોલીને મકાનમાલિક અંદર ગયા ત્યારે બે રૂમના દરવાજાના હૂક તૂટેલા હતા. કબાટનો સામાન અને ઘરવખરી વેરવિખેર હતાં. આ સ્થિતિ જોઈને તેમને ચોરી થઈ હોવાની શંકા ગઈ હતી.

મળતી માહિતી મુજબ, બનાવ વખતે મકાનમાં કોઈ હાજર ન હતું. તસ્કરો પાછળના ભાગેથી ઘરમાં ઘૂસ્યા હોવાનું પ્રાથમિક અનુમાન છે. રૂમમાં કબાટનો સામાન ફંફોસવામાં આવ્યો હોવાનું પણ જણાય છે.ચોરી રાત્રે થઈ હોવાની આશંકા છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, બે દિવસ પહેલાં મોડી રાત્રે વિસ્તારમાં કૂતરાં ભસવાનો અવાજ સંભળાયો હતો. આ અવાજ અને ચોરી વચ્ચે કોઈ સંબંધ છે કે કેમ તેની માહિતી સામે આવી નથી.

ચોરી કયા સમયે થઈ અને તસ્કરો કયા રસ્તે ઘરમાં ઘૂસ્યા તે અંગે હાલ અનુમાન છે. ઘરમાંથી કઈ વસ્તુઓ ચોરાઈ અને ચોરાયેલા સામાનની કુલ કિંમત કેટલી છે, તેની વિગતો પણ સામે આવી નથી.

રાજકોટ-સરધાર રોડ પર અકસ્માતમાં એકનું મોત

બે કાર સામ-સામે અથડાઈ, ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા



રાજકોટઃરાજકોટ-સરધાર રોડ પર આશીર્વાદ રેસિડેન્સી અને બજરંગ ભજીયા એન્ડ ગાંઠીયા હાઉસ પાસે ઈનોવા અને વેગનઆર કાર સામસામે અથડાઈ હતી. અકસ્માતમાં અમરેલીના ૩૮ વર્ષના અશોકભાઈ પ્રવીણભાઈ પંડ્યાનું રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું. અન્ય લોકો ઘાયલ થયા છે.

મળતી માહિતી મુજબ, અશોકભાઈ સાંજે આશરે ૪:૩૦ વાગ્યે પોતાની કાર લઈને રાજ સમઢિયાળા ગામ નજીકથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન સામેથી આવતી કાર સાથે તેમની કાર અથડાઈ હતી. અશોકભાઈને માથા અને શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજા થઈ હતી.

સ્થાનિક લોકો તેમને બેભાન હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં લઈ ગયા હતા. સારવાર દરમિયાન સાંજે ૬:૧૧ વાગ્યે તેમનું મોત થયું.

અકસ્માતમાં ઈનોવા કાર નંબર GJ-14-AK-1510 અને વેગનઆર કાર નંબર GJ-14-AP-2595 સામેલ હતી. ઘાયલોમાં ચિરાગભાઈ સુતરીયા, હરિતાબેન ચિરાગભાઈ અને ઉપાસનાબેન અશોકભાઈ પંડ્યાનો સમાવેશ થાય છે. તેમને સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયા હતા.

ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને વાહનવ્યવહાર ફરી શરૂ કરાવ્યો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલ્યો હતો.